ISSN-0971-8400

યોજના

આયોજન અને વિકાસને સમર્પિત

વર્ષ : ૩૫ અંક : ૬ સપ્ટેમ્બર - ૨૦૦૮ સળંગ અંક : ૬૯૩

Vol. XXV No. VI

મુખ્ય તંત્રી શેફાલી બી.સરન

ગુજરાતી આવૃત્તિના સંયુક્ત નિદેશક મનીષા વર્મા

તંત્રી ભરત દેવમણિ

આયોજન અને વિકાસને વાચા આપતું આ માસિક ગુજરાતી, અંગ્રેજી, આસામી, તામિલ, તેલુગુ, બંગાળી, મલયાલમ, ઉર્દૂ, હિંદી, કન્નડ, પંજાબી અને ઉડિયા ભાષામાં પ્રકાશિત થાય છે.

યોજનામાં પ્રગટ થતા લેખોમાંના મંતવ્યો લેખકના પોતાના છે. તેના સાથે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં.

યોજનાના લેખો સાભાર નોંધ સાથે પુનર્મુદ્રિત કરી શકાય છે.

| | | |
|---|---|---|
| છૂટક નકલ | રૂ. | ૧૦-૦૦ |
| વાર્ષિક લવાજમ | રૂ. | ૧૦૦-૦૦ |
| બે વર્ષ | રૂ. | ૧૮૦-૦૦ |
| ત્રણ વર્ષ | રૂ. | ૨૫૦-૦૦ |

લવાજમની રકમ **"S.B.I. A/c. No. 515-08-10, Yojana (Guj.)** ના નામે ચેક/મની ઑર્ડર/બેંક ડ્રાફટથી મોકલી શકાશે. લવાજમ મોકલવાનું સરનામું :

**યોજના કાર્યાલય**
અંબિકા કોમ્પલેક્ષ, યુ.કો. બૅંકની ઉપર,
પાલડી ચાર રસ્તા પાસે,
અમદાવાદ - ૩૮૦ ૦૦૭.
૨૬૫૮૮૬૬૯ (કાર્યાલય)

# વિષય સૂચી


| | | |
|---|---|---|
| (૧) ગ્રામસભાને જંગલ અધિકારોની માન્યતા | માન.મણિશંકર ઐયર | ૨ |
| (૨) જંગલ જમીનનો કાયદો | શંકર ગોપાલકૃષ્ણન | ૬ |
| (૩) જંગલ અધિકાર : દંતકથાઓ અને વાસ્તવિકતા | સંજય ઉપાધ્યાય | ૯ |
| (૪) જંગલ અધિકાર ધારો, ૨૦૦૬ | - | ૧૩ |
| (૫) વનવાસીને જમીન - વાઘ બચાવો : શક્ય છે ? | પી.કે.સેન | ૨૦ |
| (૬) જંગલ સંપત્તિનું મૂલ્ય અને કાયદાઓ | હિંમત સેજલિયા | ૨૨ |
| (૭) આદિવાસી વિસ્તારમાં સહકારી પ્રવૃત્તિ | દિલીપ વજાણી | ૨૪ |
| (૮) જંગલોની સમીક્ષા અને મેપિંગ પદ્ધતિ | કલ્પના પાલખીવાલા | ૨૯ |
| (૯) જંગલ પેદાશ આધારિત ઉદ્યોગોનો વિકાસ | ડી.એમ.રોહિત | ૩૦ |
| (૧૦) ભારતીય અર્થતંત્રમાં થયેલ વૃદ્ધિ અને વિકાસ | અશ્વિન પ્રજાપતિ | ૩૩ |
| (૧૧) ભારતીય કૃષિક્ષેત્ર | આર.કે.વારોતરિયા | ૩૬ |
| (૧૨) આંતરરાષ્ટ્રીય પરમાણુ ઉર્જા એજન્સી | ભરતકુમાર ઠાકર | ૩૯ |
| (૧૩) સિંગલ પીસ વેચાણ | ચંદ્રકાન્ત ચૌહાણ | ૪૧ |
| (૧૪) ઇશ્વરનું ગામ : પેટલી | સ્વપ્નિલ મહેતા | ૪૩ |
| (૧૫) વિશ્વના વિકલાંગ યોદ્ધાઓ | યશવંત કડીકર | ૪૬ |
| (૧૬) ભારતમાં માનવ મૂડી વિકાસ | અશોક પટેલ | ૪૯ |
| (૧૭) પર્યાવરણ શિક્ષણ | દિક્ષિતકુમાર પટેલ | ૫૧ |


## ટાઈટલ


| | | |
|---|---|---|
| ● આવરણ ડિઝાઈન | - | ૧ |
| ● યોજના જાહેરાત | - | ૨ |
| ● આપનો મત | ગુલાબચંદ પટેલ | ૩ |
| ● પ્રકાશન વિભાગના ગુજરાતી પુસ્તકો | - | ૪ |


**Website Address : Publicationdivision.nic.in**
**E-mail Address : (a) dpd@sb.nic.in (b) dpd@hub.nic.in**

# ગ્રામસભા તેમજ અનુસુચિત જનજાતિ અને પરંપરાગત અન્ય વનવાસીઓને જંગલ અધિકારોની માન્યતા

માનનિય મણિશંકર ઐયર

*આ અધિનિયમની મદદથી કેન્દ્ર સરકારે જંગલ અધિકારોનો મુદ્દો જંગલ વસાહતીઓ પર જ છોડ્યો છે. તેમાં જંગલમાં વસવાના અધિકાર, જંગલમાં ખેતી, તેમજ જંગલ પેદાશો એકત્રિત કરવા જેવા અધિકારોનો સમાવેશ કરવા તેમ જ જંગલ વસાહતો ખાલી કરાવવાના કિસ્સામાં યોગ્ય પુનઃવસનના અધિકારો પણ આપવામાં આવ્યા છે. સૌથી મહત્વની વાત એ છે કે આ કાયદા હેઠળ સામુહિક જંગલ સંપત્તિ, સાંસ્કૃતિક-જૈવિક વૈવિધ્યની જાળવણીની જવાબદારી પણ વનવાસીઓ અને ગ્રામસભાને આપવામાં આવી છે. સામુહિક જંગલ સંપત્તિઓ સુધીના પહોંચના નિયમન તેમજ વન /વનપ્રાણી/ જંગલ વૈવિધ્ય પર વિપરીત અસરો જન્માવતી પ્રવૃત્તિ રોકવાની સત્તા પણ ગ્રામસભાને આપવામાં આવી છે. જે વનવાસીઓને આ કાયદાના અમલ પહેલાં ગેરકાયદે રીતે તેમના વસવાટના સ્થાન ખાલી કરવાની ફરજ પાડવામાં આવી હોય કે પછી પુનઃવસનની વ્યવસ્થા પણ પુરી પાડવામાં ના આવી હોય તેઓ પુનઃવસનના અધિકારી રહેશે. પુનઃવસનના અધિકારમાં વૈકલ્પિક જમીન ફાળવણીનો પણ સમાવેશ થશે.*

૧૩ ડિસેમ્બર, ૨૦૦૫ના રોજ અનુસુચિત જનજાતિ (જંગલ અધિકારોને માન્યતા) વિધેયક, ૨૦૦૫ ને સંસદમાં રજુ કર્યા બાદ એક વર્ષ ચાલેલી ચર્ચાને અંતે ૧૮મી ડિસેમ્બર, ૨૦૦૬ના રોજ આ ખરડાને ''અનુસુચિત જનજાતિ અને અન્ય પરંપરાગત વનવાસીઓના (જંગલ અધિકારોને માન્યતા) અધિનિયમ ૨૦૦૬'' એમ નવા નામે સંસદમાં પસાર કરવામાં આવ્યો. રાષ્ટ્રપતિએ ૨૯મી ડીસેમ્બર, ૨૦૦૬ના રોજ મંજૂરીની મહોર મારવા સાથે કાયદો અમલમાં પણ આવ્યો. જંગલોના ભાવિ સંચાલન અને અનુસુચિત જનજાતિ તેમ જ અન્ય પરંપરાગત જંગલ વસાહતીઓના સંદર્ભમાં આ અધિનિયમનું ખૂબ જ મહત્વ છે. સંસ્થાનવાદી હુકુમત અને ત્યાર પછીના શાસનકાળમાં પણ જંગલોની સુરક્ષાના હેતુસર આ પરંપરાગત જંગલ વસાહતીઓના જંગલ અધિકારોની અવગણના કરવામાં આવી હતી. આ જ બાબતે આગળ જતાં જંગલ વસાહતીઓમાં અસંતોષ જન્માવ્યો. દેશના વિવિધ વિસ્તારોમાં જંગલોની અંદર અને બહાર વસી રહેલા આદિવાસી સમુદાયોના કલ્યાણ માટે કામ કરી રહેલા આદિજાતિ બાબતોના મંત્રાલયે જ આ અધિનિયમને આગળ ધપાવવાની દિશામાં નેતૃત્વ કર્યું હતું. સૌથી મહત્વની વાત એ છે કે પંચાયતીરાજ વ્યવસ્થા હેઠળની તળિયાની સંસ્થાઓ પૈકીની ગ્રામસભાને જંગલ અધિકારોની ઓળખ તેમજ વનવાસીઓને રોજગારી પુરી પાડતી જંગલોની કુદરતી સંપત્તિના વહીવટની ચાવી સોંપવામાં આવી છે. આ કાયદાના હેતુસર ગ્રામસભા એટલે ગામના તમામ વયસ્ક સભ્યો (જે રાજ્યોમાં પંચાયત નથી એવા કિસ્સામાં પદાસ/તોલા કે પછી અન્ય પરંપરાગત સમિતિઓ) જેમાં મહિલાઓની પણ પુરેપુરી સહભાગિતા જરૂરી માનવામાં આવે છે.

આમ તો આ કાયદો જંગલો બચાવવા મેદાને પડેલા પર્યાવરણવાદી કાર્યકારો અને આદિવાસીઓના જંગલ અધિકારોની તરફદારો વચ્ચેની સંગીન દલીલો, દૃષ્ટિકોણ અને ધારણાઓનો વ્યાપક ઈતિહાસ ધરાવે છે. સંસદમાં પસાર થતાં પહેલાં વિધેયકને પ્રધાનોના જૂથ અને ત્યારબાદ સંયુક્ત સંસદીય સમિતિએ પણ બહાલી આપી હતી.

આ કાયદા અંગે થયેલી લંબાણપૂર્વકની ચર્ચાઓ, રાજકીય હસ્તક્ષેપ, વહીવટી વળાંકો અને જંગલ સુરક્ષા અને આદિજાતિઓના જંગલ અધિકારોના મુદ્દે પ્રતિનિધિત્વ કરી રહેલી છાવણીઓ વચ્ચેના દ્વંદ્વ બાદ આખરે ૧ જાન્યુઆરી ૨૦૦૮ના રોજ નિયમો જાહેર થતાં કાયદાના અમલનો માર્ગ મોકળો થયો.

આદિવાસીઓ પેઢીઓથી જંગલમાં વસવાટ કરીને જંગલોમાં જમીન ખેડાણ

(પંચાયતી રાજ મંત્રાલય ભારત સરકારના વરિષ્ઠ પરામર્શક ડૉ.નુપુર તિવારી દ્વારા પુરી પાડવામાં આવેલી સામગ્રી આધારિત લેખ છે.)

કરવા ઉપરાંત જંગલના લાકડા, મધ, ફળફળાદી સહિતની બિન ઈમારતી જંગલ પેદાશોને એકઠી કરવાની કામગીરી કરતા આવ્યા છે. જંગલ વિસ્તારમાં અન્ય બિનઆદિવાસી સમુહો પણ વસતા આવ્યા છે. તેઓ પણ જીવન અસ્તિત્વ માટે જંગલ વિસ્તારો પર આધારિત રહેતા આવ્યા છે. નોટિફાઈડ જંગલ વિસ્તારોમાં આવેલા ગામ અને વસાહતોમાં વસી રહેલા લોકોને એક સમયે જંગલ વિભાગ જ મજૂરી કામે રાખતો હતો તે પણ એક મહત્વનો મુદ્દો છે. આ લોકો જંગલ વિસ્તારમાં વસી તો રહ્યા હતા પરંતુ જંગલમાં રહેવાના કાનુની અધિકારો પોતાને હસ્તક હોવાના કોઈ દસ્તાવેજ ધરાવતા નહોતા. અગાઉના વન અધિનિયમનો જંગલ જમીનો પરના તેમના કબજાને દબાણકર્તાનો દરજ્જો આપતા હતા. પરંતુ પ્રસ્તુત અધિનિયમની મદદથી વનવાસીઓના પરંપરાગત વન અધિકારો અને આ સંદર્ભમાં તેમજ અધિકારોને માન્યતા જ પ્રાપ્ત નહોતી એ બંને મુદ્દા વચ્ચેના કાનૂની ગુંચવાડાનો અંત લાવવા પ્રયાસ થયો છે. આ હેતુસર આદિવાસી અને બિનઆદિવાસી એમ બંનેને જંગલના આશ્રિતો જ માનવામાં આવે છે.

આ અધિનિયમની મદદથી કેન્દ્ર સરકારે જંગલ અધિકારોનો મુદ્દો જંગલ વસાહતીઓ પર જ છોડ્યો છે. તેમાં જંગલમાં વસવાના અધિકાર, જંગલમાં ખેતી, તેમજ જંગલ પેદાશો એકત્રિત કરવા જેવા અધિકારોનો સમાવેશ કરવા તેમ જ જંગલ વસાહતો ખાલી કરાવવાના કિસ્સામાં યોગ્ય પુનઃવસનના અધિકારો પણ આપવામાં આવ્યા છે. સૌથી મહત્વની વાત એ છે કે આ કાયદા હેઠળ સામુહિક જંગલ સંપત્તિ, સાંસ્કૃતિક-જૈવિક વૈવિધ્યની જાળવણીની જવાબદારી પણ વનવાસીઓ અને ગ્રામસભાને આપવામાં આવી છે. સામુહિક જંગલ સંપત્તિઓ સુધીના પહોંચના નિયમન તેમજ વન /વનપ્રાણી/ જંગલ વૈવિધ્ય પર વિપરીત અસરો જન્માવતી પ્રવૃત્તિ રોકવાની સત્તા પણ ગ્રામસભાને આપવામાં આવી છે. જે વનવાસીઓને આ કાયદાના અમલ પહેલાં ગેરકાયદે રીતે તેમના વસવાટના સ્થાન ખાલી કરવાની ફરજ પાડવામાં આવી હોય કે પછી પુનઃવસનની વ્યવસ્થા પણ પુરી પાડવામાં ના આવી હોય તેઓ પુનઃવસનના અધિકારી રહેશે. પુનઃવસનના અધિકારમાં વૈકલ્પિક જમીન ફાળવણીનો પણ સમાવેશ થશે. આ અધિનિયમ હેઠળ કેન્દ્ર સરકારે શાળાઓ, દવાખાના, આંગણવાડી, રસ્તા અનાજની દુકાન, વીજ અને સંદેશાવ્યવહાર લાઈન, પીવાના પાણીની પાઈપલાઈન, જળસંચન સુવિધા, માર્ગો, સામુદાયિક કેન્દ્રો જેવી સામાજિક અને વિકાસકીય સુવિધાઓ માટે જંગલ જમીન પુરી પાડવાની રહેશે તે મુજબની પણ જોગવાઈ છે. સંબંધિત ગ્રામસભાની વિચારણાને આધિન રહીને જ આ પ્રકારે જંગલ જમીનની ફાળવણી થઈ શકશે. આમ અધિનિયમથી વનવાસીઓને માત્ર જંગલ અધિકારો જ નથી મળતા પરંતુ સુવિધાપ્રદ અસ્તિત્વ માટેની વ્યક્તિગત અને સામુદાયિક સુવિધાઓ પણ પ્રાપ્ત થાય છે.

અધિનિયમમાં જંગલ અધિકારોના રેકર્ડિંગ અને આવા અધિકારોની માન્યતા માટેની કાયદેસરની પ્રક્રિયાનું માળખાકિય નિરૂપણ છે. જંગલ અધિકારોની માન્યતાના મુદ્દે ગામના તમામ વયસ્ક સભ્યો સહિતની ગ્રામસભાએ મહત્વની ભૂમિકા નિભાવવાની રહે છે. વધુમાં આ હેતુસર રાજ્યસરકારે સબડિવીઝન સ્તરે, જિલ્લા સ્તરે તેમ જ રાજ્યસ્તરે સમિતિઓની રચના કરવાની રહે છે. સબડીવીઝન કક્ષાની સમિતિનું અધ્યક્ષપદ સબડીવીઝન અધિકારી સંભાળશે અને તેમાં જિલ્લા સ્તરની પંચાયત દ્વારા નોમિનેટ થયેલા બ્લોક/તાલુકા કક્ષાના ત્રણ સભ્યોનો સમાવેશ થશે. (તે પૈકીના એક સભ્ય વનવાસી અને એક સભ્ય મહિલા હોવાનો માપદંડ નક્કી કરવામાં આવ્યો છે.)ઉપરાંત સમિતિમાં જંગલ અને આદિવાસી કલ્યાણ વિભાગના અધિકારીઓનો પણ સમાવેશ રહેશે. તે જ પ્રમાણે જિલ્લા સ્તરની સમિતિનું અધ્યક્ષપદ જિલ્લા કલેક્ટર કરશે. તેમાં પણ જિલ્લાપંચાયત દ્વારા નિયુક્ત ત્રણ સભ્યો (જે પૈકીના બે વનવાસી અને એક મહિલા સભ્ય સહેશે) તેમજ જંગલ અને આદિવાસી કલ્યાણ વિભાગોના અધિકારીઓ સામેલ હશે.

આમ તો જિલ્લા સ્તરની સમિતિ જ દાવાસ્તરેની અંતિમ પતાવટ કરશે, પરંતુ પંચાયતી રાજ વ્યવસ્થા હેઠળની ગ્રામસભાએ પ્રમુખ ભૂમિકા નિભાવવાની રહે છે. અધિનિમય હેઠળ પ્રક્રિયાનો આરંભ ગ્રામ સભા કરે છે. ગ્રામસભા જ આ હેતુસર પોતાના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં વ્યક્તિગત અને સામુહિક જંગલ અધિકારો સુનિશ્ચિત કરતી પ્રક્રિયાની પહેલ કરે છે. આ હેતુસર ગ્રામપંચાયતોએ ગ્રામસભાઓ બોલાવીને તેમાંથી ૧૦ થી ૧૫ સભ્યોની બનેલી જંગલ અધિકારી સમિતિની ચૂંટણી કરવાની રહે છે. ગ્રામસભા જ જંગલ અધિકાર સબંધી દાવાઓ મંગાવીને આ સંબંધી અરજી સ્વીકારવાની સત્તા જંગલ અધિકાર સમિતિને આપે છે. આવા દાવાઓ માગવામાં આવ્યા હોય તે પછીની ત્રણ મહિનાની મુદતમાં દાવા અરજી સ્વીકારવામાં આવે છે. અરજી સાથે અરજદારે નિયમોમાં ઉલ્લેખિત જંગલ અધિકારો સંબંધી બે પુરાવા પણ બિડવાના રહે છે. આ હેતુસરના માન્ય પુરાવાની યાદી નિયમ-૧૩માં આપવામાં આવી છે.

એમાં જાહેર દસ્તાવેજ, સરકારી રેકર્ડ પરના દસ્તાવેજ, મતદાર ઓળખકાર્ડ, રેશનકાર્ડ, પાસપોર્ટ, ઘરવેરાની પહોંચ, ન્યાયકીય અને આંશિક ન્યાયકિય દસ્તાવેજો વગેરે સહિતના દસ્તાવેજોનો તેમાં સમાવેશ થાય છે. ગ્રામસભા જરૂર જણાયે દાવા સ્વીકારવાની મુદતમાં વધારો કરી શકે છે. ગ્રામસભાએ આવા દાવા સ્વીકારીને રજીસ્ટર નિભાવવાનું રહે છે. રજીસ્ટરમાં નિયમ મુજબ દાવેદારની વિગત નિભાવવાની રહે છે. જંગલ અધિકાર સમિતિ પોતાની કાર્યવાહી પુરી કરે ત્યારબાદ ગ્રામ સભાએ દાવેદાર હિતધરાવનાર વ્યક્તિઓને સાંભળવાની પુરી તક આપીને પ્રત્યેક દાવાના કિસ્સામાં ઠરાવ પસાર કરીને સબ ડીવીઝન સ્તરની સમિતિને જંગલ સંસાધનો નિર્ધારીત કરવા પહેલ પણ નિશ્ચિત જાહેર કરેલી તારીખે કરવાની રહે છે. તે અંગે નજીકના અંતરે આવેલી ગ્રામસભાઓ તેમજ સબડિવિઝન સ્તરની સમિતિને વાકેફ કરવાની હોય છે. જે મુદ્દે નજીકની ગ્રામસભાઓ વચ્ચે મતભેદ કે વિવાદ સર્જાય તે મુદ્દો સબ ડિવીઝન સ્તરની સમિતિને કે પછી અભ્યારણમાં અધિકાર ધારકોના કિસ્સામાં અધિનિયમની કલમ (૪)(૨)(ઇ) હેઠળ મુકાયેલા પુનઃ વસન પેકેજની પતાવટ કરશે.

અધિનિયમની કલમ પાંચની જોગવાઈઓનું વહન કરવા જંગલ અને જંગલ વૈવિધ્ધ સુરક્ષા વગેરે માટે સમિતિઓની રચના કરશે. ગ્રામસભા દ્વારા અગાઉ થયેલા ઠરાવોના સંદર્ભમાં અપીલ થતાં સબડીવીઝન સમિતિ સ્તરેથી આવતા પત્રોના સંદર્ભમાં અરજદારને સાંભળીને ઠરાવ પસાર કરીને સબડીવીઝન સમિતિને પુનઃપાઠવશે.

જંગલ અધિકાર સમિતિ ગ્રામસભાની કાર્યકારી પાંખના રૂપમાં કામ કરીને આ કાયદાના હેતુસર જંગલ અધિકારોના દાવાઓની ઓળખ અને ચકાસણી કરવાની ભૂમિકા નિભાવશે. આ સમિતિ મુખ્યત્વે દાવા અરજીનો સ્વીકાર, ચોક્કસ સ્વરૂપમાં દાવાઓની રજીસ્ટરમાં નોંધ, દાવેદાર રજુ કરેલા પુરાવાની નોંધ, નકશાઓ વગેરે બનાવીની દાવેદારોની યાદી બનાવવાને કામગીરી નિભાવશે. દાવેદાર અને જંગલ વિભાગને દાવા અંગે જાણકારી આપ્યા બાદ સમિતિ દાવાની ચકાસણી કરશે. સ્થળની મુલાકાત લઈને દાવાની ચકાસણી કરશે, દાવેદાર તરફતી રજુ થતા વધારાના પુરાવા તેમજ સાક્ષીઓની નોંધ લેશે. આદિજાતી કે ભટકતી જાતિઓના દાવાની ચકાસણી તેમના પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં કરવાની સમિતિ ખાસ દરકાર રાખશે. તમામ દાવા સબંધી સીમાચિહ્નરૂપ નિશાનીઓ સાથેના નકશા તૈયાર કરશે. અને આ તમામ બાબતે ગ્રામસભા સમક્ષ રજુ કરશે. સામુદાયિક જંગલ અધિકારો માટે ગ્રામસભા વતી દાવામાં તૈયાર કરશે તેમજ જે જંગલ સંપત્તિના કિસ્સામાં પડોશી ગામો સાથે મતભેદ કે વિવાદ હોય તે કિસ્સામાં સંયુક્ત બેઠકો યોજશે.

દરમિયાન સબ-ડીવીઝનલ સ્તરની સમિતિ ગ્રામસભાને તેની જવાબદારી નિભાવવામાં સહાય કરશે. આ હેતુસર તે ગ્રામસભાને જંગલ અને મહેસુલી નકશા પુરા પાડશે, મતદાર યાદી પણ પુરી પાડશે. આ સમિતિ વનવાસીઓમાં કાયદા અને નિયમો વિશે જાગૃતિ લાવવા પ્રયાસ કરશે. જંગલ અધિકાર સબંધી દાવા કરનારાઓના નિયત નમૂનાનું ફોર્મ વિના મૂલ્યે સરળતાથી મળતું થાયતે ઉપરાંત ન્યાયી અને ખુલ્લા વાતાવરણમાં ગ્રામસભાની બેઠક મળે તેની તકેદારી રાખશે. ચકાસણીની પ્રક્રિયા સંપન્ન થયા બાદ સંબંધિત ગ્રામસભાના ઠરાવોની ચકાસણી કરીને ગ્રામસભા દ્વારા પુરી પાડવામાં આવેલી વિગતો અને નકશાને એકત્રિત સ્વરૂપ આપશે. કોઈ જંગલ અધિકારના કિસ્સામાં ગ્રામસભાઓ વચ્ચે વિવાદ કે મતભેદ હોય તો એવા દાવાઓની સુનાવણી પણ હાથ ધરશે. જરૂર જણાયે અન્ય સબડિવિઝન સ્તરની સમિતિ સાથે સંકલન પણ સાધશે, સંબંધિત સરકારી રેકર્ડ સાથે તાલ મેળવીને સુચિત જંગલ અધિકારો અંગેના તાલુકા અને બ્લોક કક્ષાના નકશા તૈયાર કરશે અને સબડીવીઝનલ અધિકારી મારફત અંતિમ નિર્ણય માટે જિલ્લા સ્તરની સમિતિને પાઠવશે. આ સમિતિ ગ્રામસભાના કોઈ ઠરાવ સાથે થયેલી અરજીનો પણ સ્વીકાર કરશે અને જાહેર સ્થળે નોટિસ લગાવીને કે પછી અરજદારને નોટિસ પાઠવીને તેને સાંભળશે. ગ્રામસભાના ઠરાવોના અભ્યાસ માટે સમિતિ જરૂરી આદેશ પસાર કરશે. આ સમિતિ ગ્રામસભા ઉપરાંત વનવાસીઓમાં પણ જંગલ અધિકારો ઉપરાંત વન્યજીવન, જંગલ વૈવિધ્યની જાળવણી સહિતના મુદ્દે જાગૃતિ લાવવા પણ પ્રયાસ કરશે.

જિલ્લા સ્તરની સમિતિ જંગલ નકશા, મહેસૂલી નકશા તેમજ મતદારયાદીઓ, ગ્રામસભાને ઉપલબ્ધ રહે તેની તકેદારી રાખશે. અધિનિયમના હેતુને ધ્યાને રાખીને ભટકતી જાતિઓ, આદિજાતિઓ, પશુપાલકો વગેરેના તમામ દાવાની કાળજી લેવામાં આવે તે મુદ્દે પણ સમિતિ તકેદારી રાખશે. સબડિવીઝન સમિતિએ ભલામણ કરેલા જંગલ અધિકારોના દાવાને આ સમિતિ અંતિમ મંજૂરી આપશે. સબડીવીઝન સ્તરની સમિતિના કોઈજ આદેશથી જેના હિતોને નુકશાન પહોંચતું હોય તેવા દાવેદારની અરજી ધ્યાને લેવા ઉપરાંત જિલ્લા સ્તરની સમિતિ આંતર જિલ્લા દાવાઓના કિસ્સામાં અન્ય જિલ્લા સમિતિઓ સાથે

પણ સંકલન સાધશે.

આ સમિતિ સંબંધિત સરકારી રેકર્ડ પર જંગલ અધિકારોની નોંધ કરવા આદેશ કરશે. આ સમિતિ મુકરર થયેલા જંગલ અધિકારોનું પ્રકાશન કરશે એટલું જ નહીં પરંતુ સબંધિત દાવેદારને તેમજ ગ્રામસભાને નિયમ હેઠળ તેના ટાઈટલની કે જંગલ અધિકાર નોંધણી થયાની પ્રમાણિત નકલ પ્રાપ્ત થાય તેની પણ તકેદારી રાખશે.

તો મુખ્ય સચિવના અધ્યક્ષપદે રચાનારી રાજયસ્તરની સમિતિ જંગલ અધિકારોને માન્યતા, ચકાસણી સહિતની પ્રક્રિયાનું નિયમન કરશે તેમજ વન્યજીવન સુરક્ષા માટે ઉભી થનારી જરૂરીયાતના સંદર્ભ ભાવિ પુનઃવસન પર નિયમન કરશે.

આ કાયદાના અમલની જવાબદારી રાજ્ય સરકારોએ નિભાવવાની છે. પરંતુ દેશભરના લાખો વનવાસીઓના જીવનને સાંકળતી આ બાબતનું મહત્વ સમજીને વડાપ્રધાને તમામ રાજ્યોના મુખ્યપ્રધાનોને જાન્યુઆરી ૨૦૦૮માં પત્ર પાઠવીને આ અધિનિયમ અને નિયમોના ઝડપી અમલ માટે અનુરોધ કર્યો હતો. આ કાયદાના અમલમાં પારદર્શીતા અને જવાબદેહિતાનું વહન થાય તે હેતુસર કાયદાની જોગવાઈઓનો જાહેર પ્રચાર થાય તે માટે પણ વડાપ્રધાને અનુરોધ કર્યો હતો.

ગ્રામસભાના સભ્યોને આ અધિનિયમની જોગવાઈનો વ્યાપક પરિચય મળે તે માટે પંચાયતી રાજ મંત્રાલયે પણ તમામ રાજ્ય સરકારોને દેશભરમાં એક જ દિવસે ગ્રામસભાઓનું આયોજન કરવા વિનંતી કરી હતી. જે રાજ્યોમાં ચૂંટણી યોજાવાની હતી તેને બાદ કરતાં તમામ રાજ્યોએ પ્રારંભિક તૈયારીઓ કરીને પ્રક્રિયાનો આરંભ પણ કરી દીધો છે.

આ અધિનિયમ આદિવાસી અને બિનઆદિવાસી એમ બંને સમુદાયના જંગલ પર આશ્રિત રહેતા લોકોને જંગલ અધિકારોને માન્યતા આપવાની તક પુરી પાડે છે. આ અધિકારો તમામ પ્રકારના જંગલોને લાગુ પડશે. અધિનિયમમાં સામુદાયિક જરૂરિયાતો પુરી કરવા જરૂરી જંગલજમીનની ફાળવણી કરવાની પણ જોગવાઈ છે. તો એકવાર અપાયેલા જંગલ અધિકારમાં ફેરફાર કરવા માટે કાયદામાં ખૂબજ જટિલ પ્રક્રિયાની જોગવાઈ કરવામાં આવી છે. વન્યજીવન સુરક્ષા વિસ્તારોની રચના માટે જ પુરતી વિચારણાને અંતે આવા ફેરફાર કરી શકાય તેવી જોગવાઈ છે. જંગલ અધિકાર ધારકની હાજરી વન્યજીવનને ભરપાઈ ના થઈ શકે તેવું નુકસાન પહોંચાડે છે એવું ફલિત થાય અને સહઅસ્તિત્વનો કોઈ વિકલ્પ બચતો નથી એવું રાજ્ય સરકારને ગળે ઉતરે, પુનઃવસનનું યોગ્ય પેકેજ આપવામાં આવે અને ગ્રામસભાને આ બાબતથી વાકેફ કરીને તેની મંજૂરી લેવામાં આવે ત્યારબાદ જ અપાયેલ જંગલ અધિકારોમાં ફેરફાર થઈ શકે. આવા કિસ્સામાં પણ પુનઃવસન પેકેજ મુજબની જમીન ફાળવણી થઈ જાય અને પેકેજનો સંપૂર્ણ અમલ થઈ જાય ત્યારબાદ જ આવા ફેરફાર સંભવ બની શકે. સરકારે પણ સામે પક્ષે ખાતરી આપવાની રહે કે તે જમીનનો આગળ જતાં અન્ય હેતુસર ઉપયોગ નહીં થાય. આ જોગવાઈઓ અધિનિયમ ઘડાયો તે પહેલાં સ્થળાંતર કરવા મજબૂર કરવામાં આવેલા વનવાસીઓને પણ લાગુ પડશે પરંતુ તેમાં વૈકલ્પિક જમીન તેમ જ પુનઃવસનની તમામ શરતોનું પાલન થયા બાદ જ ફેરફાર સંભવ બને તે જોગવાઈ આ કિસ્સામાં લાગુ પડશે નહીં. આ અધિનિયમ વનવાસીઓ અને ગ્રામસભા પર પણ વન્યજીવન/જંગલ/જંગલ વૈવિધ્યની જવાબદારી નાખે છે. કોઈપણ પ્રકારની નુકસાનકારી પ્રવૃત્તિથી વનવાસીઓનો બચાવ થાય તે હેતુસર ગ્રામસભાને સામુદાયિક વન સંસાધનોના નિયમનની જવાબદારી સોંપવામાં આવી છે. આપણી ગ્રામસભાઓ અને વનવાસીઓ જંગલ સંપદાઓના વપરાશની લાલચથી કેટલા દૂર રહી શકે છે અને વનવસીઓ અને વન વચ્ચેના પરંપરાગત સબંધને કઈ રીતે નિભાવી શકે છે તે બાબત પર કાયદાની સફળતાનો આધાર છે.

જંગલ અધિકારોને માન્યતા આપતી પ્રક્રિયા એક તરફ ગ્રામસભા અને પંચાયતોના બંધારણીય આદેશ અને બીજી તરફ રાજ્ય સરકારના તંત્રને મદદરૂપ થવાના વલણ વચ્ચેના સંતુલન પર આધારિત છે. જ્યાં જમીનની અછત છે ત્યાં જમીનનાં મુદ્દે ભારે દબાણભરી સ્થિતિ છે. અન્ય સમુદાયો સાથે વિવાદ કે સંઘર્ષ હોવાના કારણે જ્યાં જમીન વપરાશ સંભવ નથી બની શકતો એવા કિસ્સામાં આદિવાસીઓના અધિકાર અને તેમની જમીનની રક્ષા માટે રાજ્યમાં વિધેયકો પસાર થાયતે પણ જરૂરી છે. ગ્રામસભાએ જંગલ અધિકારોને માન્યતા આપતી આ નિર્ણાયક ભૂમિકા નિભાવવા માટે સક્ષમ બનવું પડશે. ગ્રામસભા સંતુલન જાળવીને નિર્ણયો લે અને જંગલ વસાહતી ફરી વિષચક્રમાં ના ફસાય તે માટેની પણ તકેદારી રાખવી રહી. આમ તો એકાદ સદીથી જંગલ સુરક્ષા માટે કાયદાઓ ઘડીને જંગલ સુરક્ષાની જવાબદારી શાસનવ્યવસ્થા ઉપાડતી આવી છે. પરંતુ આ અધિનિયમ જંગલ અધિકારો આપવાની સાથોસાથ વન્યજીનવ, જંગલો અને જંગલ પર્યાવરણની જવાબદારી પણ વનવાસીઓ અને ગ્રામસભાના શિરે મુકી

**(અનુસંધાન પાના નં. ૧૨ ઉપર)**

# જંગલ જમીનનો કાયદો : ૧૫૦ વર્ષની લડાઈ પછીનો વિજય

✍ શંકર ગોપાલકૃષ્ણન

*આદિવાસીઓને કાયદેસર હિજરત કરાવતા આદેશને પગલે ઉભી થયેલી અશાંતિ બળવામાં પરિણમે તે પહેલાં રાજકારણનો આ ક્ષેત્રમાં પ્રવેશ થયો અને રાષ્ટ્રીય ઝુંબેશના શ્રીગણેશ કરવા માટે જાગૃત આગેવાનો એકઠા થવા લાગ્યા. અંતે યુ.પી.એ. ના ચૂંટણી ઢંઢેરામાં વચન અપાયું કે તમામ પ્રકારના વનવાસીઓને જંગલ બહાર કાઢી મૂકવાનો હુકમ રદ કરી યોગ્ય કાયદો ઘડવાનું વચન આપવામાં આવ્યું હતું. પરિણામે કેન્દ્રમાં સરકાર રચાતા 'કમ્પેઈન ફોર સર્વાઈવલ એન્ડ ડિગ્નિટી' જેવી સંસ્થાએ નવેમ્બર, ૨૦૦૫માં પ્રધાનમંત્રી સાથે વાતચીત કર્યા બાદ જાન્યુઆરી, ૨૦૦૫માં નેશનલ એડવાઈઝરી કાઉન્સિલે સત્વરે જંગલ અધિકાર બક્ષતો કાયદો ઘડવા માટે ભલામણ કરતા માર્ચ,૨૦૦૫માં મુસદ્દો ઘડવા માટે નિષ્ણાતોની સમિતિ રચાઈ, જેમાં આદિવાસી આગેવાનો ઉપરાંત પર્યાવરણવિદો તથા સરકારી અધિકારીઓ સામેલ હતા.*

સંસદમાં અનુસૂચિત જાતિઓ તથા પરંપરાગત વનવાસીઓ (વન અધિકારને માન્યતા) કાયદો, ૨૦૦૬ પસાર થયો તે ઐતિહાસિક દિવસ હતો તા. ૧૮મી ડિસેમ્બર, ૨૦૦૬. અમલની તારીખ ૩૧ મી ડિસેમ્બર, ૨૦૦૭. દારુણ ગરીબી વેઠતા આદિવાસીઓને જીવનનિર્વાહ માટે કાયદેસર વન જમીન તથા પેદાશનો ઉપયોગ કરવાનો અધિકાર આપવામાં ભારતે ઘણાં વર્ષો કાઢ્યાં, પરંતુ લાંબી લડાઈમાં આદિવાસીઓને વિજય અપાવવાનું શ્રેય યુ.પી.એ. સરકારને જાય છે. જંગલ સાથે આદિવાસી સમાજના પવિત્ર સંબંધના ઈતિહાસથી બેખબર બૌદ્ધિકો આ કાયદાનો વિરોધ કરતા રહેલા. જંગલો સાફ થઈ જશે. વાઘનું નિકંદન નીકળશે, હરિયાળી સંપત્તિનું ખાનગીકરણ કરી મતબેંક મજબુત કરવાની ચાલ જેવો આ કાયદો - વગેરે આક્ષેપ આ કાયદા ઉપર થયા હતા. વનવાસીઓના અસ્તિત્વ સંઘર્ષની દુઃખદ કથા જાણતાં પહેલાં ભારતમાં સમયાંતરે અમલમાં રહેલા જંગલ વિશેના કાયદાઓનો ઈતિહાસ તપાસવો જરૂરી છે, કારણ કે સંરક્ષણ શબ્દ ચલણી બનાવનાર લોકો મોટા સ્થાપિત હિતો જણાયા છે.

### જંગલ કાયદાઓનો ઈતિહાસ

ઈન્ડિયન ફોરેસ્ટ એક્ટ, ૧૯૨૭ અન્વયે ભારતનાં જંગલોનો વહીવટ ચાલે છે, જેના ઘડતર પાછળ અંગ્રેજોની દાનત માત્ર ઈમારતી લાકડું કાઢવાની હતી, વન સંપત્તિ લુંટી જવાની હતી. ૧૮૭૬માં આવો પ્રાથમિક કાયદો ઘડાયા બાદ, ૧૯૨૭ સુધી તેમાં સગવડિયાં સુધારા અંગ્રેજો કરતા રહેલા. જંગલોનો કબજો લેવા ઘડેલા કાયદા અન્વયે આઝાદી પછી જંગલની સાથોસાથ વનવાસીઓને હાંસિયામાં ધકેલી દીધા. વન્યજીવન બચાવવાની ઝુંબેશ એક ફેશન બની ગઈ અને જંગલી પ્રાણીઓને બચાવવા નીકળેલા જીવતા માનવી એવા આદિવાસીઓને પોતાના વતનમાં અપરાધી બનાવી નાંખ્યા, છતાં ફોરેસ્ટ એક્ટનો ઉપયોગ ચાલુ રહ્યો. આ કાયદો સરકારને કોઈપણ પ્રદેશને 'આરક્ષિત' જંગલ તરીકે જાહેર કરવાનો અધિકાર આપે છે. 'જંગલ' જાહેર થયેલા ભૌગોલિક ક્ષેત્રમાં જમીન, વનપેદાશ, ચરાણના અધિકારો બક્ષવા માટે ફોરેસ્ટ સેટલમેન્ટ ઓફિસરની નિમણૂંક કરવામાં આવે છે, જે અભણ કચડાયેલા આદિવાસી સિવાય બધા પક્ષકારોના હક્ક માન્ય રાખતો હોવાનો લાંબો અનુભવ સામે આવ્યો છે.

સેટલમેન્ટની પ્રક્રિયા હેઠળ વનવાસીઓના જંગલનો ભોગવટો કરવાના નૈસર્ગિક અધિકારોને ક્યાંય સ્વીકૃતિ મળતી નહોતી, આ પ્રક્રિયા સુધી પહોંચવાનું તેમનું ગજુ નહોતું. સેટલમેન્ટ પ્રક્રિયા હાથ ધરવા વિસ્તૃત મોજણી થવી અનિવાર્ય છે. છતાં ૨૦૦૩ સુધી મધ્યપ્રદેશના ૮૨.૯ % જંગલ ધરાવતા

(લેખક 'કમ્પેઈન ફોર સર્વાઈવલ એન્ડ ડિગ્નિટી' સંસ્થાના કન્વિનર છે.)

તાલુકાઓની મોજણી થઈ ન હતી, જ્યારે ઓરિસ્સામાં ૪૦% વનપ્રદેશ માટે ચાલેલી સેટલમેન્ટ પ્રક્રિયામા આદિવાસીઓના અધિકારો નોંધાયા નહોતા. કેટલાંક સ્થળોએ આદિવાસીઓના હક્ક નોંધાયા, તો પરંપરાગત વનવાસી હોય તેવી અન્ય કોમના અધિકાર સ્વીકૃત થયા નહોતા.

આઝાદી સમયે રાજા-મહારાજા, દેશી રજવાડાંઓ, જમીનદારો તથા ખાનગી માલિકી હેઠળ જેટલાં જંગલો હતાં તે બધાનો કબજો જંગલખાતાને સેટલમેન્ટની પ્રક્રિયા હાથ ધર્યા વગર સોંપવામાં આવ્યો હતો. રાજાઓ દ્વારા અપાયેલા વન અધિકારો પણ આઝાદ ભારતના જંગલ ખાતાએ ખૂંચવી લીધા હતા, જેના દાખલા મધ્યપ્રદેશ તથા છત્તિસગઢના નિસ્તારી જંગલો છે.

ટૂંકમાં, જંગલ વિશે અધકચરી સમજણ ધરાવતા લોકોએ જંગલ પ્રદેશનો એક તરફ દાટ વાળ્યો, તો વનવાસીને તેમના વતનમાં નિરાશ્રિત જેવા બનાવી દીધા. સરકારી ચોપડે જંગલ તરીકે નોંધાયેલી જમીનના વિશાળ પટ્ટે ખરેખર જંગલ નહોતાં અને જે વાસ્તવમાં જંગલ હતા ત્યાં પેઢી દર પેઢીથી અનેક માનવ સમુદાયનો વસવાટ હતો જેને આપણે આદીવાસી કહીએ છીએ. પરિણામે, જંગલ તરીકે ઘોષિત વિસ્તારમાં વસવાટ કરતા વનવાસીઓ રાતોરાત 'એનક્રોચર' અર્થાત અતિક્રમણ કરનાર બની ગયા. જંગલ ખાતુ તેમને ખેતી કરવા બદલ જેલ ભેગા કરવા લાગ્યું, તો પેદાશ એકઠી કરવાની જૂની રીત હવે ગુનો બની ગઈ. આદિવાસીઓની મારઝૂડ, ધરપકડ, લાંચ-રુશ્વત અને યૌન શોષણમાં જંગલ ખાતુ પડ્યું ત્યારથી વન જતનની અગ્રતા બદલાઈ ગઈ. જંગલખાતુ જાણે ભારતનો સૌથી મોટો જમીનદાર બની ગયું. ફોરેસ્ટ ગાર્ડ ખંડણી ઉઘરાવીને કમાણી કરવા લાગ્યા, તો ઉચ્ચ અધિકારીઓ જંગલની જમીન ખાણ માટે કે પેપર મિલ સ્થાપવા માટે સ્થાપિત હિતોને આપી કમાયા. ખનિજ ખોદકામ કે પેપર મિલ કે ચાનો બગીચો કરનાર કંપનીને આદિવાસી જેટલા સસ્તા અનેજીભ વગરના મજૂર ક્યાં મળવાનાં હતા? ભારતના આદિવાસીઓ જંગલ સાથે તેમનું સાંસકૃતિક જોડાણ પાછુ મેળવવા ૧૦૦ વર્ષથી લડી રહ્યાં હતા, જે નવા જંગલ જમીન અધિકારના કાયદાએ સાબિત કર્યું છે.

**વન અધિકાર કાયદાનુ ઘડતર**

ભારતની સર્વોચ્ચ અદાલતે ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૦૨ના રોજ કરેલા હુકમનો હવાલો આપી કેન્દ્રના વન અને પર્યાવરણ મંત્રાલયે હુકમો બહાર પાડ્યા કે જંગલ પ્રદેશમાં વસવાટ કરતા તમામ નાગરિકોને બહાર હાંકી કાઢો અને છતાં કોઈ જંગલમાં રહેતું હોય તો તેને અતિક્રમણ ગણો. વાસ્તવમાં અદાલતે કોઈને જંગલ બહાર હાંકી કાઢવાની વાત કરી નહોતી, તેણે માત્ર જંગલની વસાહતોનું 'રેગ્યુલરાઈઝેશન' કરવા સામે મનાઈ ફરમાવી હતી.

આખા ભારતના વનવાસીઓમાં જંગલો ખાલી કરવાના આદેશને પગલે હાહાકાર મચી ગયો. બે વર્ષમાં ૩ લાખ પરિવારો જંગલ ખાતાની બળજબરીનો ભોગ બની જંગલ બહાર ફેંકાઈ ગયા. આદિવાસી ગામડાઓ નેસ્તનાબુદ કરવા માટે કેટલાક સ્થળે હાથીઓનો ઉપયોગ થયો હતો. આસામમાં ૪૦ હજાર પરિવારો બેઘર બન્યા, તો મધ્યપ્રદેશમાં ૧૨૫ ગામડાંઓ સળગાવી નાંખવામાં આવ્યા. આંધ્રપ્રદેશમાં પણ આદિવાસી વસતિને બહાર કાઢવા ઘરબાર સળગાવી નાંખવાની રીત અખત્યાર કરવામાં આવેલી. વનપ્રદેશ બહાર સડકના કિનારે ઝુંપડાં બાંધી રહેવા લાગેલા સંખ્યાબંધ આદિવાસી પરિવારો ભૂખ-તરસથી ભૂંસાઈ ગયા. શહેરી માનસિકતા ધરાવતા માધ્યમોમાં દૂર દૂર બની રહેલી આવી નિષ્ઠુર ઘટનાઓની કોઈ નોંધ લેવાતી નહોતી.

આદિવાસીઓને કાયદેસર હિજરત કરાવતા આદેશને પગલે ઉભી થયેલી અશાંતિ બળવામાં પરિણમે તે પહેલાં રાજકારણનો આ ક્ષેત્રમાં પ્રવેશ થયો અને રાષ્ટ્રીય ઝુંબેશના શ્રીગણેશ કરવા માટે જાગૃત આગેવાનો એકઠા થવા લાગ્યા. અંતે યુ.પી.એ. ના ચૂંટણી ઢંઢેરામાં વચન અપાયું કે તમામ પ્રકારના વનવાસીઓને જંગલ બહાર કાઢી મૂકવાનો હુકમ રદ કરી યોગ્ય કાયદો ઘડવાનું વચન આપવામાં આવ્યું હતું. પરિણામે કેન્દ્રમાં સરકાર રચાતા કમ્પેઈન ફોર સર્વાઈવલ એન્ડ ડિગ્નિટી જેવી સંસ્થાએ નવેમ્બર, ૨૦૦૫માં પ્રધાનમંત્રી સાથે વાતચીત કર્યા બાદ જાન્યુઆરી, ૨૦૦૫માં નેશનલ એડવાઈઝરી કાઉન્સિલે સત્વરે જંગલ અધિકાર બક્ષતો કાયદો ઘડવા માટે ભલામણ કરતા માર્ચ, ૨૦૦૫માં મુસદ્દો ઘડવા માટે નિષ્ણાતોની સમિતિ રચાઈ, જેમાં આદિવાસી આગેવાનો ઉપરાંત પર્યાવરણવિદો તથા સરકારી અધિકારીઓ સામેલ હતા.

કાયદાનો મુસદ્દો ઘડાયો માત્ર એક સપ્તાહમાં, પરંતુ વન તથા પર્યાવરણ મંત્રાલયે અખબારો માટે એવા સમાચાર 'લિક' કર્યા કે પ્રત્યેક આદિવાસી પરિવારને ૨.૫ હેક્ટર જમીન આપવામાં આવશે. ફરી હાહાકાર મચી ગયો, જાણે જંગલો લૂંટી લેવાની વનવાસીઓને છૂટ આપતો કાયદો ઘડાયો હોય ! ખરેખર તો વંશપરંપરાગત રીતે જંગલની જમીન ખેડતા આવેલા પરિવારને ૨.૫ હેક્ટર જમીન ઉપરના હક્ક માત્ર જીવનનિર્વાહની ગોઠવણ તરીકે આપવાની વાત કાયદામાં છે. સ્થાપિત

હિતો હજુ પણ આ કાયદાને 'જમીન વિતરણ યોજના' તરીકે ખપાવી ખરડો રજુ થતાં ડિસેમ્બર,૨૦૦૫માં તેને સંયુક્ત સંસદીય સમિતિને સોંપવામાં આવ્યો. જંગલખાતાના અધિકારીઓનું આધિપત્ય અકબંધ રહે તે માટે મુસદ્દાને ઘડતર સમયથી ઉદ્યોગ તથા સ્થાપિત હિતો તેની પાછળ લાગેલા હતા. કેટલીક કલમો નવે સરથી લખવા કે ભૂંસવામાં પણ આવો દોરીસંચાર હોવાનું મનાય છે.

જંગલ જમીન તથા વનપેદાશ ઉપર આદિવાસીઓના નૈસર્ગિક અધિકારો પાછા આપતો કાયદો ઘડવા માટે તૈયાર થયેલા મુસદ્દાને સંયુક્ત સંસદીય સમિતિએ ઊંડાણથી તપાસી, તેમાં દુરોગામી ફેરફાર કર્યા. જેમ કે આદિવાસી ઉપરાંત અન્ય જાતિઓને પાત્રતામાં ઉમેરવામાં આવી, કટ-ઓફ સમય મર્યાદા વધુ આગળ લઈ જવામાં આવી. સમિતિએ અહેવાલ તા.૨૩-૫-૨૦૦૬ના રોજ સુપ્રત કરી દીધા બાદ સરકાર, સંસદીય સમિતિના સભ્યો તથા ડાબેરી પક્ષો વચ્ચે કાયદો ઘડવા વિશે ચર્ચાવિચારણા શરૂ થઈ અને થોડા ફેરફારો સાથે જે.પી.સી.ની ભલામણ માન્ય રાખી સંસદમાં રજૂ થતાં કાયદો ઘડાવાની પ્રક્રિયા સમાપ્ત થઈ. છેલ્લી ઘડીએ વણવિચાર્યે થયેલા ફેરફારો ગંભીર હોવા છતાં, વિરોધમાં સમય વેડફવા કરતાં એક વખત કાયદો ઘડાઈ જવાનો વિકલ્પ તમામ આદિવાસી આગેવાનોને સહેલો લાગ્યો હતો. કાયદો થઈ ગયા બાદ તેને 'નોટીફાય' થતા પુરુ એક વર્ષ લાગ્યું હતું,

સ્થાપિત હિતો માટે આ કાયદો અનુકૂળ નહોતો. રાજકીય આગેવાનો સહિત લાખો આદિવાસીઓ દ્વારા ધરણા યોજાયા બાદ આ કાયદો અસ્તિત્વમાં આવ્યો ખરો, પણ તેનો અમલ બાલ્યાવસ્થામાં હોવાથી આદિવાસીઓને ફરીથી તેમના હક્કની નોંધણી કરવાની પ્રક્રિયા હેઠળ રંજાડવાના બનાવ નોંધાઈ રહ્યા છે, જે દુઃખદ છે. પણ શું થાય ?

**કાયદાની મુખ્ય બાબતો**

જંગલ ઉપર વનવાસીઓને અધિકાર પાછો આપતા કાયદાનું માળખું ત્રણ ભાગમાં વહેંચાયેલું છે.

**પાત્રતા / લાયકાત**

આ કાયદાનો લાભ લેવા માટે આદિવાસી પરિવારે સાબિત કરવું પડશે કે તેઓ પ્રાથમિક રીતે જંગલ ક્ષેત્રમાં વસવાટ કરે છે અને જીવનનિર્વાહ માટે જંગલ ઉપર જ આધારિત છે. બીજું, ૭૫ વર્ષથી વન વસવાટનો આધાર આદિવાસી તથા અન્ય વનવાસી જાતિના પરિવારે આપવો પડશે.

**અધિકાર**

- તા.૧૩મી ડિસેમ્બર, ૨૦૦૫ સુધી જંગલ જમીન ખેડતા પરિવારને પુરાવાઓ માન્ય થયા બાદ, ૪ હેક્ટર જમીન આપવી.
- ગૌણ વનપેદાશ, ચરાણ તથા જળસ્રોતના ઉપભોગનો અધિકાર.
- જંગલ તથા વન્યજીવનના સંરક્ષણ થતા સંવર્ધનનો અધિકાર.

વનસંપત્તિનું જતન કરવા માટે ચાલતા ભગીરથ પ્રયાસોમાં નવી દિશા ખોલતો છેલ્લો અધિકાર, સૌથી ક્રાંતિકારી સાબીત થશે. જંગલ ખાતાના આશીર્વાદથી વનસંપત્તિ લુંટતા જંગલ માફિયાઓ તથા શિકારીઓની પ્રવૃત્તિ ઉપર નજર રાખવા કે નિયંત્રણ રાખવા, જંગલમાં વસવાટ કરતી જાતિઓને અધિકાર અપાયા છે, હવે તેઓ ગેરકાયદેસર પ્રવૃત્તિ સાંખી લેશે નહીં, પરિણામે વન જતનમાં નવી કોશિશ શરૂ થશે.

**પ્રક્રિયા**

આ કાયદાની કલમ-૬ હેઠળ અધિકારો બક્ષવાની પ્રક્રિયાનું વર્ણન અપાયું છે, તે પ્રમાણે પ્રત્યેક આદિવાસી કુટુંબ કેટલી પેઢીથી કયું ખેતર ખેડતું આવ્યું છે તેનો નિર્ણય ગ્રામસભા દ્વારા નિમાયેલ વન અધિકાર સમિતિ કરશે. ગૌણ વન પેદાશ એકત્ર કરવાનો નિર્ણય પણ અહીં થશે. વન અધિકાર સમિતિના હક્ક વિશેના નિર્ણયોને ગ્રામસભાની બહાલી મળ્યા બાદ આ કેસ તાલુકા તથા જિલ્લા સ્તરે નિમાયેલી સ્ક્રિનિંગ સમિતિ પાસે જશે. તમામ પ્રક્રિયા પૂરી થયે મળેલી જમીનનું વેચાણ કે તબદિલી થઈ શકશે નહીં, જંગલની ખેડાણ માટે અપાતી જમીનની સનદ, આદિવાસી પરિવારના પુરુષ તથા મહિલાના સંયુક્ત નામે અપાશે.

**કાયદાનો અમલ તથા ભવિષ્ય**

કાયદાનો મુસદ્દો ઘડતી વખતે સંખ્યાબંધ આદિવાસી આગેવાનોએ "પ્રાથમિક દૃષ્ટિએ જંગલમાં વસવાટ કરતા..." એવા શબ્દ પ્રયોગ સામે વાંધો ઉઠાવેલો, કારણ કે તેનું અર્થઘટન જંગલ વિસ્તારની જમીન ઉપર મકાન ધરાવતા લોકો એવો પણ થઈ શકે છે. લગભગ તમામ વનવાસીઓને જંગલ ખાતાએ કાળક્રમે હાંકી કાઢ્યા બાદ, તેઓ મહેસૂલી જમીન ઉપર વસવાટ કરી રહ્યાં છે, ત્યારે આ કાયદો લાભ શી રીતે આપી શકે ? જંગલના ગામમાં વસવાટ કરતી બિનઆદિવાસી જાતિઓ માટે પણ પ્રશ્ન આવો જ હતો. મહેસૂલી ગામની પંચાયત કે ગ્રામસભા જ્યાં નથી તેવા થોડા મકાનોના ઝુમખાંમાં રહેતા આદિવાસીઓના અધિકાર માટેપણ કાયદામાં ચોખ્ખી જોગવાઈ થઈ શકી નથી. ઘડતર વખતે આળસ કે ઉતાવળમાં રહી ગયેલી બાબતો હવે કાયદાનો અમલ શરૂ થતાં આદિવાસીઓને નડવા લાગી છે.

**(અનુસંધાન પાના નં. ૧૨ ઉપર)**

# જંગલ અધિકારોના અધિનિયમ અંગેની દંતકથાઓ અને વાસ્તવિકતા

✍ સંજય ઉપાધ્યાય

*આ એક અતિ મુશ્કેલ અધિનિયમના અમલ માટે વર્તમાન તંત્રના ઢાંચાને સુદૃઢ બનાવવાનો પણ મોટો પડકાર રહેલો છે. આ અધિનિયમના અમલ માટે બોલાવવામાં આવનારી ગ્રામસભાને સુદૃઢ બનાવવાની ખાસ જરૂર છે. સાદગીભર્યા શબ્દોમાં કાયદાની સાચી સમજ તેમના સુધી પહોંચે તે અતિ જરૂરી છે. સબડિવિઝન સ્તરની સમિતિઓ અને વિભાગીય સ્તરની સમિતિઓ પણ આ અધિનિયમની જોગવાઈઓની જાણકારીથી સુસજ્જ થઈને જંગી કાર્યવાહીના વહન માટે સક્ષમ બને તે જરૂરી છે. અગાઉ ઐતિહાસિક રીતે અપનાવવામાં આવેલી ખોટી પ્રક્રિયાઓમાં બદલાવ લાવીને હેતુપૂર્તિની સફળતા માટે પ્રારંભિક તૈયારીઓ જ અગત્યની છે.*

**અ**નુસુચિત જનજાતિ અને અન્ય પરંપરાગત જંગલ વસાહતીઓ (જંગલ અધિકારો માન્યતા) અધિનિયમ, ૨૦૦૬ (જંગલ અધિકારો અધિનિયમ) અને તેના નિયમો અંગેનું જાહેરનામું બહાર પડવા સાથે નૂતન વર્ષના સૂર્યોદયનું પો ફાટ્યું. કેટલાક વિદ્વાન લોકો આ અધિનિયમની વિરુદ્ધમાં છે તે કેટલાંક તરફેણમાં. આ પૈકીના કેટલાકનું માનવું છે કે વનવાસી જનજાતિઓ અને અન્ય જંગલ વસાહતીઓને અનામત પ્રક્રિયામાં ઐતિહાસિક અન્યાય થયો છે તો વાઘના અસ્તિત્વ માટે ચિંતાશીલ કેટલાક લોકોનું માનવું છે કે જંગલની છેલ્લી બચી ગયેલી જમીન એવા સમુદાયના હાથમાં જઈ રહી છે કે જેમનું વન્યજીવન અને ખાસ કરીને વાઘ સાથે સહઅસ્તિત્વ સંભવ નથી. સત્ય કદાચ આ બંને તથ્યો વચ્ચે છુપાયેલું છે અને હવે તો વનવાસી આદિજાતિઓને થયેલો ઐતિહાસિક અન્યાય દૂર થશે કે પછી આપણે બીજી ઐતિહાસિક ભૂલ કરવા જઈ રહ્યા છીએ તે અંગેનો નિર્ણય, સરકાર અને આ સમુદાયની પ્રામાણિકતા અને પ્રયાસ જ નક્કી કરશે.

પ્રથમ તો આ કાયદો ઘડાયો કઈ રીતે એની હકીકત જાણવી મહત્વની છે. આ અધિનિયમ અને નિયમો ઘડી કાઢતાં ભારત સરકારને બે વર્ષ જેટલો સમય લાગ્યો છે. જો કે અધિનિયમ અને નિયમો ઘડી કાઢવા રચાયેલા તકનિકી સહાયક જૂથોએ તો સમયાવધિ પહેલાં જ પોતે તૈયાર કરેલા મુસદ્દા સુપરત કરી દીધા હતા. આખરે પ્રતિક્ષાનો અંત આવ્યો અને ત્યાર બાદ જે વ્યૂહો અપનાવવામાં આવ્યા તેમાં અધિનિયમના ઈરાદા અને હેતુની સમજનો અભાવ જ વર્તાય છે. સ્પષ્ટપણે કહી શકાય કે જંગલોમાં બે સમુહો રહેતા આવ્યા છે.. વાઘ અને આદિજાતિ ! વાઘોની હત્યા થતી રહી છે અને વનવાસી આદિજાતિઓને જંગલો ખાલી કરવાનો વારો આવ્યો છે.

તો પછી આ કાયદો શું કહે છે ? કાયદામાં એવી ધારણા કરવામાં આવી છે કે સંસ્થાનવાદી અને સંસ્થાનવાદ પછીના સમયગાળામાં જંગલ અભ્યારણો અને સુરક્ષિત વિસ્તારોના સર્જન માટે હાથ ધરાયેલી અભ્યારણો સંબંધી પ્રક્રિયા ખોટા રસ્તે લઈ જનારી હતી. આ પ્રક્રિયામાં આદિજાતિ સમુદાયો સહિતના વનવાસી સમુદાયોના અધિકારોને નકારવામાં આવ્યા હતા. તેથી અધિનિયમમાં સમુદાય કે વ્યક્તિ પોતાના ઐતિહાસિક દાવાઓને પુરવાર કરતા એ પ્રકારના સાચા દાખલાઓ સંબંધેના પુરાવા રજુ કરે તો હવે તેમના એ અધિકારોની નોંધ રેકર્ડ પર લેવાની પ્રક્રિયા સુનિશ્ચિત કરવામાં આવી છે. અધિનિયમમાં ત્રિસ્તરીય સત્તા માળખાની રચના કરીને, સમયમર્યાદામાં અગાઉ નોંધાયેલા જંગલ અધિકારોને માન્યતા આપીને, આવા સમુદાયોને થયેલા ઐતિહાસિક અન્યાયને દૂર કરવા ચોક્કસ માળખાની રચના કરવામાં આવી છે. વ્યક્તિગત અને પારિવારિક ધોરણે જંગલ જમીન, ગોચરમાં ઘાસ ચરાવવાના કે પછી ભટકતા સમુદાયોના અધિકારો સહિતના સંખ્યાબંધ જંગલ અધિકારો ઉપરાંત નાની મોટી જંગલ પેદાશોની માલિકી સહિતના અધિકારોને માન્યતા આપવા પ્રયાશ થશે.

(લેખક સુપ્રિમકોર્ટના ધારાશાસ્ત્રી અને જંગલ અધીકાર અધિનિયમ ઘડી કાઢવા માટે રચાયેલા તકનિકી સહાયક જૂથના સભ્ય પણ છે.)

વધુમાં, અધિનયમમાં સામુદાયિક જંગલ સંસાધનોના બચાવ, વહીવટ અને પુનઃસર્જનના અધિકારોની જોગવાઈ છે, જંગલોમાં વસી રહેલા આ સમુદાયોને પહેલી જ વાર આવી ફરજો બજાવવાની માત્ર જવાબદારી નથી સોંપવામાં આવી પરંતુ સત્તા પણ સોંપવામાં આવી છે. આ અધિનિયમમાં સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે કે અન્ય કોઈપણ કાયદાને બાધક બન્યા વિના થયેલી આ વધારાની જોગવાઈ છે. તેનો સરળ અર્થ એટલો જ થાય કે આ પ્રકારની જોગવાઈ ધરાવતા કોઈ અન્ય કાયદા હશે તો જંગલ અધિકારો અધિનિયમ આવા બંને કાયદાને આવરી લેશે અને આ પ્રકારના કાયદાનો સામસામે ઉપયોગ નહીં કરી શકાય. આ અધિનિયમમાં જમીન પ્રાપ્તિના કદ અંગે પણ કેટલીક વિવાદાસ્પદ જોગવાઈઓ છે (ચાર હેક્ટરની મહત્તમ મર્યાદા) જંગલમાં વસી રહેલી અનિસૂચિત જનજાતિઓ માટેની 'કટ ઓફ ડેટ' ૧૩ ડિસેમ્બર, ૨૦૦૫ છે (જે સ્વયંસ્પષ્ટ નથી) અને જંગલમાં વસી રહેલા અન્ય સમુદાયોએ નિયોમોની જોગવાઈ મુજબ, રેકર્ડ આધારિત પુરાવાની મદદથી તેમના જંગલના એ સ્થાન પરના ૭૫ વર્ષના અસ્તિત્વને સાબિત કરવાનું છે. આ જોગવાઈએ આ અધિનિયમની વિરુધ્ધ અને તરફેણમાં અનેક દંતકથાઓને જન્મ આપ્યો છે.

આ તબક્કે એ અગત્યનું બની રહ્યું છે કે 'વાઘવાળા' અને 'આદિજાતીવાળા' એમ બંનેનો બલિ તો નથી ચઢાવી દીધોને (?) તેની સમીક્ષા થવી જરૂરી છે. મૌનધારી બહુમત ભારપૂર્વક 'હા' જ કહેશે. જંગલ અધિકારો અધિનિયમના સમયને જે જમીન તબદીલ થવાની છે તેના કદ અંગેની ગેરસમજો, માલિકી, માન્યતા, કટ ઓફ ડેટ, ફરજો અને અધિનિયમની મર્યાદાઓના મુદ્દે ફેલાયેલી ખોટી માહિતીઓ અને અતિશયોક્તિઓ વગેરેના અવરોધોનો સામનો કરવો પડશે.

કાયદાની આમુખમાં સ્પષ્ટપણે કહેવાયું છે કે જે લોકો પેઢીઓથી જંગલેમાં વસી રહ્યા છે પરંતુ જેમના જંગલ અધિકારોની નોંધ નથી થઈ શકી, તેવા લોકોના જંગલ અધિકારોને માન્યતા આપવાનો કાયદાનો હેતુ હોવા ઉપરાંત જંગલ સુરક્ષાને સુદ્રઢ બનાવવા, પર્યાવરણની જાળવણી અને જૈવિક વૈવિધ્ય બાયોડાયવર્સિટીની સોંપણીનો પણ અધિનિયમ હેતુ ધરાવે છે. વૈશ્વિક રીતે આ સ્વીકૃત સિદ્ધાંત છે, જેમાં જંગલ સુરક્ષાનો પણ અસરકારક અમલ થઈ શકે તે રીતનો વ્યૂહ અપનાવવો.

ફિલિપાઈન્સમાં અમલી બનેલા સ્વદેશી લોકોના અધિકારો, ઓસ્ટ્રેલિયાના મૂળ વતનીઓને અપાયેલા ટાઈટલ્સ, તેમ જ સિત્તેરના દાયકાથી અમલી સહભાગિતાની જંગલ નીતિમાં પણ જંગલ વહીવટમાં જંગલ સમુદાયોની મધ્યસ્થ ભૂમિકા પર જ ભાર મૂકવામાં આવ્યો છે. પર્યાવરણ મંત્રાલયે પણ ભૂતકાળમાં જંગલ જમીનોના ટાઈટલ્સ અને જંગલ જમીનો અંગે પ્રવર્તતી તકરારોને મુદ્દે પ્રવર્તતી વિસંગતતાઓમાં સુધારા માટેના આદેશો કર્યા જ હતા.

તો પછી આ અતિ જાણીતા બનેલા નવા દૃષ્ટિકોણ અને અતિશયોક્તિઓનું શું ? અધિનિયમ હેઠળ પ્રત્યેક આદિવાસી પરિવારને જંગલની ચાર હેક્ટર જમીન ફાળવણીની અધિનિયમમાં જોગવાઈ છે ? ના, આ પરિવારો હસ્તક અત્યારે જેટલી જમીન હોય એ પૈકીની ચાર હેક્ટર જમીનને જ જંગલ, આદિજાતિ, મહેસૂલ અને પંચાયત વિભાગો દ્વારા ત્રિસ્તરીય માળખામાં થયેલી ચકાસણીને અંતે ફાળવણી કરવાની જોગવાઈ છે. આ દાવાઓ નક્કર પુરાવા આધારિત થયેલા હોવા જોઈએ તેવી પણ જોગવાઈ છે. એ અલગ વાત છે કે તાજેતરમાં જાહેર થયેલા નિયમો હેઠળ ગ્રામ પંચાયતોની ગ્રામસભાઓને આ અંગેના દાવાઓ સ્વીકારી પહેલ કરવાની પ્રારંભિક જવાબદારી સોંપવામાં આવી છે.

આ બાબત સ્પષ્ટપણે જંગલ અધિકારો અધિનિયમના 'મેન્ડેટ'ના એક હિસ્સા સામેની વિરોધાભાસી જોગવાઈ છે.

ચાર હેક્ટર જમીનની મર્યાદા પાછળના તર્કને પણ ચોક્કસપણે પડકારી શકાય. આ ચમત્કારિક આંકડો વર્તમાન જંગલ ગામ નિયમોના ધોરણે સુનિશ્ચિત થયેલી ૨.૫ હેકટરની મર્યાદા સાથેની સોદાબાજીની ચાડી ખાય છે. સંયુક્ત સંસદીય સંમિતિ પણ જંગલ ગામ નિયમો મુજબની જમીન મર્યાદાની તરફદારી કરી રહી છે. સ્પષ્ટ પણે કહી શકાય કે ચાર હેક્ટરની જમીન મર્યાદા નક્કી કરવા પાછળ કોઇ વૈજ્ઞાનિક અને કાનૂની આધારનો આસરો નથી જ લેવાયો.

'કટ ઓફ ડેટ' નો મુદ્દો પણ કાંટાળો મુદ્દો છે. મારા મત મુજબ, આ અધિનિયમ સાથે 'કટ ઓફ ડેટ' સુસંગત નથી. ઐતિહાસિક અન્યાય ઐતિહાસિક રેકર્ડ ના આધારે સાબિત કરવો રહ્યો. સાચે જ ૧૩ ડિસેમ્બર ૨૦૦૫ એ કોઈ ઐતિહાસિક તારીખ નથી જ. આ 'કટ ઓફ ડેટ' દબાણોને નિયમિત કરવામાં આવશે તેની ચાડી ખાય છે. અને 'વાઘ બચાવ' લોબીને તે સામે વાંધો ઉઠાવવાનું કારણ છે જ. પરંતુ આ અધિનિયમ દબાણોને નિયમિત કરવાનો હેતુ નથી જ ધરાવતો. આ અધિનિમનો હેતુ છે, યોગ્ય પ્રક્રિયાની મદદથી અત્યાર સુધી રેકર્ડ પર નહિં લેવાયેલા જંગલ અધિકારોને રેકર્ડ પર લેવાનો છે. દેશના પ્રત્યેક વન્યજીવન સુરક્ષા અને જંગલ સંબંધી કાયદામાં સાચા મૂળ બોનાફાઈડ દાવેદાર માટે આવી પ્રક્રિયાનું નિરૂપણ છે જ પરંતુ એ કાયદા ક્ષતિ ભરેલા હોવાનું જાણીતું છે. સુપ્રિમમાં તેની સામે ઘા નાખવામાં આવતી રહી છે. તેથી જ જંગલ

અધિકારો, એ અધિનિમ વર્તમાન પ્રક્રિયાને સુઘડ બનાવવાનો એક પ્રયાસમાત્ર છે.

'વાઘ તરફી' રજૂઆત કરનારાઓ દાવો કરે છે કે જંગલ અધિકારો અધિનિયમ હેઠળ હજારો હેક્ટર જમીન આદિવાસીઓને તબદીલ થશે અને તેના માલિકીના હક પણ અપાશે. પરંતુ અધિનિયમમાં માલિકી (નાની-મોટી જંગલ પેદાશોને બાદ કરતાં) કે પછી જંગલ જમીનની તબદીલીનો ક્યાંય ઉલ્લેખ જ નથી. આ અધિનિયમ, જંગલોમાં પેઢીઓથી વસી રહેલા વનવાસીઓને તે જમીનના વપરાશનો અધિકાર આપે છે. કેટલાક લોકો એવી પણ દલીલ કરી રહ્યા છે કે ગ્રામસભા જેવા સરકારી સંચાલન ઢાંચાના સૌથી નીચેના સ્તરને આટલા મહત્ત્વના મુદ્દે અમલની પહેલ કરવાનું સોંપી શકાય નહીં. ગ્રામસભાઓ આટલી સક્ષમ નથી જ. તો પછી ગ્રામસ્તરે અન્ય સંસ્થાકીય ઢાંચો જ ક્યો છે ? આપણે સામાન્ય ગામડાની સમજદારી પર વિશ્વાસ મૂકતા આટલા અચકાઈએ શા માટે છીએ ? ગાંધી નામનો શખ્સ પણ તેમનામાં વિશ્વાસ મૂકતો હતો. અને જંગલોની સુરક્ષા સાચે જ કોણ કરે છે ? જંગલોની રોજબરોજની કામગીરી, ચોકી, ગાઈડ, બાતમીદાર, જંગલોનું જ્ઞાન ધરાવનાર, એ બધા શું ગામડાના જ સંતાન નથી હોતા ? શહેરમાંથી ઉત્સાહભેર વાઘ જોવા આવેલા લોકોને આ લોકો તો આંગળી ચીંધીને વાઘ બતાવતા હોય છે. આ અધિનિયમ, આવા લોકો જે ભૂમિ પર જીવતા હોય છે તે જંગલ પ્રદેશની જમીનોની સલામતી માટેનો છે.

તો પછી ભારતના વન્યજીવન અને વાઘ સામે વાસ્તવિક ખતરારૂપ કોણ છે ? આપણે વન્યજીવનમાં અવરોધ સર્જતા ગુનેગારોની ટોળકી સુધી પહોંચી શક્યા નથી. વન્યજીવન સંરક્ષણ અધિનિયમના અમલનાં ૩૫ વર્ષે પણ કેફી દ્રવ્યોની હેરાફેરી જેવા ગુનાના પછીના તરતના ક્રમે આવતા આ ગુનાઓ આચરનારા સુધી પહોંચી નથી શક્યા. આપણને સલમાનખાનો અને પટોડીઓમાં જ શા માટે રસ પડે છે ? શું વન્યજીવોના તેઓ એકલા જ ગુનેગારો છે ? આપણે વન્ય જીવન સુરક્ષાનું યોગ્ય માળખું જ ઊભું નથી કર્યું અને લોકોને ગેરમાર્ગે દોરવા આવા નુસખા કરતા રહીએ છીએ. આપણા દેશમાં વન્યજીવન નબળું પડવાનું આ મોટામાં મોટું કારણ છે.

જંગલ અધિકારો અધિનિયમના નિયમોમાં 'નાશને આરે આવેલા વન્યજીવો' મૂકાઈ ગયા છે. અધિનિયમની જોગવાઈ પર બારીકીથી નજર નાખવામાં આવે તો સત્તાક્ષેત્રોમાં નાનામોટા સુધારા થયા છે બસ એટલું જ. વન્યજીવન સુરક્ષા અધિનિયમ,૨૦૦૬ અને આ જંગલ અધિકારો અધિનિયમમાં આ મુદ્દે કોઈ મોટો ભેદ નથી. બંને કાયદામાં કાર્યરીતિ પણ સમાન જ સૂચવવામાં આવી છે.

વધુમાં, તાજેતરમાં થઈ રહેલી ચર્ચાઓ, જંગલ અધિકારો અંગે એવો પ્રતિઘોષ જન્માવે છે કે આ અધિકારો 'સર્વેસર્વા' છે. અને જંગલ સુરક્ષા સંબંધી કાયદાઓની વર્તમાન જોગવાઈઓથી પણ વધી જઈને છે. અધિનિયમમાં થયેલી ચૂકનો આ 'ક્લાસિક' કિસ્સો છે !

વાસ્તવમાં આ અધિનિયમ અન્ય કાયદાઓને અવરોધતો નથી, પરંતુ માત્ર જંગલ અધિકારોની માન્યતાને મુદ્દે જ સર્વોપરિતા ધરાવે છે.

અધિનિયમના નિયમોનો ઢાંચો અપેક્ષા પુરી કરવામાં ઊણો ઊતર્યો છે. નિયમોની જોગવાઈઓએ અમલને આસાન નથી જ રાખ્યો. પરંપરાગત ગ્રામ પંચાયતની ગ્રામસભાઓના આધાર પર અમલને છોડી દેવામાં આવ્યો છે. માહત્વની આ પ્રક્રિયાની પહેલમાં પંચાયત મંત્રીની ભૂમિકા પણ બાંધવામાં આવી છે. જંગલ સંસાધનોની સુરક્ષા અને પુનઃનિર્માણ અંગેના વ્યૂહો સંબંધે પણ કોઈ સ્પષ્ટતા નથી. સરકાર અને સમુદાયો દ્વારા વર્તમાનમાં સહભાગિતાથી થતા જંગલ વહીવટના વ્યૂહો અને પધ્ધતિઓ અંગેની કોઈ સ્પષ્ટતા નથી, સામુદાયિત જંગલ સંસાધનો નિર્ધારિત કરવા માટેની કોઈ ચોક્કસ પ્રક્રિયા સુનિશ્ચિત થતી નથી, નાશને આરે પહોંચેલા વન્યજીવો (ક્રિટીકલ વાઈલ્ડ લાઈફ હેબિટેટ) ના મુદ્દે અધિનિયમમાં મૌન સેવાયુ છે અને જંગલ અધિકારોને માન્યતા આપતી પ્રક્રિયામાં સુસભ્ય સમાજનું પ્રતિનિધિત્વ જ નથી વગેરે બાબતો અમલને મુશ્કેલ અને જટિલ બનાવી દે છે.

એવા ભયજનક વલણો સર્જાવાની સંભાવના રહે છે કે શહેરી જંગલ સુરક્ષાના તરફદારો વચ્ચેની ભેદરેખા અદાવતોના ખંડો સુધી પહોંચશે. જંગલખાતાના નિવૃત્ત અધિકારીઓ, અને શિકારીમાંથી હવે વન્યજીવન સંરક્ષક બની ચૂકેલા કાર્યકરો દ્વારા તામિલનાડુ, આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર અને દીલ્હીની સર્વોચ્ચ અદાલતમાં પણ છ જેટલી અરજીઓ થઈ ચૂકી છે. પણ આશ્ચર્યની વાત તો એ છે કે જંગલના એક કેસમાં પ્રતિનિધિત્વ કરી રહેલી એક વ્યક્તિ (એમિક્સ ક્યુરી) એ તો અધિનિયમનો જાહેર વિરોધ કરીને સંસદ આ અધિનિયમને બહાલી આપે એ પહેલાં જ તેનો વિરોધ કરતી અરજી દાખલ કરી દીધી હતી. એનાથી પણ વધુ આશ્ચર્ય થાય એવી બિના એ હતી કે અધિનિયમની બંધારણીયતાને પડકારતા થયેલી આ અરજીના સંદર્ભમાં, સુપ્રિમ કોર્ટે ગણતરીની મિનિટોમાં જ સત્તાવાળાઓને નોટિસ આપવા નિર્ણય લઈ લીધો હતો. મૂળ અરજદાર કે પછી તેના ધારાશાસ્ત્રીએ આ નોટિસના સંદર્ભમાં દલીલો પણ નહોતી કરી. એ તબક્કે જ કેન્દ્ર સરકારના કાનૂની તંત્રે કાનૂની લડાઈ આપવા પૂરતી

તૈયારી કરી લીધી હતી. મુઠ્ઠીભર લોકોનો વિરોધભર્યો ગણગણાટ આ ઐતિહાસિક અધિનિયમમાં ભાંગફોડ સર્જે તેવી શક્યતાઓ જોવાતી હતી. તેથી જ સરકારે ઉપર મુજબની કવાયત કરી હતી.

આ એક અતિ મુશ્કેલ અધિનિયમના અમલ માટે વર્તમાન તંત્રના ઢાંચાને સુદઢ બનાવવાનો પણ મોટો પડકાર રહેલો છે. આ અધિનિયમના અમલ માટે બોલાવવામાં આવનારી ગ્રામસભાને સુદઢ બનાવવાની ખાસ જરૂર છે. સાદગીભર્યા શબ્દોમાં કાયદાની સાચી સમજ તેમના સુધી પહોંચે તે અતિ જરૂરી છે. સબડિવિઝન સ્તરની સમિતિઓ અને વિભાગીય સ્તરની સમિતિઓ પણ આ અધિનિયમની જોગવાઈઓની જાણકારીથી સુસજ્જ થઈને જંગી કાર્યવાહીના વહન માટે સક્ષમ બને તે જરૂરી છે. અગાઉ ઐતિહાસિક રીતે અપનાવવામાં આવેલી ખોટી પ્રક્રિયાઓમાં બદલાવ લાવીને હેતુપૂર્તિની સફળતા માટે પ્રારંભિક તૈયારીઓ જ અગત્યની છે.

અન્યથા, આપણી પ્રાકૃતિક સંપદાનીજ જાળવણીમાં અગત્યની ભૂમિકા નિભાવી રહેલા સમુદાયોને, તેમના જંગલ અધિકારોની પ્રાપ્તિ થાય તે મુજબના અધિનિયમના મૂળ હેતુને પહોંચાડવાને બદલે પ્રક્રિયાઓ આડા માર્ગે ફંટાઈ જવાની ભીતિ પણ રહે છે.

છેલ્લે મારે એક જ પ્રશ્ન કરવો છે કે શું વનસુરક્ષા માટે ઝઝૂમી રહેલા કાર્યકરો શું વનવાસીઓને ધિક્કારે છે કે પછી વનવાસી તરફી કાર્યકરો આપણા પર્યાવરણ પ્રતિ ચિંતિત નથી ? આ બંનેમાંથી એકપણ હકીકત સાચી નથી. નાનામોટા મતભેદો ભૂલીને આપણા રાષ્ટ્રીય વારસા સમાન વાઘ અને વનવાસી એમ બંનેને ગુમાવી દઈએ તે પહેલાં સાચી દિશામાં સક્રિય થવાની આવશ્યકતા છે.

• • •

(અનુસંધાન પાના નં. ૫ થી શરૂ)

છે. આ રીતે જંગલ અધિકાધારકના હીતોની તરફેણ કરવા સાથે અન્યોના ગેરકાયદે જંગલ હિતોને શરણે થઈને ટૂંકામાર્ગે નાણા રળવા પર પણ રોક લગાવ્યો છે. આપણા જંગલો માત્ર દેશ જ નહીં પરંતુ સમગ્ર માનવજાત માટે ખૂબજ ઉપયોગી છે. તેથી જ જંગલ અધિકારો સુનિશ્ચિત કરતી વખતે ગ્રામસભાઓ અને વિવિધ સમિતિઓએ વનવાસીની વાસ્તવિક જરૂરિયાતની સાથોસાથ વનસુરક્ષાના આપણા માપદંડોની પણ તકેદારી રાખવાની છે. જંગલ અધિકારો આપવાની સાથોસાથ ગ્રામસભાએ એ બાબત પણ સુનિશ્ચિત કરવાની રહે છે કે અન્ય રાજ્યોમાં જેમ લોકો તંત્રથી દૂરી બનાવી રહ્યા છે તેનું એમના જંગલોમાં પુનરાવર્તન ન થાય.

જંગલોનો યોગ્ય સુચારુ વહીવટ વન અને વનવાસીઓ વચ્ચેના પ્રતિકાત્મક સબંધને આધિન છે. આપણા જંગલ પર્યાવરણ માટે આ આયામોની સંભાળ જરૂરી છે. આ અધિનિયમે ગ્રામસભાઓને જંગલ અધિકારો પ્રસ્થાપિત કરવા સામુદાયિક જંગલ સંપત્તિના વહીવટ તેમજ સામુહિત જરૂરિયાત માટે જંગલ જમીન ફાળવણી માટેના નિર્ણયો લેવા જેવી મહત્વની ભૂમિકા આપીને ગ્રામસભા અને પંચાયતી રાજ સંસ્થાને વધુ બળવત્તર બનાવી છે. ગ્રામસભા જ એવું એકમ છે કે જે આટલું વિશાળ કાર્ય હાથ ધરી શકે. રાજ્ય સરકારો, જિલ્લા વહીવટતંત્ર અને સંબંધિત વિભાગોની સંયુક્ત મદદથી અને રાજકીય ઈચ્છાશક્તિથી આ બંધારણીય જોગવાઈનું પાલન થશે. મને વિશ્વાસ છે કે આ ઐતિહાસિક તકને કારણે આવી પડેલા પડકારોને પહોંચી વળવા ગ્રામસભા અને પંચાયતી સંસ્થાઓ પક્ષમ સાબિત થશે.

• • •

(અનુસંધાન પાના નં. ૮ થી શરૂ)

મધ્યભારતમાં આ પ્રશ્ન એટલો વિકટ બન્યો છે કે વન અધિકાર સમિતિની રચનામાં સ્થાપિત હિતો ફરીથી પ્રવેશ કરી રહ્યાં છે. જેથી, સાચા આદિવાસીઓ જમીન ખેડવાના અધિકારથી વંચિત રહે અને તેમની મજૂરી કરતા રહે. જેમ પ્રત્યેક કાયદાની કે સરકારી હુકમની મર્યાદા હોય તે ન્યાયે આ કાયદાની પણ મર્યાદાઓ છે, છતાં લાખો આદિવાસીને ન્યાય આપવામાં નિમિત્ત બનેલ છે.

સમગ્ર ભારતમાં ફેલાયેલાં જંગલો સાથે વંશપરંપરાગત, સાંસ્કૃતિક, સામાજિક તથા આર્થિક રીતે જોડાયેલા અગણિત આદિવાસી પરિવારોના જીવનમાં આ કાયદો શાંત પરિવર્તન લાવી રહ્યો હોવાના અણસાર મળી રહ્યા છે. જંગલ ખાતાના અધિકારીઓનો ભય ભોગવી દબાઈ ગયેલા આદિવાસીઓ વારસા હક્કના દાખલા અને દંડ ભર્યાની પહોંચ-પાવતી જેવા પુરાવા એકઠા કરી ગર્વભેર ગ્રામસભા સમક્ષ જમીન માટે દાવો રજૂ કરી રહ્યા છે. વન અધિકાર સમિતિઓ લોકશાહી ઢબે પોતાને મળેલી સત્તાનો ઉપયોગ કરી, જમીનનો હક્ક નક્કી કરવામાં આગળ વધી રહી છે.

૧૫૦ વર્ષની લડાઈ પછી આદિવાસીઓની જિંદગી ઉપર છવાયેલું જંગલખાતાનું આધિપત્ય સમાપ્ત થયું છે, વન સાથે વનવાસીઓનું અધિકારપૂર્વક પુર્નમિલન થયુંછે, છતાં આ કાયદાનો વિરોધ શમ્યો નથી. તે બંધારણ સાથે અસંગત હોવાનો આક્ષેપ ધરાવતી ચાર પિટીશન ત્રણ વડી અદાલતમાં અને એક કેસ સુપ્રિમ કોર્ટમાં દાખલ થઈ ચુકી છે. પોતાના વતનમાં પેશકદમીનો ગુનો ભોગવવો પડે તેવી હાલત હવે સમાપ્ત થઈ છે, તે આઝાદી પછી માનવમુક્તિની સૌથી મોટી ઘટના છે.

• • •

ધી શિડ્યુલ્ડ ટ્રાઈબ્સ એન્ડ ટ્રેડિશનલ ફોરેસ્ટ ડવેલર્સ (રેકગ્નિશન ઓફ ફોરેસ્ટ રાઈટસ) એક્ટ ૨૦૦૬

# અનુસૂચિત જનજાતિઓ અને અન્ય વંશપરંપરાગત વનવાસીઓ (વનના હક્કોની માન્યતા) ધારો, ૨૦૦૬ ૨૦૦૭નો નં. ૨

વનમાં વસતી અનુસૂચિત જનજાતિઓ અને પેઢિઓથી આવાં વનોમાં વસતાં અન્ય વંશપરંપરાગત રહેવાસીઓ, જેમના હકોની નોંધણી નથી કરી શકાઈ એમના વનના હકો અને વનની જમીનના કબજાને માન્યતા આપવાનો અને એ કબજાની સોંપણી કરવાનો, પ્રસ્થાપિત થયેલા વનના આવા હકોની નોંધણી માટે માળખું પૂરું પાડવાનો અને વનની જમીન સંબંધમાં આવી માન્યતા તેમજ સોંપણી માટે જરૂરી પ્રકારના પુરાવાની જોગવાઈ કરવાને લગતો કાયદો.

વનમાં વસતા અનુસૂચિત જનજાતિના લોકો અને પરંપરાગત વનમાં વસનારા અન્ય રહેવાસીઓના માન્ય હકોમાં આવાં વનોને એકધારા જાળવી શકાય એવા ઉપયોગ જૈવિક વૈવિધ્યનાં જતન અને ઈકોલોજીકલ સમતુલાની જાળવણી માટેની જવાબદારીઓ અને સત્તાનો સમાવેશ થાય છે અને એ દ્વારા વનમાં વસતી અનુસૂચિત જનજાતિઓ અને વનમાં પરંપરાગત વસતાં અન્ય રહેવાસીઓના જીવનગુજારા તેમજ અન્ન સલામતી સુનિશ્ચિત કરવા દરમ્યાન વનોના સંવર્ધનમાં તંત્રને મજબૂત કરવાનો સમાવેશ થાય છે.

વંશપરંપરાગત જમીનો અને એમનાં કુદરતી નિવાસસ્થાન ઉપરના હકોને સંસ્થાનવાદી શાસનકાળ તેમજ સ્વતંત્ર ભારતમાં રાજયોમાં વનોને સુદ્રઢ કરવા દરમ્યાન યોગ્ય રીતે માન્ય નહોતા કરવામાં આવ્યા અને એનાં પરિણામે વનમાં વસતા આદિવાસી જાતિઓના લોકો અને અન્ય પરંપરાગત વનમાં વસનારાઓ, જેઓ વનની ઈકોસીસ્ટમને જીવંત રાખવાની અને ટકાવી રાખવાની વ્યવસ્તાના આવશ્યક આંતરિક હિસ્સારૂપ છે એમને ઐતિહાસિક અન્યાય થયો હતો.

રાજયની વિકાસને લગતી દરમ્યાનગીરી, વિકાસના પગલાને કારણ જેમને એમનાં આવાસનું સ્થળાંતર કરવાની ફરજ પડી હતી એમના સહિત વનમાં વસનારા અનુસુચિત જાતિઓના લોકો અને અન્ય પરંપરાગત વનવાસીઓના જમીન ધારણ કરવાના તેમજ એમાં પ્રવેશવાના હકની લાંબા સમયની બિન સલામતીની સમસ્યાનું નિરાકરણ કરવાનું જરૂરી બન્યું છે.

સંસદ દ્વારા પ્રજાસત્તાક ભારતનાં ૫૭માં વર્ષમાં નીચે મુજબનો કાયદો ઘડવામાં આવ્યો.

**પ્રકરણ -૧**

**પ્રાથમિક**

**ટુંકુનામ અને પ્રારંભ**

(૧) આ કાયદાને અનુસૂચિત જનજાતિઓ અને અન્ય પરંપરાગત વનવાસીઓ (વનના હકોની માન્યતા) ધારો, ૨૦૦૬ એવું નામ આપવું.

(૨) આ કાયદો જમ્મુ અને કાશ્મીર રાજય સિવાય સમગ્ર ભારતને લાગુ.

(૩) કેન્દ્ર સરકાર એના સત્તાવાર ગેઝેટમાં જાહેરનામાં દ્વારા નક્કી કરે - બહાર પાડે એ તારીખથી આ કાયદો અમલી બનશે.

**વ્યાખ્યા ૨**

(એ) આ કાયદામાં સિવાય કે કોઈક ચોક્કસ સંદર્ભમાં અન્ય અર્થઘટન જરૂરી હોય.

સહિયારા વન સાધનો નો અર્થ, ગામની પરંપરાગત અથવા તે પ્રચલિત સીમાઓની અંદરની પ્રચલિત સમાન વન જમીન અથવા તો ગોવાળોની કામોના હિસ્સામાં અનામત વનો, રક્ષિત વનો તેમજ અભયારણો અને રાષ્ટ્રીય ઉદ્યાનો જેવા રક્ષિત વિસ્તારો જેમાં આ કોમ પરંપરાગત રીતે પ્રવેશ કરી શકતી હોય એના સહિત ઘાસચારાની જમીન (લેન્ડ સ્કેપ) નો મોસમી ઉપયોગ એવો થાય છે.

(બી) મહત્વના વન્ય પ્રાણીઓના કુદરતી નિવાસસ્થાનનો અર્થ રાષ્ટ્રીય ઉદ્યાનો અને અભયારણ્યોના એવા વિસ્તારો જ્યાં કિસ્સાવાર, વૈજ્ઞાનિક અને વાસ્તવિક / વત્સનિષ્ઠ માપદંડોના આધારે એવું ચોક્કસ અને સ્પષ્ટ પ્રસ્થાપિત થયું હોય કે આવા

વિસ્તારોને વન્ય પ્રાણીઓના રક્ષણના હેતુ માટે અખંડ રાખવાની જરૂર હોય, આ અંગેનો નિર્ણય કેન્દ્ર સરકારના પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા, આ સરકારે સંબંધિત વિસ્તાર માટે જે નિષ્ણાંતોની નિમણૂંક કરી હોય, એવા નિષ્ણાંતો ધરાવતી નિષ્ણાંતોની સમિતિ સાથેની મસલતોની ખુલ્લી પ્રક્રિયા પછી લેવાયેલો અને જાહેરનામા દ્વારા બહાર પાડવામાં આવેલો હોવો જોઇએ. વધુમાં આવા વિસ્તારોને, કલમ(૪)ની પેટા કલમો (૧) અને (૨) માંથી ઉભી થતી કાર્યપધ્ધતિની જરૂરિયાતો મુજબ નક્કી કરવામાં આદિવાસીઓની બાબતો અંગેના મંત્રાલયના એક પ્રતિનિધિનો પણ સમાવેશ કરવો જોઇએ, એવો થાય છે.

(સી)વનમાં વસતી અનુસુચિત જનજાતિઓનો અર્થ જે અનુસુચિત જનજાતિઓના સભ્યો અથવા તે સમાજ જે મુખ્યત્વે જંગલોમાં રહેતા હોય અને જેઓ એમના જીવન ગુજારાની ખરેખરી જરૂરિયાતો માટે જંગલો અથવા જંગલની જમીનો ઉપર આધાર રાખતા હોય અને જેમાં આદિવાસીઓની ભરવાડ કોમોનો સમાવેશ થતો હોય એવો થાય છે.

(ડી) જંગલની જમીનનો અર્થ કોઈપણ જંગલ વિસ્તારની અંદરની કોઈપણ વર્ણનની જમીન એવો થાય છે અને એમાં નિવર્ગીકૃત જંગલો, સીમાંકન વગરના જંગલો, હાલના જંગલો અથવા તો જેને જંગલ ગણવામાં આવ્યા હોય એવા (ડીમ્ડ) જંગલો, રક્ષિત જંગલો, અનામત જંગલો, અભ્યરણ્યો અને રાષ્ટ્રીય ઉદ્યાનોનો સમાવેશ થાય છે.

(ઇ) જંગલ હકો નો અર્થ કલમ નં.૩માં જે જંગલ હકોનો ઉલ્લેખ થયો છે એવો થાય છે.

(એફ) જંગલનાં ગામડાંનો અર્થ જંગલોની અંદર કોઈપણ રાજ્ય સહકારના વન વિભાગ દ્વારા વનીકરણની કામગીરી માટે સ્થાપવામાં આવેલી વસાહતો અથવા તો જેનું વન અનામતની પ્રક્રિયા મારફત જંગલનાં ગામડામાં રૂપાંતર થયું હોય, અને એવાં જંગલની વસાહતોનાં ગામડાં, ચોક્કસ માંગણીની જમીનો, તમામપ્રકારની તૌનગ્યા વસાહતો, આવાં ગામડાં માટેની ગમે તે નામે ઓળખાતીવસાહતો, તેમજ ખેતી અને સરકાર દ્વારા અન્ય ઉપયોગ માટે પરવાનગી આપવામાં આવેલી જમીનો એવો અર્થ થાય છે.

(જી) ગ્રામસભાનો અર્થ ગામની એક સભા જે ગામના તમામ પુખ્ત વયના લોકોની બનેલી હોય અને જે રાજ્યોમાં પંચાયતો ન હોય એવાં કિસ્સામાં પાડા, તોલા અને ગામની અન્ય પરંપરાગત સંસ્થાઓ તથા ચૂંટાયેલી ગ્રામ સમિતિઓ, જેમાં મહિલાઓ સંપૂર્ણ અને અનિયંત્રિતપણે હિસ્સેદાર હોય એવો થાય છે.

(એચ) કુદરતી નિવાસ્થાનમાં પરંપરાગત કુદરતી નિવાસસ્થાનનાં વિસ્તાર તેમજ અનામત જંગલો અને અણવિકસીત આદિવાસી જૂથો, ખેતીના સમય પહેલાનાં કામો તથા વનમાં વસતા અન્ય અનુસુચિત જનજાતિઓનાં રક્ષિત વનોમાંનાં આવા અન્ય કુદરતી નિવાસ્થાનોનો સમાવેશ થાય છે.

(આઈ) ગૌણવન પેદાશોનાં છોડમાંથી ઉત્પન્ન થતી હોય એવી, ઈમારતી લાકડાં વિસ્તારની તમામ પેદાશોનો સમાવેશ થાય છે. જેમાં વાંસ, ઝાડી ઝાખરાં, ઠૂંઠા, નેતર, રેશમના કીડાના કોશેટા, ટસર, મધ, લાખ, મધપૂડાનું મીણ, લાખ, ટેન્ડુ અને કેન્ડુનાં પાંદડાં, ઔષધીય વનસ્પતિ, અને છોડ, મૂળિયા, કંદમૂળ વગેરેના સમાવેશ થાય છે.

(જે) મધ્યવર્તી સંસ્થા કે નોડલ એજન્સીનો અર્થ કલમ ૧૧માં નિર્દીષ્ટ નોડલ એજન્સી

(કે) જાહેરનામુ એટલે સત્તાવાર ગેઝેટમાં પ્રસિદ્ધ થયેલું જાહેરનામુ

(એલ) નિયતકરાએલું એટલે આ કાયદા હેઠળ બનાવાયેલા નિયમો દ્વારા નિયત કરાયેલું.

(એમ) અનુસુચુત વિસ્તારોનો અર્થ બંધારણની કલમ ૨૪૪ના ક્લોઝ (૧)માં જેનો ઉલ્લેખ થયો છે એ અનુસુચિત વિસ્તારો

(એન) એકધારા જાળવી શકાય એવા ઉપયોગનો અર્થ બાયોલોજીકલ ડાયવર્સિટી એક્ટ,૨૦૦૨ની કલમ ૨ ના ક્લોઝ ૨૦૦૩નો ૧૮ (ઓ)માં એનો જે અર્થ કરાયો છે એ મુજબનો જ રહેશે.

(ઓ) અન્ય પરંપરાગત વનવાસીનો અર્થ કોઈપણ સભ્ય અથવા તો કોઈ જેણે ૧૩મી ડીસેમ્બર,૨૦૦૫ અગાઉ ઓછામાં ઓછી ત્રણ પેઢીથી મુખ્યત્વે જંગલમાં વસવાટ કર્યો હતો અને જે પોતાનાં જીવન ગુજારાની ખરેખરી જરૂરિયાતો માટે જંગલ અથવા જંગલની જમીન ઉપર અવલંબિત હોય એવો થાય છે.

સ્પષ્ટતા : આ ક્લોઝના હેતુ માટે પેઢીનો અર્થ ૨૫ વર્ષનો સમયગાળો એવો થાય છે.

(પી) ગામડાનો અર્થ

(૧) પંચાયત (અનુસુચિત વિસ્તારોમાં વિસ્તરણ) ધારો, ૧૯૯૬ની જોગવાઈઓની કલમ ૪ના ક્લોઝમાં જે ગામડાનો ઉલ્લેખ છે એ અથવા

(૨) અનુસુચિત વિસ્તારો સિવાય,

પંચાયતોને લગતા રાજ્યના કોઈપણ કાયદામાં જેનો ગામડાં તરીકે ઉલ્લેખ થયો હોય એવો કોઈપણ વિસ્તાર અથવા

(૩) જંગલમાં ગામડાં, જૂનાં વસવાટો અથવા વસાહતો અને ગામડા તરીકે નોટિફાઈડ હોય કે ન હોય એવાં, સર્વે નં. થયો હોય એવાં ગામડાં અથવા

(૪) જે રાજ્યોમાં પંચાયતો ન હોય એમાં, ગમે તે નામ ધરાવતાં પરંપરાગત ગામડાં

(ક્યુ) વન્યપ્રાણીનો અર્થ વન્ય પ્રાણી (સંરક્ષણ) ધારો, ૧૯૭૨ના પરિશિષ્ટ ૧ થી ૫ માં સૂચવાયેલાં કોઈપણ જાતિ-પ્રકારનાં પ્રાણી અને કુદરતમાં જંગલી રૂપમાં મળી આવતાં પ્રાણી એવો થાય છે.

**પ્રકરણ - ૨**

૩(૧) આ કાયદાના હેતુ માટે, નીચેના અધિકારો, જે વ્યક્તિ અથવા કોમનો કે બન્નેનો જમીનનો કબજો ભોગવટો સુરક્ષિત કરે છે, એ જંગલમાં રહેતી અનુસુચિત જનજાતિ તેમની અન્ય વંશપરંપરાગત જંગલમાં રહેનારા લોકોના જંગલની તમામ જમીનો ઉપરના જંગલના અધિકારો ગણાશે.

(એ) જંગલમાં વસતા અનુસુચિત જનજાતિના લોકો અથવા તો અન્ય વંશપરંપરાથી જંગલમાં રહેતા લોકોના સભ્ય અથવા સભ્યો દ્વારા વસવાટ માટે અથવા જીવનગુજારા અર્થે જાતે ખેતી કરવા માટે વ્યક્તિગત અથવા સહિયારા કબજા હેઠળ જંગલનીજમીન ધરાવવાનો તેમજ એના ઉપર રહેવાનો હક.

(બી) નિસ્તાર જેવો સહિયારા હકો, જે ગમે તે નીચે ઓળખાતા હોય, જેમાં અગાઉનાં રજવાડામાં જમીનદારમાં અથવા તો આવી વચગાળાનાં શાસનપધ્દતિઓમાં પ્રચલિત હકોનો પણ સમાવેશ થાય છે.

(સી) ગામની સીમાઓમાં અથવા એની બહાર પરંપરાથી એકત્ર કરાતી ગૌણ વનપેદાશોની માલિકી, આવી પેદાશો એકત્ર કરવા પહોંચવાનો એનો ઉપયોગ તેમજ નિકાલ કરવા માટેનો હક

(ડી) ઉપયોગના સહિયારા હકો અથવા તો તળાવો વગેરેમાંની માછલી અને અન્ય વનપેદાશના તેમજ ઢોરો ચરાવવાના અધિકારો અને ભટકતી કોમો અથવા તો ગોવાળોની કોમોના પરંપરાગત મોસમી સાધનો વાપરવાના હકો.

(ઈ) ખૂબજ જૂની ઘરેડના આદિવાસી જૂથો અને ખેતીના આરંભ પહેલાની (પ્રો.એગ્રીકલ્ચરલ) કોમો માટેના વસવાટો અને વસાહતોના સહિયારા કબજા - ભોગવટાના હકો.

(એફ) કોઈપણ રાજ્યમાં જ્યાં જમીન ઉપરના દાવા સામે વાંધા ઉઠાવવામાં આવેલા છે તેવી વિવાદસ્પદ જમીનો ઉપરના હકો.

(જી) કોઈપણ સ્થાનિક સત્તાતંત્ર અથવા કોઈપણ રાજ્ય સરકાર દ્વારા જંગલની જમીનો અંગે કાઢી આપવામાં આવેલા પટ્ટા અથવા ભાડા પટ્ટા અથવા ગ્રાન્ટનું માલિકી હકમાં રૂપાંતર માટેના હક.

(એચ) જંગલમાંના તમામ ગામડાં, જૂના વસાવટો જેનો સર્વે ન થયો એવાં ગામડાં અને જંગલોમાંના અન્ય ગામડાં જેની નોંધણી નોટીફિકેશનની કાર્યવાહી થઈ હોય કે ન થઈ હોય એના સેટલમેન્ટ તેમજ એનું મહેસુલી ગામડામાં રૂપાંતરના હકો.

(આઇ) જંગલમા કોઈપણ સહિયારાં સાધનો તેનું તેઓ પરંપરાથી રક્ષણ કરતાં હોય અને એકધારા ઉપયોગ માટે જતન કરતાં હોય એનું રક્ષણ કરવાનો, એને પુનર્જીવિત કરવાનો અથવા જતન કરવાનો અથવા વ્યવસ્થાપન કરવાનો હક.

(જે) એવા હકો જેને રાજ્યના કોઇપણ કાયદા કે પછી કોઇપણ સ્વાયત્ત જિલ્લા કાઉન્સિલ અથવા તો સ્વાયત્ત પ્રાદેશિક કાઉન્સિલ હકો હેઠળ માન્ય કરવામાં આવ્યા હોય અથવા તો જેનો કોઈપણ રાજ્યના સંબંધકર્તા આદિવાસીઓના કોઈપણ પરંપરાગત કે રૂઢિગત કાયદા હેઠળ આદિવાસીઓના હકો તરીકે સ્વાકાર થયો હોય.

(કે) અનેક વૈવિધ્યપૂર્ણ (બાયોડાયવર્સિટી) સુધી પહોંચવાનો અધિકાર અને એની સાથે તેમજ સાંસ્કૃતિક વૈવિધ્ય સાથે સબંધિત બૌધ્ધિક મિલ્કત અને પરંપરાગત જ્ઞાન ઉપરનો સહિયારો હક.

(એલ) અન્ય કોઇપણ પરંપરાગત હક જે વનમાં રહેતી અનુસૂચિત જાતિઓ અથવા અન્ય વંશપરંપરાથી વનમાં વસતાં લોકો રીતરિવાજો પ્રમાણે ભોગવતાં હોય પણ જેનો કલમ (એ) થી (કે) માં ઉલ્લેખ ન થયો હોય, પણ આમાં કોઇપણ વર્ગના અન્ય પ્રાણીના શિકારના અથવા તો અને પાંજરામાં પકડવાના કે પછી એના શરીરના કોઇપણ ભાગને બહાર ખેંચી કાઢવાના પરંપરાગત હકનો એમાં સમાવેશ થતો નથી.

(એમ) મૂળભૂત કે યોગ્ય અવસ્થામાં પુર્નવસવાટનો હક, જેમાં જે કિસ્સાઓમાં વનમાં વસતી અનુસુચિત જનજાતિઓ અને અન્ય વંશપરંપરાગત વનમાં વસનારાઓને ૧૩મી ડીસેમ્બર, ૨૦૦૫

પહેલા, કોઈપણ વર્ણનની જંગલની જમીનમાંથી, પુર્નવસવાટ માટેના એમના કાયદેસર અધિકાર મેળવ્યા સિવાય ગેરકાયદેસર રીતે દૂર કરવામાં આવ્યા હોય કે અન્યત્ર ખસેડવામાં આવ્યા હોય એમાં એમને વૈકલ્પિક જમીનના હકનો પણ સમાવેશ થાય છે.

(૨) વન (સંરક્ષણ) ધારો, ૧૯૮૦માં જે કાંઇ પણ જણાવાયું હોય તો પણ, કેન્દ્ર સરકાર એના દ્વારા નીચેની જે સુવિધાઓનું વ્યવસ્થાપન થતું હોય એ ઉભી કરવા માટે જંગલની જમીનનો અન્ય રીતનો ઉપયોગ કરવા માટે, હેક્ટર દીઠ ૭૫ થી વધુ નહીં, એટલાં વૃક્ષો તોડી પાડવામાં આવ્યા હોય એવા સંજોગોમાં વળતરની જોગવાઈ કરશે.

(એ) શાળાઓ

(બી) દવાખાનું અથવા હોસ્પિટલ

(સી) આંગણવાડી

(ડી) વાજબી ભાવની દુકાનો

(ઇ) ઈલેક્ટ્રીક લાઈનો અને દુર સંદેશા વ્યવહારની લાઈનો

(એફ) તળાવો અને પાણીનાં સંગ્રહ માટે અન્ય નાની સુવિધાઓ

(જી) પીવાના પાણીનો પુરવઠો અને પાણીની પાઈપલાઈનો

(એચ) ખેતી માટે પાણી અથવા તો વરસાદના પાણીનાં સંગ્રહ માટેની સગવડો (વોટર હાર્વેસ્ટીંગ)

(આઇ) નાની સિંચાઈની નહેરો

(જે) ઉર્જાના બિનપરંપરાગત સ્રોતો

(કે) કૌશલ્ય વધારવાનાં અથવા તો વ્યવસાયિક તાલીમ કેન્દ્રો

(એલ) રસ્તા અને

(એમ) સામુહિક કેન્દ્રો

શરત એ રહેશે કે જંગલની ઉપર મુજબના ઉપયોગ માટે ત્યારે જ છૂટ આપવામાં આવશે કે જ્યારે

(૧) આ પેટા - કલમમાં જણાવેલા હેતુઓ માટે જંગલની જે જમીનનો ઉપયોગ કરવાનો હોય, એ પ્રત્યેક એક હેકટરથી ઓછી હોય.

(૨) ઉપર જણાવેલા વિકાસ પ્રોજક્ટો માટેની મંજૂરી, ગ્રામસભા દ્વારા એની ભલામણ કરવામં આવે એ શરતને આધિન રહેશે.

**પ્રકરણ-૩**

**જંગલના હકોની માન્યતા, પુનઃપ્રસ્થાપના, સોંપણી અને સબંધિત બાબતો**

૪(૧) હાલ પુરતા અમલમાં હોય એવા કોઇપણ કાયદામાં ગમે તે બાબતનો સમાવેશ કરાયો હોય તો પણ, અને આ કાયદાની જોગવાઈઓને આધિન રહી, કેન્દ્ર સરકાર આ દ્વારા વન્ય હકોને માન્ય કરે છે અને નીચે મુજબના લોકોને એની સોંપણી કરે છે.

(એ) રાજયોમાં જંગલોમાં વસતા અનુસૂચિત જનજાતિના લોકો અથવા તો રાજ્યોમાં જ્યાં એમને અનુસૂચિત જાતિ તરીકે ઘોષિત કરવામાં આવ્યા હોય એ વિસ્તારોમાં, આ કયાદાની કલમ ૩ માં જણાવવાયેલા તમામ અન્ય હકો સંબંધમાં

(બી) અન્ય વંશપરંપરાગત રીતે વનમાં વસનારાઓને કલમ ૩ માં જણાવાયેલા તમામ વન્ય હકો સંબંધમા

(૨) આ કાયદામાં માન્ય કરાયેલા વનના હકો, રાષ્ટ્રીય ઉદ્યાનો અને અભયારણ્યમાંના મહત્વના વન્યપ્રાણી ઓનાં કુદરતી નિવાસસ્થાનોમાં આ પછી સુધારી શકાશે અથવા તો ત્યાં વસતા લોકોને પુનઃઅન્યત્ર વસાવી શકાશે (રીલેટલ) પણ એની જોગવાઈ એ રહેશે કે, સિવાય કે નીચેની ત્તબીીબ શરતો સંતોષાય. વનના હકો ધરાવતા કોઇ લોકોને, વન્યપ્રાણીઓ માટે અખંડ (ઇનવાયોલેટ) વિસ્તારો ઉભા કરવા, અન્ય સ્થળે પુનઃ ઠરીઠામ નહીં કરી શકાય કે પછી એમના હકો ઉપર કોઇ રીતે માઠી અસર નહીં પહોંચાડી શકાય :-

(એ) વિચારણા હેઠળના તમામ વિસ્તારોમાં કલમ ૬માં જણાવ્યા મુજબ હકોને માન્ય કરવાની અને એની સોંપણી કરવાની પ્રક્રિયા પુરી થઈ હોય.

(બી) રાજ્ય સરકારની સંબંધકર્તા એજન્સીઓ દ્વારા વન્ય પ્રાણી (સંરક્ષણ) ધારો, ૧૯૭૨ હેઠળ એમને મળેલી સત્તા બજાવણી દરમ્યાન, એ પ્રસ્થાપિત થઈ ચુક્યુ હોય કે હક ધરાવનારાઓની પ્રવૃત્તિઓ કે પછી એમની હાજરીનો પ્રભાવ, સંબંધકર્તા વન્ય પ્રાણીઓના વર્ગને સુધારી ન શકાય એવું નુકશાન કરવા માટે એમના અસ્તિત્વ તેમજ એમના કુદરતી નિવાસસ્થાનને માટે ભયરૂપ બનવા માટે પૂરતો હોય.

(સી) રાજ્ય સરકાર એવા તારણ ઉપર આવી હોય કે સહઅસ્તિત્વ જેવા અન્ય વાજબી વિકલ્પો પ્રાપ્ત ન હોય.

(ડી) પુર્નવસવાટનું અથવા તો વૈકલ્પિક પેકેજ તૈયાર કરવામાં આવ્યું હોય, જે અસરગ્રસ્ત વ્યક્તિઓ અને કોમોને સલામત જીવનગુજારો પુરુ પાડતું હોય અને જે સંબંધકર્તા કાયદાઓ તેમજ કેન્દ્ર સરકારની નીતિમાં, આવી અસરગ્રસ્ત વ્યક્તિઓ તથા કોમોની જાણકારી અપાઇ હોય એમની જરૂરિયાતો સંતોષાતું હોય.

(ઇ) સૂચિત પુનર્વસવાટ અને પેકેજ સાથે સંબંધિત વિસ્તારોની ગ્રામસભાઓની

પૂરતી જાણકારી પછીની મુક્ત પરવાનગી લેખિતમાં આવી હોય.

(એફ) પુનર્વસવાટનાં સ્થળે જરૂરી સુવિધાઓ તેમજ જમીનની ફાળવણી વચન આપ્યા મુજબના પેકેજ પ્રમાણે પુરી થઈ ન હોય ત્યાં સુધી કોઇ પુનર્વસવાટ હાથ ન ધરાવો જોઇએ.

મહત્વનાં વન્ય પ્રાણીઓનાં કુદરતી નિવાસસ્થાનોનાં જે સ્થળોથી હક ધરાવતા લોકોને. વન્ય પ્રાણીઓના રક્ષણના હેતુને ધ્યાનમાં રાખી અન્યત્ર ખસેડવામાં આવે એ સ્થળોનો પાછળથી રાજ્ય સરકાર અથવા કેન્દ્ર સરકાર અથવા તો અન્ય કોઇ સંસ્થા સત્તાવાળા દ્વારા અન્ય ઉપયોગ ન થવા દેવો જોઇએ.

(૩) વનમાં વસતા અનુસૂચિત જનજાતિના લોકો અને અન્ય વંશપરંપરાગત વનવાસીઓએ જો ૧૩મી ડિસેમ્બર, ૨૦૦૫ પહેલા વનની જમીનનો ભોગવટો કર્યો હશે તો જ એ શરતે કોઇપણ રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશની વનની જમીન અને એમનાં વસવાટો સંબંધમાં, આ કાયદા હેઠળ જંગલની જમીન ઉપર એમના હક માન્ય રખાશે અને એની સોંપણી થશે.

(૪) પેટા કલમ(૧) દ્વારા બક્ષવામાં આવેલો અધિકાર વારસાપાત્ર ગણાશે પરંતુ એની માલિકી તબદીલ નહીં કરી શકાય અથવા તો એની ટ્રાન્સફર પણ નહીં કરી શકાય અને આવા હકનું રજીસ્ટ્રેશન પરિણિત લોકોના કિસ્સામાં પતિ-પત્ની એમ બંનેનાં નામે સંયુક્ત રીતે કરવાનું રહેશે અને જો કોઇ કુટુંબના વડા કુંવારી વ્યક્તિ (સીંગલ) હોય અને કોઈ સીધું વારસદાર ન હોય એવા કિસ્સામાં વારસાપાત્ર હક સૌથી નજીકના સગાને મળશે.

(૫) સિવાય કે અન્ય કોઇ જોગવાઈ કરાઈ હોય, વનમાં વસતા અનુસૂચિત આદિવાસી અથવા વંશપરંપરાગત વનમાં વસેલી અન્ય વ્યક્તિના કોઇપણ સભ્યને એની ઓળખ અને ખરાઈની પ્રક્રિયા પુરી ન થાય ત્યાં સુધી એના વ્યવસાય હેઠળની જંગલની જમીન ઉપરથી કાયદેસર કાઢી નહીં મૂકાય અથવા ત્યાંથી ખસેડી નહીં શકાય.

(૬) જ્યાં જે કિસ્સામાં પેટા કલમ (૧) દ્વારા જંગલના અધિકારની માન્યતા અને એની સોંપણી પેટા કલમ (૧) ના ક્લોઝ (એ) માં ઉલ્લેખવામાં આવેલી જમીન સંબંધમાં થઈ હશે ત્યાં આવી જમીન, આ કાયદાનો અમલ શરુ થયાની તારીખે, એક વ્યક્તિ અથવા કુટુંબ અથવા કોમના કબજામાં હોવી જોઇએ અને એની મર્યાદા ખરેખર વાસ્તવિક કબજાના વિસ્તાર સુધીની હોવી જોઇએ તેમજ કોઇપણ સંજોગોમાં એનો વિસ્તાર ચાર હેક્ટરથી વધુ ન હોવો જોઇએ.

(૭) જંગલમાં જે હકો બક્ષવામાં આવશે એ તમામ પ્રકારના બોજાથી અને વન (સંરક્ષણ) ધારો, ૧૯૮૦ હેઠળ મંજુરી સહિતની અન્ય કાર્યપધ્ધતિની જરૂરિયાતો, હાલનું નેટ મૂલ્ય તથા જંગલની જમીનના ડાયવર્ઝન માટે વળતરરૂપ વનીકરણની જરૂરીયાતમાંથી પણ, સિવાય કે આ કાયદામાં સૂચવાયેલી જરૂરિયાતો એ મુક્ત હશે.

(૮) આ કાયદા હેઠળ જંગલના જે હકો માન્ય કરી એની સોંપણી થાય છે એમાં જંગલમાં વસતી અનુસુચિત જનજાતિ અને અન્ય વંશપરંપરાગત વનવાસીઓ જે એ પુરવાર કરી શકે એમને રાજ્ય સરકારની દરમ્યાનગીરીથી એમનાં વસવાટ તેમજ ખેતીમાંથી જમીનના વળતર સિવાય વિસ્થાપિત કરવામાં આવ્યા હતા અને જે હેતુ માટે એમની જમીન સંપાદન કરવામાં આવી હતી એ હેતુ માટે એને સંપાદન કર્યાના પાંચ વર્ષની અંદર એનો ઉપયોગ નથી કરાયો, એમના જમીનના હકનો સમાવેશ થશે.

(૫) જે વિસ્તારોમાં આ કાયદા હેઠળ કોઇપણ વનનો અધિકાર ધરાવનાર હોય એ વિસ્તાર જંગલમાં કોઇપણ હક ધરાવનારાઓ, ગ્રામસભાઓ તેમજ ગામડાંનાં સ્તરની સંસ્થાઓ મુજબની સત્તા ધરાવે છે.

(એ) વન્ય પ્રાણીઓ, જંગલ અને જૈવિક વૈવિધ્યનું રક્ષણ કરવું.

(બી) અડીને આવેલા નદીના કાંઠાના (કેચમેન્ટ) વિસ્તારો જળ સ્ત્રોતો અને ઇકોલોજીની દૃષ્ટિએ અન્ય સંવેદનશીલ વિસ્તારોનું યોગ્ય રક્ષણ કરવું.

(સી) જંગલોમાં વસતી અનુસૂચિત જનજાતિઓ અને અન્ય વંશપરંપરાગત વનવાસીઓના કુદરતી નિવાસસ્થાનોનું કોઇપણ સ્વરૂપના વિનાશક કૃત્યો સામે રક્ષણ થાય એ એમના સાંસ્કૃતિક તેમજ કુદરતી વારસાને હાની ન પહોંચે એ સુનિશ્ચિત કરવું.

(ડી) સહિયારાં વન સંસાધનોમાં પ્રવેશનું નિયમન કરવા અને વન્ય પ્રાણીઓ, જંગલ તેમજ જૈવિક વૈવિધ્યને પ્રતિકુળ અસર કરે એવી પ્રવૃતિ રોકવા ગ્રામસભામાં લેવાયેલા નિર્ણયોનું પાલન થાય એ સુનિશ્ચિત કરવું.

**પ્રકરણ-૪**

**વનના હકોની સોંપણી કરવા માટેના સત્તાવાળાઓ અને સોંપણીની કાર્યપ્રવૃત્તિ**

(૬)(૧) વનમાં વસતી અનુસુચિત જનજાતિઓ તેમજ અન્ય વંશપરંપરાગત વનવાસીઓના આ કાર્યક્રમ હેઠળ ગ્રામસભાના અધિકાર ક્ષેત્રમાં અથવા

સહિયારા વન હકો અથવા તો બંને બક્ષવા માટે આવા હકના પ્રકાર તેમજ પ્રમાણ નક્કી કરવા માટેની પ્રક્રિયા શરુ કરવાની સત્તા ગ્રામસભા ધરાવે છે. આ પ્રક્રિયા હેઠળ ગ્રામસભા આવા હક માટેના દાવા મેળવી, એને એક કરી ભેગા કરી, એની ચકાસણી કરશે અને ભવામણ ધરાવતા પ્રત્યેક દાવાના વિસ્તારના વર્ણનાત્મક નકશો એના હકમાં નિયત કરાએલી રીતે તૈયાર કરશે. અને એ પછી ગ્રામસભા આ અંગે ઠરાવ પસાર કરશે અને આ ઠરાવની એક નકલ સબ ડિવિઝનલ સપાટીની સિમિતિને મોકલી આપશે.

(૨) જે કોઈપણ વ્યક્તિને, ગ્રામસભાના ઠરાવથી અન્યાય થયાનું લાગે એ વ્યક્તિ આ અંગે આ કાયદાની પેટા કલમ (૩) હેઠળ રચાયેલી સબ-ડિવિઝનલ સપાટીની સમિતિને અરજી કરી શકે છે અને આ સમિતિએ આવી અરજી ઉપર વિચારણા કરી એનો નિકાલ લાવવાનો રહેશે.

ગ્રામસભાએ પસાર કરેલા ઠરાવ સંબંધમાં પ્રત્યેક અરજી ઠરાવ કર્યાની તારીખથી ૬૦ દિવસની અંદર કરવાની રહે છે.

વધુમાં એવી જોગવાઈ છે કે આવી પ્રત્યેક અરજીના કિસ્સામાં અરજદારને એનો કેસ રજૂ કરવા વાજબી તક પુરી પાડ્યા વગર, અરજીનો નિકાલ ગ્રામસભાના ઠરાવથી અન્યાયની લાગણી અનુભવતા અરજદાર વિરૂદ્ધ નહીં થઈ હોય.

(૩) રાજ્ય સરકારે ગ્રામસભા દ્વારા પસાર કરવામાં આવેલા ઠરાવ તપાસવા એક સબ-ડિવિઝનલ સપાટીની સમિતિ રચવી અને વનના હકોનો રેકોર્ડ તૈયાર કરી એને સબ-ડિવિઝનલ અધિકારી મારફત અંતિમ નિર્ણય માટે જિલ્લા સ્તરની સમિતિને મોકલવો.

(૪) જે કોઈપણ વ્યક્તિને સબ-ડિવિઝનલ સપાટીની સમિતિના નિર્ણયથી અન્યાય થયાનું જણાયું હોય, એ સબ-ડિવિઝનલ કમિટિ ૬૦ દિવસની અંદર જિલ્લા સ્તરની સમિતિને અરજી કરી શકે છે. જિલ્લા સ્તરની સમિતિ એ અરજીની વિચારણા કરી એનો નિકાલ લાવવાનો રહે છે.

શરત એ છે કે ગ્રામસભાના ઠરાવ સામે કોઈપણ અરજી સીધે સીધી જિલ્લા સ્તરની સમિતિને નહીં થઈ શકે અને જે અરજી વહેલા સબ-ડિવિઝનલ સપાટીની સમિતિને થઇ હશે એને જેની વિચારણા આ સમિતિ દ્વારા થઈ હશે એ જ અરજી જિલ્લા સમિતિને થઈ શકશે. વધુમાં એવું ઠરાવાયું છે કે અન્યાયની લાગણી અનુભવતી વ્યક્તિની આવી કોઈપણ અરજીનો, અરજદારને એના કેસની રજૂઆત માટે વાજબી તક પુરી પાડ્યા સિવાય, અરજદાર વિરુધ્ધ નિકાલ નહીં થઈ શકે.

(૫) સબ ડિવિઝનલ સ્તરની સપાટીએ જંગલમાં હકો અંગે જે રેકોર્ડ તૈયાર કર્યો હોય એની વિચારણા કરી એને અંતિમ મંજુરી આપવા માટે રાજ્ય સરકારે જિલ્લા સ્તરની એક સમિતિની રચના કરવી જોઈએ.

(૬) જંગલના હકોના રેકોર્ડ અંગે આ જિલ્લા સ્તરની સમિતિ જે કોઇ નિર્ણય લે એ અંતિમ અને બંધનકર્યા ગણાશે.

(૭) રાજયસરકારે જંગલના હકોની માન્યતા અને એની સોંપણીની પ્રક્રિયા ઉપર દેખરેખ રાખવા (મોનિટરીંગ) અને આ સંદર્ભમાં નોડલ એજન્સી જે કોઇ હવાલો વગેરે માંગે એ એને સુપ્રત કરવા માટે એક રાજ્ય સ્તરની મોનિટરીંગ સમિતિની રચના કરવી.

(૮) સબ ડિવિઝનલ સ્તરની સમિતિ જિલ્લા સ્તરની સમિતિ તથા રાજયસ્તરની મોનિટરીંગ સમિતિ રાજ્ય સરકારનાં મહેસુલ, વન અને આદિવાસીઓની બાબતોના અધિકારીઓની બનેલી હોવી જોઇએ. એમાં યોગ્ય સપાટીએ સંબંધિત પંચાયતરાજ સંસ્થાઓના ત્રણ સભ્યો સબંધકર્તા સંસ્થાઓ દ્વારા જ નિમાવા જોઈએ, જેમાંથી બે અનુસૂચિત જનજાતિના સભ્યો હોવા જોઈએ તથા નિયત કર્યા મુજબ, ઓછામાં ઓછી એક મહિલા સભ્ય જરૂર હોવી જોઈએ.

(૯) સબ ડિવિઝનલ સ્તરની સમિતિ, જિલ્લા સ્તરની સમિતિ, તેમજ રાજ્ય સપાટીની મોનિટરીંગ સમિતિની રચના તેમજ એની કામગીરી તથા આ કામગીરી અદા કરવા માટે એમના દ્વારા અનુસરવાની કાર્યપ્રણાલી એવી હોવી જોઇએ કે જે અગાઉથી નિયત કરાએલી હોય.

**પ્રકરણ- ૫**

**ગુનો અને સજા**

(૯) પ્રકરણ ૪ માં જે સત્તાધિકારી તંત્રોનો ઉલ્લેખ થયો છે એનો પ્રત્યેક સભ્ય તો જ આ કાયદા દ્વારા અથવા આ કાયદા હેઠળ બક્ષવામાં આવેલી સત્તાઓથી કોઈપણ સત્તા બજાવતો પ્રત્યેક અન્ય અધિકારી ભારતીય પીનલ કોડની કલમ ૨૧ ના અર્થઘટનની અંદર એક જાહેર કર્મચારી ગણાશે

૧૦ (૧) કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકારના કોઈ અધિકારી કે અન્ય કર્મચારી સામે, એના દ્વારા આ કાયદા હેઠળ શુભ દાનતથી જે કાંઇ પણ કરાવમાં આવ્યું હોય કે કરવાનો ઈરાદો હોય એ માટે કોઇ મુકદમો, કોઇ ફરિયાદ કે અન્ય કોઇ કાયદેસરની કાર્યવાહી નહીં કરવામાં આવે.

(૨) કેન્દ્રસરકાર અથવા કોઈપણ રાજ્ય સરકાર અથવા તો એના કોઈપણ અધિકારીઓ અથવા અન્ય કર્મચારીઓ

દ્વારા આ કાયદા હેઠળ જે કાંઈપણ શુભ દાનતથી કરવામાં આવ્યું હોય એ કરવાનો ઈરાદો હોય એનાથી થયેલા અથવા તો થવાની સંભાવનાવાળા કોઈપણ નુકસાન માટે એની સામે કોઇ મુકદમો કે કાયદેસરની અન્ય કાર્યવાહી નહીં થઈ શકે.

(૩) પ્રકરણ ૪ માં ઉલ્લેખવામાં આવેલા કોઈપણ સ્વતંત્ર તેમજ એના અધ્યક્ષ સભ્યો, સભ્ય સચિવ, અધિકારીઓ અને અન્ય કર્મચારીઓ સિવાય આ કાયદા હેઠળ જે કાંઈપણ અન્ય કર્મચારીઓ સિવાય આ કાયદા હેઠળ જે કાંઇ પણ શુભદાનતથી કરવામાં આવ્યું હોય કે પછી કરવાનો ઈરાદો હોય એ માટે એની સામે કોઇ મુકદમો કે કાયદેસરની કાર્યવાહી નહીં થઈ શકે.

(૧૧) આ કાયદાની જોગવાઈઓના અમલ માટે કેન્દ્રસરકારની આદિવાસીઓની બાબતોનું મંત્રાલય અથવા તો કેન્દ્ર સરકાર દ્વારા આ બાબત સંબંધમાં અધિકૃત કરવામાં આવેલો કોઈપણ અધિકારી અથવા સત્તાતંત્ર (ઓથોરિટી), નોડલ એજન્સી તરીકે કાર્ય કરશે.

(૧૨) પ્રકરણ ૪ માં પ્રત્યેક સત્તા તંત્રનો ઉલ્લેખ થયો છે એ એની ફરજો બજાવવામાં તેમજ કાયદા દ્વારા કે એની હેઠળ એની સત્તાના ઉપયોગમાં,કેન્દ્ર સરકાર સમયો સમય લેખિતમાં જે કોઈ સામાન્ય અથવા ખાસ દોરવણી આવે એને આધિન રહેશે.

(૧૩) આ કાયદામાં અન્યથા જોગવાઈ કરવામાં આવી હોય એ સિવાય અને પંચાયતોના (અનુસુચિત વિસ્તારોમાં વિસ્તરણ) ધારા ૧૯૯૬ ની જોગવાઈઓ સિવાય, આ ધારાની જોગવાઈઓ અન્ય કોઈપણ કાયદો જે સંબંધિત સમયે અમલમાં હોય એની જોગવાઈઓને બાદ કરીને નહીં પરંતુ એ ઉપરાંત વધારામાં અમલમાં રહેશે.

૧૪ (૧) કેન્દ્રસરકાર જાહેરનામાં દ્વારા અને અગાઉના પ્રકાશનની શરતોને આધિન રહી, આ કાયદાની જોગવાઈઓના અમલ માટે નિયમો બનાવી શકે છે.

(૨) ખાસ કરીને અગાઉ જણાવેલી સત્તાના સામાન્ય વિધાન પરત્વે કોઈપણ પૂર્વગ્રહ સિવાય આવા નિયમો નીચે મુજબની કોઈપણ કે તમામ બાબતો સંબંધમાં જોગવાઈ કરી શકે છે.

(અ) કલમ ૬ માં નિર્દિષ્ટ કાર્ય પધ્ધતિના અમલ માટેની કાર્યપધ્ધતિ સંબંધિત વિગતો.

(બ) દાવાઓ સ્વીકારવા એકત્રીત કરવા અને એની ખરાઈ કરવા એની ચકાસણી કરવા માટેની કાર્ય પ્રણાલી અને કલમ ૬ ની પેટાકલમ (૧) હેઠળ જંગલના હકો બજાવવા માટે, ભલામણ કરાએલા પ્રત્યેક દાવાના વિસ્તારનું વર્ણન કરતો નકશો તૈયાર કરવા માટેની કાર્યપધ્ધતિ તેમજ આ કલમની પેટા કલમ (૨) સબ ડિવિઝનલ કમિટિને અરજી કરવા અંગેની રીત.

(સી) કલમ (૬) ની પેટા કલમ (૮) હેઠળ સબ-ડિવિઝનલ સ્તરની સમિતિ, જિલ્લા સ્તરની સમિતિ અને રાજ્ય સ્તરની મોનિટરીંગ કમિટીમાં સભ્યો તરીકે નિમવાના, રાજ્ય સરકારના મહેસુલ, વન અને આદિવાસીઓની બાબતોના વિભાગોના અધિકારીઓનું સ્તર.

(ડી) સબ-ડિવિઝનલ સ્તરની સમિતિ, જિલ્લા સ્તરની સમિતિ અને રાજ્યસ્તરની મોનિટરીંગ સમિતિની રચના અને એની કામગીરી તેમજ એમના દ્વારા કલમ (૬)ની પેટા કલમ(૯) હેઠળ એમની કામગીરી બજવવામાં એમના દ્વારા અનુસરવાની કાર્ય પધ્ધતિ.

(ઇ) અન્ય કોઇપણ બાબત જેને નિયત કરવાની જરૂર હોય અથવા તો જેને નિયત કરવામાં આવી શકે છે.

(૩) આ કાયદા હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા ઘડવામાં આવે એ પ્રત્યેક નિયમ, એ ઘડાઈ જાય એ પછી તરત જ સંસદનાં પ્રત્યેક ગૃહ સમક્ષ, એનું સત્ર ચાલુ હોય એ સમયગાળા દરમ્યાન, કુલ ૩૦ દિવસના સમય માટે મુકવાના રહેશે. ૩૦ દિવસનો આ સમયગાળો ગૃહના એક સત્રના અથવા તો એના પછીના બે અથવા વધુ સત્રનો હોવો જોઇએ. અને જે, નિયમ રજૂ કર્યાના અધિવેશન પછી તરત મળેલા અધિવેશન અથવા તો અગાઉ જણાવ્યા મુજબ એક પછી એક મળેલા બે અથવા વધુ અધિવેશનનો સમયગાળો પુરો થવા પહેલા, જો બંને ગૃહો એની સમક્ષ રજૂ થયેલા નિયમમાં કોઇ સુધારો કરવા સંમત થાય અથવા તો જો બંને ગૃહો એની સમક્ષ રજૂ થયેલા નિયમમાં કોઇ સુધારો કરવા સંમત થાય અથવા તો જો બંને ગૃહો સંબંધિત નિયમ ન કરવા એ અંગે સંમત થાય, તો પછી આ નિયમ, ગૃહોના નિર્ણય અનુસાર, માત્ર એના સુધારેલાં સ્વરૂપમાં અસરકર્તા બનશે અથવા તો એની કોઇ અસર નહીં પડે. આમ છતાં નિમમાં આવા કોઇ પણ સુધારાની અથવા તો નિયમ રદ કર્યાના નિર્ણયની, આ નિમય હેઠળ અગાઉ જે કાંઇ પણ કરવામાં આવ્યું હશે એની કાયદેસરતા ઉપર કોઇ અસર નહીં પડે.એની કાયદેસરતાને કોઈ આંચ નહીં આવે.

**કે.એન.ચતુર્વેદી**

**ભારત સરકારના સચિવ**

નોંધ : આ લખાણ અનુસૂચિત જનજાતિ તેમજ વંશપરંપરાથી જંગલમાં વસતા અનય લોકો (જંગલમાં હકો માન્યતા) ધારા ૨૦૦૬ના ધી ગેઝેટ ઓફ ઇન્ડિયા એક્સ્ટ્રા ઓર્ડિનરી તા.૨-૧-૨૦૦૭માં પ્રસિદ્ધ થયેલા સંપૂર્ણ અંગ્રેજી પાઠનું સરળ માહિતીલક્ષી ગુજરાતી ભાષાંતર છે, જેનો હેતુ સમજણ આપવાનો છે.

**(સૌજન્ય પી.આઇ.બી. અમદાવાદ)**

● ● ●

# વનવાસીને જમીન આપો, વાઘ બચાવો : શક્ય છે ?

પી.કે.સેન

*આઝાદી મળ્યાને ૬૦ વર્ષ થયા છતાં આદિવાસીને જંગલમાં જીવવું જ ગમે છે તેવી માન્યતા છોડવા કોઈ તૈયાર નથી. હજુ પણ જીવનનિર્વાહ માટે વનપેદાશ તથા શિકાર ઉપર જ તેમણે નભવું પડે તેવી વ્યવસ્થા ગોઠવવામાં સૌ મશગુલ છે. જંગલનું જતન કરવાની ફરજ એકલા આદિવાસીઓને માથે કેમ ઠોકો છો ? વિકાસની જરૂરિયાત તરીકે સર્વત્ર જંગલપ્રદેશ ઉપર દબાણ ઊભું થતું જાય છે અને વન છત્ર સતત ઘટતું જાય છે. સામે ઔદ્યોગિક એકમો, જળવિદ્યુત મથકો, સડક, રેલવે વગેરે માટે જમીનની માંગ વધતી જાય છે. ફોરેસ્ટ કોન્ઝર્વેશન એક્ટ જેવો સખત કાયદો અસ્તિત્વમાં હોવા છતાં વનપ્રદેશમાં અતિક્રમણ એટલી હદે વધી પડ્યું કે સર્વોચ્ચ અદાલતે તપાસ કરવા માટે સમિતિ રચવી પડી.*

"હવે વાઘ અને આદિવાસીઓ સુખેથી જંગલમાં સહઅસ્તિત્વ માણી શકશે", તેવું વિધાન પ્રધાનમંત્રી શ્રી ડૉ.મનમોહનસિંઘે એક પુસ્તક વિમોચન સમારંભમાં કર્યું ત્યારે તેની પાછળ સરકાર તરફથી ટૂંક સમયમાં જાહેર થનારાં પગલાંઓનો સંકેત હતો તેની બહુ ઓછા લોકોને ખબર પડી હતી. અનુસૂચિત જનજાતિઓ તથા વંશપરંપરાથી વનવાસીઓ (જંગલનો અધિકાર) ખરડો ઘડાયાને ત્રણ વર્ષ થઈ ગયાં છે, ત્યારે પેલી સહઅસ્તિત્વની થિયરી સમજવી જરૂરી બની છે. પ્રધાનમંત્રીએ ટાયગર ટાસ્કફોર્સની રચના કરી, જંગલમાં વસેલા ગામડાઓને વાઘ માટે અન્યત્ર ખસેડવાની વાત રજૂ કરી હતી તેનો વિરોધ થયો હતો. વાઘ બચાવો ઝુંબેશના નિષ્ણાતો માનતા હતા કે વાઘ એવું પ્રાણી છે જેને પોતાના અધિકાર હેઠળની ભૂમિમાં માનવ દખલ પસંદ નથી, માટે સહઅસ્તાત્વિની વાત કમસેકમ અહીં લાગુ પડતી નથી.

અનુસૂચિત જનજાતિઓ તથા વંશપરંપરાથી જંગલમાં વસવાટ કરતી જાતિઓને જંગલનો અધિકાર આપતો કાયદો અંતે ૨૦૦૬માં ઘડાયો અને તેના નિયમો જાન્યુઆરી, ૨૦૦૮માં બહાર પડ્યા ત્યારથી વન સંરક્ષણની સ્વૈચ્છિક પ્રવૃત્તિ કરતાં નિષ્ણાંતો માટે સરકારને કેટલીક બાબતો સમજાવવામાં બધા નિષ્ફળ રહ્યા હોવાનો અફસોસ સતાવે છે, કારણ કે આ કાયદાના અમલમાંથી રાષ્ટ્રીય અભ્યારણ્ય તથા નેશનલ પાર્ક જેવા મહત્વના વનપ્રદેશ બાકાત રાખવાની દલીલ માન્ય રાખવામાં આવી નથી. વન અને વાઈલ્ડ લાઈફ બચાવવા માટે સરકારી ખાતાને સ્વૈચ્છીક સંસ્થાઓ તથા નિષ્ણાતો તરફથી ભારોભાર સહકાર મળે છે, જેમની વાત માનવ અધિકારવાદીઓ દ્વારા કાને ધરવામાં આવી જ નથી, ઉલટું જમીન આપવાનું કામ વાજબી ઠેરવવા માટે સહઅસ્તિત્વની થિયરી આગળ ધરવામાં આવી છે, જે હરગીઝ સંભવ નથી. આદિવાસી વિકાસ મંત્રાલયે સંસદીય સમિતિ સમક્ષ રજૂ કરેલા અંતિમ મુસદ્દામાં રાષ્ટ્રીય અભ્યારણ્યોને બાકાત રાખવાની વાત હતી, પરંતુ સમિતિ પાસેથી આ વાત પ્રધાનમંત્રી કાર્યાલયમાં અંતિમ નિર્ણય માટે પહોંચી ત્યાં આ નિર્ણય કરાવવામાં આદિવાસી વિકાસ મંત્રલય નિષ્ફળ રહ્યું.

મને સ્મરણ છે ત્યાં સુધી એક પણ વન્યજીવ નિષ્ણાંત કે કોન્ઝર્વેશન સમુદાયે આદિવાસીને જમીન આપવાનો બિલકુલ વિરોધ કર્યો નથી. અનુસૂચિત જંગલ ક્ષેત્રમાં જમીન ખેડવાના અધિકાર આપવાની બાબત એ એક મોટો પ્રયોગ હોવાથી કોન્ઝર્વેશન સમુદાય ઇચ્છતો હતો કે એક સાથે સમગ્ર ભારતના જંગલો અંદર આદિવાસીઓને ખેતી કરવા માટે જમીન આપવાને બદલે આ કામ તબક્કાવાર થવું જોઈએ, જેથી અનુભવના આધારે આગળ વધી શકાય. કદાચ, રાજકારણીઓને વિલંબ મંજૂર નહોતો. ઘણાં રાજ્યોમાં વનવાસીઓના અધિકાર નોંધવાની પ્રથા ચાલુ જ છે અને જંગલ અધિકાર કાયદો આવી જ વાત માટે લાવવાનો હોય તો શા માટે પ્રવર્તમાન વ્યવસ્થા વધુ સુદઢ ન

(લેખક પ્રોજેક્ટ ટાઈગરના નિવૃત્ત ડિરેક્ટર છે.)

બનાવવી ? માનવ અધિકારવાદીઓની ધીરજ ખૂટી ગઈ હતી.

જંગલની જૈવિક હાલત તથા તેમાં વસવાટ કરતાં પશુ,પક્ષી, પ્રાણીઓને સાચવી રાખવાની કટોકટીને ધ્યાનમાં લઈ, ૩૫ વર્ષ પહેલાં નેશનલ પાર્ક, રાષ્ટ્રીય અભ્યારણ્ય તથા સુરક્ષિત જગ્યાઓનું કાયદેસર સર્જન કરવામાં આવેલું. જેની પાછળ વૈજ્ઞાનિક આધાર પણ હતો. અચાનક વન તથા પર્યાવરણ મંત્રાલયે નાજુક સંતુલન ઉપર નભતા વાઈલ્ડ લાઈફ માટે મહત્ત્વના પ્રદેશ અલગ તારવવા માટે નિષ્ણાંત સમિતિની રચના કરવામાં આવી, જેના સભ્યો તરીકે એવા લોકો પસંદ થયા કે શહેરી વિસ્તારમાં કૂતરા અને બિલાડી જેવા પ્રાણીના જતન અને બચાવનો બહોળો અનુભવ ધરાવતા હોય. તેમની પાસે વાઈલ્ડ લાઈફના બચાવ માટે શું અપેક્ષા રાખી શકાય ? સદ્‌ભાગ્યે વન અધિકારના કાયદાનો અમલ સંભવ બનાવતા નિયમો બહાર પડ્યા, તેમાં વાઘ વસવાટ ક્ષેત્રને પણ ઓળખી કાઢી યાદી જાહેર કરવામાં આવી હતી.

વાઈલ્ડ લાઈફ પ્રોટેક્શન એક્ટમાં ફેરફાર કરીને ઘડવામાં આવેલી નેશનલ ટાયગર કોન્ઝર્વેશન ઓથોરિટીની રચના સામે કોઈને વાંધો નથી, પરંતુ સહ અસ્તિત્વની થિયરી ફેંકતાં પહેલા અગાઉના અનુભવો ઉપર નજર નાંખવા જેવી હતી. વનસંપત્તિના જતનમાં વનવાસીનો સહયોગ લેવાની ઉમદા વિચારધારા એક જમાનામાં ખૂબ ચગેલી. વિકાસ કાર્યમાં જનભાગીદારીની તર્જ પર જંગલમાં જનભાગીદારી ઠોકી બેસાડવા નીકળેલા સારિસ્કા અભ્યારણ્યને આદર્શ હેબિટેટ તરીકે પ્રસિદ્ધિ આપી હતી. સ્થાનિક પ્રજાના સહયોગ વગર વન સંપત્તિ કે પ્રાણીસંપત્તિ સચવાશે નહીં તેવા વિચાર પ્રમાણે સારિસ્કાનાં ગામડાંઓમાં એન.જી.ઓ. ની મદદથી સરકારે સેમિનાર વર્કશોપ યોજી, આદિવાસીઓને જંગલ અને વાઘનું મહત્ત્વ સમજાવવું શરૂ કર્યું. નવા પ્રયોગ વિશે હજારો લેખ છપાયા અને વાઘ અને વન બચાવી લીધાના ગર્વ લેતા લોકો યશ પણ પોતે ખાટી જવા પડાપડી કરતા હતા. ૧૯૯૯ થી ૨૦૦૪ દરમ્યાન આ ‘વન ઉધ્ધારક’ પ્રવૃત્તિ ખૂબ ચાલી, પછી પરિણામ ? સોગંદ ખાવા પૂરતો એક વાઘ પણ સારિસ્કામાં બચ્યો નહીં.

સારિસ્કામાં એવું બન્યું કે વનવાસીઓને જંગલ વ્યવસ્થાપનમાં જોતરવાની લ્હાયમાં પાકા ડેમ બાંધવામાં આવ્યા, અન્ય સગવડો આપવામાં આવી, જે રક્ષિત જંગલ માટે વર્જ્ય ગણાય. ડેમ બાંધ્યા પણ જળસ્ત્રાવ ક્ષેત્ર તૈયાર નહોતું કર્યું એટલે બીજા વર્ષે ડેમમાં પાણી જ ભરાયું નહીં. ૨૦૦૪માં વાઘ અદૃષ્ય થઈ ગયા બાદ નિમાયેલી તપાસ ટૂકડીએ સાબિત કર્યું છે કે શિકારીઓને મદદ કરવામાં સેમિનારમાં વાઘ અને વનનું રક્ષણ કરવાના સોગંદ લીધા હતા તે આદિવાસીઓ હતા. ઢોરઢાંખર માટે વૃક્ષો કાપીને હરિયાળા છત્રને ઘટાડવામાં પણ તેમનો ફાળો મુખ્ય હતો. આખા ભારતમાં વન્ય જીવોનો ગેરકાયદેસર શિકાર કરતી ટોળકીઓ સ્થાનિક વનવાસીઓના સહકાર ઉપર નભે છે, તેવી સાદી વાત કેમ વન અધિકારી કાયદો ઘડતી વખતે સરકારના ધ્યાન બહાર રહી, તે આશ્ચર્યની વાત છે. જીવનનિર્વાહ માટે વનવાસીને ખેડવા જોગ ખેતર મળે તેમાં કોઈને વાંધો હોઈ શકે નહીં, પણ કોના ભોગે ?

**જંગલ અધિકાર કાયદાની ત્રુટિઓ**

જંગલ જમીન ઉપર અધિકારનો દાવો કરવાની અરજીનું પ્રથમ પગથિયું આદિવાસી માટે અઘરું સાબિત થવાનું છે. વંશપરંપરાગત ખેડાણ કરતા પરિવારનો દાવો ગ્રામ સભાએ મંજૂર કરવાનો છે, પરંતુ ભારતમાં પંચાયત સ્તરે પણ સત્તા ભોગવટો જ્ઞાતિ જાતિ આધારિત હોય છે, તેમાં પાછઉં રાજકારણ ભળે. સાચો આદિવાસી બાપદાદાની જમીન ઉપર હક્ક લેવા જાય તો પણ જમીન માફિયાઓ તેને ફાવવા દેશે?

આઝાદી પછી આદિવાસીઓના ઉત્થાન પાછળ અબજો રૂપિયા ખર્ચાઈ ચૂક્યા છે. છતાં હજુ ભંડોળનો ધોધ તેમના તરફ વાળવાનું ચાલું છે. શું આપણે તેમને જંગલમાં જ રાખવા છે ? જંગલ બહારના સમાજે જે વિકાસ કર્યો તેમાં આદિવાસીને ભેળવવાને બદલે આઝાદી મળ્યાને ૬૦ વર્ષે પણ તેમને જંગલ જમીનની ફાળવણી કરી જંગલમાં મોકલી આપવાનો કારસો થયો છે. તે કેટલું વાજબી છે ? તમને ઝાડ, ઝરણા અને જંગલી પ્રાણીઓના સહવાસમાં જ કેમ રાખવા છે ? મતબેંકના ખાતામાં સિલક ઘટાડવી કોઈપણ પક્ષને મંજૂર નથી, માટે જંગલ અધિકાર કાયદો એટલો આગળ વધતો રહેશે જ્યાંથી પછી ફરવું કદાચ શક્ય નહિં હોય.

છોટાનાગપુર સાંથાલ પરગણા આદિવાસી વિકાસ એઝન્સી દ્વારા અત્યાર સુધીમાં એટલાં નાણાં ખર્ચાયાં છે કે તે રકમ પ્રત્યેક પરિવારને રોકડી આપી દીધી હોત તો આદિવાસી પરિવારના બેંકખાતામાં આજે ૨૦ લાખ રૂપિયા હોત, પણ વાસ્તવિકતા એટલી વરવી છે કે આ પરિવારો આજે જંગલમાંથી લાકડાં ચોરી બે પૈસા કમાય છે અને ઝાડપાનમૂળ જેવા કંદ ખાઈ જીવન ટકાવે છે. અનાજનો દાણો તેમને પોષાતો નથી. ઝાડનાં પાન ખાઈ જીવતી પ્રજા વચ્ચે જેમને જમીન છે તેનું ખેત ઉત્પાદન ૫૦ વર્ષમાં જરાય વધ્યું નથી. ૯૦% ગામડાંઓને પીવાનું પાણી પણ મળતું નથી. રાજીવગાંધી ડ્રિંકીંગ વોટર

**(અનુસંધાન પાના નં.૨૩ ઉપર)**

# અમૂલ્ય એવી જંગલ સંપત્તિનું મૂલ્ય અને કાયદાઓ

ડૉ. હિંમત સેજલિયા

*આજે આપણે વૃક્ષો સાચવો/ વાવો અથવા સર્વનાશ પામો જેવી વિકટ સ્થિતિમાં છીએ. આ પૃથ્વી, વૃક્ષો ખરેખર કોની માલીકીના છે. આપણી પાસે કોઈ વારસાનું સર્ટિફિકેટ કે માલીકીખત નથી. સાચી વાત એ છે પૃથ્વી, જંગલો આપણી પાસે આપણા પછીની પેઢીની અનામત છે. પર્યાવરણ અને જંગલોના નાશની સમસ્યા હવે એકલ-દોકલ રાષ્ટ્રની સમસ્યા રહી નથી. તે સમગ્ર વિશ્વને ઘેરી વળેલ છે. આપણે બધા જ સાથે મળીને જો તેના વિશે ગંભીર નહી બનીએ તો ભવિષ્યના આપણા સંતાનો માટે વારસમાં આશિર્વાદ સમાન પ્રકૃતિને સ્થાને એક તર્ક સમાન શાપરૂપ જીવન સિવાય કશુ જ મુકી જઈ શકીશું નહી.*

વર્તમાન સમયમાં ગ્લોબલ વોર્મિંગ શબ્દ ખૂબજ જાણીતો બની ગયો છે. પૃથ્વીનું સરેરાશ તાપમાન સતત વધી રહ્યું છે. હિમશીલાઓ પીગળી રહી છે. આ માટે વૈજ્ઞાનિકોનું અનુમાન છે કે, આગામી બે દાયકામાં એટલે ૨૦૨૬ની સાલમાં પૃથ્વીના તાપમાનમાં બે ડીગ્રી સેન્ટીગ્રેડ તાપમાન વધશે. વર્તમાન વિકાસની પરિભાષા બદલાઈ રહી છે. ''એલપીજી'' યુગ એટલે કે ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકરણ સમયમાં ઔદ્યોગિક દોડમાં માનવી, માનવીના જ શોષણથી આગળ વધી વેપાર, ઉદ્યોગ, ધનવૃદ્ધિ માટેની આંધળી દોડમાં સમગ્ર સૃષ્ટિ, જીવસૃષ્ટિ, વનસ્પતિ સૃષ્ટિ, જળસૃષ્ટિ, પ્રાણી સમગ્રનું સમગ્રયતા શોષણ કરી રહેલ છે. સૃષ્ટિના સર્જનહાર ઈશ્વરે સર્જેલા માનવ ઉપયોગી જંગલો, પર્વતો, નદીઓ, વૃક્ષો, વેણ વિગેરે બધાનો એક ઉડાઉ પુત્રની જેમ આવી અમૂલ્ય પ્રાકૃતિક સંપદાને વેડફી રહેલ છે. માનવ તેની ફરજ ભૂલી ગયો છે.

માનવી સિવાયના તત્ત્વોનું ખૂબજ મહત્વ છે. ઔદ્યોગિકરણથી જંગલો કપાઈ રહ્યા છે. જેને કારણે જમીન ધોવાણ અને રણ વિસ્તારોમાં વધારો થાય છે. એટલું જ નહી પણ જમીનમાં ક્ષારનું પ્રમાણ વધવાથી નાઈટ્રોજન શક્તિ ઘટી છે. પરિણામે ખેત ઉત્પાદન ઘટ્યું છે. જંગલોના વિનાશ માટે જવાબદાર કારણોમાં જો કોઈ હોય તો તે છે ઉદ્યોગો, કાચોમાલ માટે બળતણના લાકડા મેળવવા, ખનીજ ઉદ્યોગના વિકાસ માટે, નદી પર પાવર પ્રોજેક્ટો, ઉદ્યોગો સ્થાપવા વગેરે માટે લાકડાનો ઉપયોગ થાય છે. આમ, કોઈક જગ્યાએ વધુ ઓછો વરસાદ પડવો, વન્ય જીવોની સંખ્યા ઘટવી, જરૂરી બળતણની મુશ્કેલી વધવી, રણનો વિસ્તાર વધવો, વગેરે જેવી મુશ્કેલીઓ વધશે. આમ, જંગલોના વિનાશથી વનસ્પતિ અને વન્યજાતિઓ કે જે દુર્લભ છે તેનો વિનાશ થતા વાર નહી લાગે. જંગલોના નાશથી જંગલોની જરૂરી પેદાશોની અછત વર્તાય છે. દરિયાની પાણીની સપાટી વધી રહી છે. વિશ્વના દરેક દેશો માટે ખતરો છે કે તેના દરિયાકિનારે વિકસેલા વિકસીત શહેરો ડુબી જશે. વર્તમાન સમયમાં કોલસાના બળતણમાં, ખનીજ તેલના બળતણમાં વધારો થતો ગયો છે. જ્યારે જંગલોનું પ્રમાણ ઘટી રહ્યું છે. કાર્બન ડાયોક્સાઈડ હવામાનની ગરમીમાં વધારો કરે છે. જેને ગ્રીન હાઉસ ઈફેક્ટ કહે છે. હવામાન ફેરફારથી કુદરતી આપત્તિઓનું પ્રમાણ વધ્યું છે. ઘણા દેશોમાં ગરમીનું પ્રમાણ વધવાથી જંગલોમાં આગ લાગવાનો ભય પણ રહે છે.

**પર્યાવરણ સંદર્ભે નીચેના કાનુનો અને નિયમો અમલમાં છે. પણ સતત અવગણના થઈ રહી છે.**

(1) The Forest act - 1861

(લેખક અમરેલીની કોમર્સ કોલેજમાં પ્રિન્સિપાલ છે.)

(2) Forest act - 1878
(3) Wild Birds and animals protection Act -1912
(4) Boiler Act - 1923
(5) Indian Forest Act - 1927
(6) The Factories Act - 1948
(7) Saurashtra Falling of Trees Act - 1951
(8) The wildlife protection Act - 1972
(9) The water Act - 1977
(10) The Forest Conservation Act - 1980
(11) The Air Act - 1981
(12) The Environment protection Act - 1985
(13) The National Environment Appallete Authority Act - 1997
(14) The Wildlife Rules - 1973
(15) The National Environment Tribunal Act -1995

પૃથ્વી પરની પ્રકૃત્તિમાં માનવસૃષ્ટિ, જીવસૃષ્ટિ, વનસ્પતિ સૃષ્ટિ વિશે જો વિચારવામાં આવે તો સૌ પ્રથમ તેની જાતો કે આજે પ્રવર્તમાન છે. અસ્તિત્વ ધરાવે છે, તેમા હાવર્ડ યુનિવર્સિટીના વૈજ્ઞાનિક ઈ.ઓ. વિમસનના અભ્યાસ પ્રમાણે આશરે ૩૦૦ લાખ જાતોના જીવ અસ્તિત્વ ધરાવે છે. જેમાંની ૫૦,૦૦૦ જાતો તો નિર્વાણ / નિકંદનના આરે છે. જેની વિગતો નીચે મુજબ છે.

**કુલ જીવ વૈવિધ્ય-૩,૦૦૦ જાતો**

**કુલ પ્રાણી વૈવિધ્ય-૧૦,૦૦,૦૦૦ જાતો**

**કુલ વનસ્પતિ વૈવિધ્ય-૨,૫૦,૦૦૦ જાતો**

**કુલ માનવ સમષ્ટિ-૫૦,૦૦,૦૦૦**

(પ્રાપ્તિ સ્થાન : પર્યાવરણ પ્રદુષણ, ડૉ. બી.જી.મણીયાર)

**ભારતમાં વનસ્પતિ વૈવિધ્ય નીચે મુજબ છે.**

| | |
|---|---|
| **કુલ જાતિઓ** | ૪૮,૦૦૦ |
| **સપુષ્પ** | ૧૮,૦૦૦ |
| **લીલ** | ૨૫,૦૦૦ |
| **ફુગ** | ૨૩,૦૦૦ |
| **લાઈકેન** | ૧૬,૦૦૦ |
| **દ્વિઅંગી** | ૨,૫૬૪ |
| **ત્રીઅંગી** | ૧,૦૨૨ |

(પ્રાપ્તિ સ્થાન : પર્યાવરણ પ્રદુષણ, ડૉ. બી.જી.મણીયાર)

પર્યાવરણ, વૃક્ષોની અસરોની ઉપરોક્ત માહિતી મેળવ્યા બાદ પર્યાવરણ, જંગલોની જાળવણી કરવાના શપથ લેવા જોઇએ. આજે આપણે વૃક્ષો સાચવો/ વાવો અથવા સર્વનાશ પામો જેવી વિકટ સ્થિતિમાં છીએ. આ પૃથ્વી, વૃક્ષો ખરેખર કોની માલીકીના છે. આપણી પાસે કોઈ વારસાનું સર્ટિફિકેટ કે માલીકી ખત નથી. સાચી વાત એ છે પૃથ્વી, જંગલો આપણી પાસે આપણા પછીની પેઢીની અનામત છે. પર્યાવરણ અને જંગલોના નાશની સમસ્યા હવે એકલ-દોકલ રાષ્ટ્રની સમસ્યા રહી નથી. તે સમગ્ર વિશ્વને ઘેરી વળેલ છે. આપણે બધા જ સાથે મળીને જો તેના વિશે ગંભીર નહી બનીએ તો ભવિષ્યના આપણા સંતાનો માટે વારસમાં આશિર્વાદ સમાન પ્રકૃતિને સ્થાને એક તર્ક સમાન શાપરૂપ જીવન સિવાય કશુ જ મુકી જઈ શકીશું નહી. ઈશ્વરે આપણને બક્ષેલી અમૂલ્ય પાકૃતિક સંપદાને આપણે જ પોષવાની છે. તેનું જતન, સુરક્ષા આપણે જ કરવાની છે. અને તે જ આપણને તથા આપણી ભાવી પેઢીને પોષશે.

• • •

(અનુસંધાન પાના નં. ૨૧ થી શરૂ)

મિશન માત્ર સડકના કિનારે વસેલાં ગામ સુધી પહોંચી શક્યું છે. છતાં આપણે જંગલ અધિકારનો કાયદો પસાર કરી આત્મ સન્માનનું ગાજર લટકાવી દીધું છે. ખોરાક, પાણી, મકાન, દવાખાન, શિક્ષણ, વીજળી તથા સડક જેવા લાભ ઉપલબ્ધ કરાવવાને બદલે જંગલમાં વસવાટ કરવાનો હક્ક આપી દીધો. જાવ, ઝાડપાન અને જંગલી જાનવર વચ્ચે રહો, તમારી સંસ્કૃતિ જાળવો, વન રક્ષા કરો અને અમને મત આપો. ચૂંટણી ઢંઢેરામાં શોભે તેવો કાયદો ઘડી હવે હાથ ઊંચા કરી દેવાનો સમય આવશે. વાઘને કોણ બચાવશે ? ભગવાન જાણે.

આઝાદી મળ્યાને ૬૦ વર્ષ થયા છતાં આદિવાસીને જંગલમાં જીવવું જ ગમે છે તેવી માન્યતા છોડવા કોઈ તૈયાર નથી. હજુ પણ જીવનનિર્વાહ માટે વનપેદાશ તથા શિકાર ઉપર જ તેમણે નભવું પડે તેવી વ્યવસ્થા ગોઠવવામાં સૌ મશગુલ છે. જંગલનું જતન કરવાની ફરજ એકલા આદિવાસીઓને માથે કેમ ઠોકો છો ? વિકાસની જરૂરિયાત તરીકે સર્વત્ર જંગલ પ્રદેશ ઉપર દબાણ ઊભું થતું જાય છે અને વન છત્ર સતત ઘટતું જાય છે. સામે ઔદ્યોગિક એકમો, જળવિદ્યુત મથકો, સડક, રેલવે વગેરે માટે જમીનની માંગ વધતી જાય છે. ફોરેસ્ટ કોન્ઝર્વેશન એક્ટ જેવો સખત કાયદો અસ્તિત્વમાં હોવા છતાં વનપ્રદેશમાં અતિક્રમણ એટલી હદે વધી પડ્યું કે સર્વોચ્ચ અદાલતે તપાસ કરવા માટે સમિતિ રચવી પડી. બાકી હતું તે જંગલ અધિકાર કાયદો આવ્યો.

વન, વનવાસી અને વાઘના સહઅસ્તિત્વની પોકળ દલીલ છોડી પ્રકૃતિના વરદાનને શ્રાપમાં ફેરવાતું અટકાવવા સમાજના તમામ વર્ગોએ સ્થાપિત હિતોને રોકવાનો સમય પાકી ગયો છે.

• • •

## આદિવાસી વિસ્તાર

# સહકારી પ્રવૃત્તિનો વિકાસ તથા તેનું મહત્વ

દિલીપ વજાણી

*આયોજનકાળ દરમ્યાન તેમજ ઉદારીકૃત વિચારધારાના યુગમાં રાષ્ટ્રિય સ્તરે તેમજ ગુજરાત રાજ્યમાં નોંધપાત્ર આર્થિક વિકાસ થવા પામ્યો છે. લોકોની માથાદીઠ આવકમાં પણ વધારો થયો છે. આમ છતાં આવકની અસમાન વહેંચણી તથા અસમતોલ પ્રાદેશીક વિકાસની સમસ્યાના કારણે ભારતના અમુક પ્રદેશો તથા લોકો વિકાસના આવા લાભોથી વંચિત રહી જવા પામ્યા છે. અને "આર્થિક વિકાસના લાભો ઝમીને ગરીબો સુધી પહોંચે છે" તે માન્યતા ખોટી પૂરવાર થવા પામી છે, તેમજ સરકારના પ્રયાસો છતાં ગુજરાત રાજ્યના આદિવાસી વિસ્તારો તથા આદિવાસી સમાજનો રાજ્યના અન્ય વિસ્તારો તથા સમાજની તુલનામાં ઓછો વિકાસ થવા પામ્યો છે. અને આઝાદીના આટલાં વર્ષો બાદ પણ આ સ્થિતિમાં કોઈ ખાસ સુધારો થયો નથી. આદિવાસી વિસ્તારમાં વસવાટ કરતાં બાંધવો પણ વિકાસના લાભો પ્રાપ્ત કરી શકે અને સારી રીતે જીવન જીવી શકે તે જરૂરી છે.*

વર્તમાન આર્થિક વ્યવસ્થામાં સહકારી સંગઠન ધીરે ધીરે પ્રસાર અને પ્રચાર પામતું મજબુત આર્થિક સંગઠન બનતું જાય છે. હરીફાઈના વર્તમાન યુગમાં "શક્તિશાળી હોય તે જ ટકે" તેવી સ્થિતનું નિર્માણ થયું છે ત્યારે સમાજના સામાન્ય માનવીઓને પણ સારી રીતે જીનવ જીવવાનો અધિકાર મળે તે માટે સમાજના આવા લોકોને સંગઠીત બનાવી આગળ લાવવા માટેનો માર્ગ સહકાર પુરો પાડે છે.

આધુનિક ગતિશીલ અર્થવ્યવસ્થામાં આયોજન પંચ માટે જુદા જુદા પ્રદેશોની વિશિષ્ટ જરૂરિયાતો અનુસાર રાષ્ટ્રિય યોજનાઓનું ઘડતર કરવાની કામગીરી અશક્ય નહીંતો મુશ્કેલ જરૂર બની છે. રાષ્ટ્રિય આયોજનના આવા સ્વરૂપના કારણે ઘણી વખત પ્રાદેશિક પ્રશ્નોની ઉપેક્ષા અને અવગણના થતી જોવા મળે છે. પરિણામે અર્થવ્યવસ્થાનો એકાંગી, અસમતોલ અને અસંતોષકારક રીતે વિકાસ થવા પામે છે. સાથોસાથ પ્રાદેશિક અસમતુલા અને વિષમતાની પરિસ્થિતિ પણ સર્જાવા પામે છે. જેને રાષ્ટ્રિય આયોજન વડે સહેલાઈથી દૂર કરી શકાતી નથી. આપણાં દેશમાં જ્યારે આદિવાસી વિસ્તારો અને અન્ય વિસ્તારોની વિકાસની ગતિમાં પાછળ રહેવા પામ્યા છે ત્યારે સહકારી પ્રવૃત્તિના માધ્યમથી આવા આદિવાસી વિસ્તારોનો વિકાસ કરી શકાય તેમ છે.

આયોજનકાળ દરમ્યાન તેમજ ઉદારીકૃત વિચારધારાના યુગમાં રાષ્ટ્રિય સ્તરે તેમજ ગુજરાત રાજ્યમાં નોંધપાત્ર આર્થિક વિકાસ થવા પામ્યો છે. લોકોની માથાદીઠ આવકમાં પણ વધારો થયો છે. આમ છતાં આવકની અસમાન વહેંચણી તથા અસમતોલ પ્રાદેશીક વિકાસની સમસ્યાના કારણે ભારતના અમુક પ્રદેશો તથા લોકો વિકાસના આવા લાભોથી વંચિત રહી જવા પામ્યા છે. અને "આર્થિક વિકાસના લાભો ઝમીને ગરીબો સુધી પહોંચે છે" તે માન્યતા ખોટી પૂરવાર થવા પામી છે, તેમજ સરકારના પ્રયાસો છતાં ગુજરાત રાજ્યના આદિવાસી વિસ્તારો તથા આદિવાસી સમાજનો રાજ્યના અન્ય વિસ્તારો તથા સમાજની તુલનામાં ઓછો વિકાસ થવા પામ્યો છે. અને આઝાદીના આટલાં વર્ષો બાદ પણ આ સ્થિતિમાં કોઈ ખાસ સુધારો થયો નથી. આદિવાસી વિસ્તારમાં વસવાટ કરતાં બાંધવો પણ વિકાસના લાભો પ્રાપ્ત કરી શકે અને સારી રીતે જીવન જીવી શકે તે જરૂરી છે. આદિવાસી વિસ્તારના વિકાસ માટે આજ સુધી ઘણાં પ્રયાસો થયા છે. પરંતુ કમનસીબે જે લોકો માટે આ પ્રયાસો થયા છે તે લોકો સુધી આવા કાર્યક્રમો તથા તે અંગેની નાણાંકીય સહાય ખરેખર કેટલા અંશે પહોંચ્યા છે ? તે ગહન ચિંતનનો વિષય છે. આવા સંજોગોની વચ્ચે આદિવાસી વિસ્તારની આર્થિક સમસ્યાઓ તથા તેના સંભવિત ઉકેલ વિષે સામુહિક

(લેખક શ્રીમતિ એન.સી.ઝવેરી કોમર્સ કોલેજ, પિપલીયામાં આચાર્ય છે.)

ચિંતન થાય તે અતિ આવશ્યક તથા સમયોચિત કદમ ગણી શકાય.

**ગુજરાતના આદીવાસી વિસ્તારો**

અનુસૂચિત જન જાતિની વસ્તીની દ્રષ્ટિએ ગુજરાત ભારતમાં મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ઓરિસ્સા અને બિહાર પછી પાંચમાં ક્રમે આવે છે. ગુજરાતમાં સૌથી વધારે વસ્તી ભીલ અને દુબળા આદિવાસીઓની છે. સૌથી ઓછી વસ્તી પારધી, પોમલા, ગોંડ, રાજગોંડ અને બરડા આદિવાસીઓની છે. ભીલો મુખ્યત્વે સાબરકાંઠા, બનાસકાંઠા, વડોદરા, પંચમહાલ, ભરૂચ, સુરત અને ડાંગ જિલ્લાઓમાં વસે છે. સુરત જિલ્લામાં કથોડી, ઢોરકોળી, ઘોડીયા, ગામીત, ચૌધરી, ધાનકા, કોંકણા વગેરે આદિજાતિઓ વસે છે. વારલીઓનું નિવાસ સ્થાન ડાંગ અને સુરત જિલ્લામાં છે. નાયકડા અને નાયકા વડોદરા, સુરત અને પંચમહાલ જિલ્લામાં વસે છે. કુનવીની સંખ્યા ડાંગ જિલ્લામાં સવિશેષ છે. પટેલીયા મોટેભાગે પંચમહાલમાં વસે છે.કોળી અને પારધી કે ફાસા પારધી મુખ્યત્વે કચ્છ જિલ્લામાં વસે છે. સીદી અને બાવચાઓનું નિવાસ સ્થાન જૂનાગઢ અને અમદાવાદ જિલ્લામાં છે. કોટવાળીયા ભરૂચ અને સુરત જિલ્લામાં વસે છે.

ઉત્તર ગુજરાતમાં વિસ્તરેલ અરવલ્લી પહાડની હારમાળાઓમાં વસતા ભીલ અને ગરાસીયા આદિવાસીઓ રાજસ્થાનના ભીલો અને ગરાસીયા સાથે સામાજિક અને ધાર્મિક સબંધો ધરાવે છે.

વડોદરા, પંચમહાલ અને ભરૂચ જિલ્લામાં વસતા ભીલ, રાઠવા, નાયકા, પટેલીયા અને ધાનકા મધ્યપ્રદેશના આદિવાસીઓ સાથે નજીકનો સંપર્ક રાખે છે.

દક્ષિણ ગુજરાતમાં ઘોડીયા, ચૌધરી, ગામીત, કોંકણા, ભીલ ,વારલી, ઠોલપોળી વગેરે આદિવાસીઓ મહારાષ્ટ્રના આદિવાસીઓ સાથે નજીકનો સબંધ ધરાવે છે.

**આદિવાસી વિસ્તાર તથા સમુદાયના વિકાસ માટે થયેલા પ્રયાસો**

આઝાદી અગાઉના સમયમાં આદિવાસીઓની જીવન સંસ્કૃતિનો અભ્યાસ કરી શરદચંદ્ર રોય, હટન, બી.એસ.ગુહા, ગ્રીઅર્સન, વેરિયર એલ્વીન તથા ડી.એ.મજમુદાર વગેરેએ આદિવાસીઓના પ્રશ્નો અગે ચિંતન કરી અમુલ્ય અભ્યાસ સામગ્રી ઉપલબ્ધ કરાવી છે.

આઝાદી અગાઉના સમયમાં આદીવાસી બાંધવોની સ્થિતિ જોઈને ગાંધીજીએ તેમના વિકાસ માટે પ્રયાસ કરવાની હાકલ કરી. અને ઠક્કરબાપા તથા ઈન્દુલાલ યાજ્ઞીક જેવા મહાનુભાવોએ આદીવાસી વિસ્તારોમાં પહોંચી જઈ આદીવાસી સમૂદાયના વિકાસ માટેની જવાબદારી ઉઠાવી લીધી. પરિણાણે આળા વિસ્તારોમે અનેક સ્થળે આશ્રમશાળાઓ, નઈતાલીમની સંસ્થાઓ, ખાદી તથા ગ્રામ ઉદ્યોગની પ્રવૃત્તિઓ અને કૃષિ વિકાસ વગેરેનો પ્રારંભ થયો હતો.

આઝાદી બાદના સમયમાં તા.૨૮ એપ્રિલ ૧૯૬૦ના રોજ જાણીતા ગાંધીવાદી કાર્યકર શ્રી ઉ.ન. ઢેબરના અધ્યક્ષપદે બંધારણના અમલના દસ વર્ષે અનૂસૂચિત જન જાતિની સ્થિતિનો અભ્યાસ કરી સરકારને અહેવાલ આપવા એક સમિતિની રચના કરવામાં આવી. ૧૯૮૦થી આદિજાતિ વિસ્તાર પેટા યોજના અન્વયે ૩૨ તાલુકા તથા ૧૫ પોકેટસમાં પંચવર્ષીય યોજના શરૂ કરવામાં આવી.

આદિવાસી સમૂદાયની બહુલતા ધરાવતાં વિસ્તારો મુખ્યત્વે ડુંગરાળ તથા ગાઢ વનરાજીથી છવાયેલાં હતાં. અને આવા વિસ્તારોમાં વસવાટ કરતાં આદિવાસીઓનું જીવન પણ વન્ય પેદાશો તથા શિકારી પ્રવૃત્તિ પર આધારિત હતું. પરંતુ રાજાશાહીના સમયમાં તેમજ આઝાદી બાદના સમયમાં પણ કેટલેક અંશે વૃક્ષોનું છેદન મોટાપાયે ચાલુ રહ્યું. અમુક જંગલ મંડળીઓએ પણ વૃક્ષો કાપવાનું કામ કરેલું. આમ બેફામ કપાતા જતાં વૃક્ષોના કારણે જંગલની જમીન ખુલ્લી થવા લાગી. અને ત્યાં અદિવાસી લોકો દ્વારા ખેતી કરાવની શરૂઆત કરવામાં આવી. જ્યારે રાજ્યના કેટલાક મેદાની વિસ્તારોમાં વસતાં આદિવાસીઓ શાહુકારોના શોષણનો ભોગ બન્યા. અને શાહુકારો દ્વારા અદિવાસી ખેડૂતોની જમીનો પચાવી પાડવામાં આવી. અલબત્ત આદીવાસી ખેડૂતની જમીન સરકારની પરવાનગી વિના બિન આદીવાસીના નામે તબદીલ થઈ શકે નહીં તેવો કાયદો અમલમાં આવતાં અમુક અંશે આદીવાસી ખેડૂતોને રક્ષણ પ્રાપ્ત થયું. આ ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા આદીવાસી ખેડૂતોને જમીનના માલીકી હક્ક પ્રદાન કરવામાં આવ્યાં. તેથી પણ તેઓની સ્થિતિમાં સુધારો થયો.

આમ છતાં આદીવાસી વિસ્તારોમાં અપુરતી માળખાકીય સવલતોના કારણે આદીવાસી ખેડૂતો ખેતી વિકાસના લાભ પૂરતા પ્રમાણમાં ઉઠાવી શક્યા નથી. ૧૯૮૩માં રાજ્યના વિકાસમાં રહેલી પ્રાદેસિક વિકાસની અસમલુતાનો અભ્યાસ કરવા ડૉ.આઈ.જી.પટેલના અધ્યક્ષ પદે એક એક સમિતિની રચના કરવામાં આવી હતી. આ સમિતિએ ૨૫ જેટલા માપદંડોના આધારે રાજ્યના ૫૬ તાલુકાઓને પછાત પણાંના આધારે વિવિત ક્રમાંક આપ્યા

હતા. રાજ્યના આ ૫૬ તાલુકાઓ પૈકી ૩૨ તાલુકાઓતો પૂર્વપટ્ટીના અદિવાસી વિસ્તારમાં આવેલા હતાં. આ ઉપરાંત રાજ્યના અતિપછાત જાહેર કરાયેલાં ૨૫ તાલુકાઓમાં ૧૬ તાલુકાઓનો સમાવેશ આદિજાતિ પેટા યોજના હેઠળ કરવામાં આવેલો. અને તેના વિકાસ પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવેલું. આ ઉપરાંત કેટલીક સ્વયંસેવી સંસ્થાઓએ પણ આદીવાસી વિસ્તારોના વિકાસમાં મોટું યોગદાન આપ્યું છે. સરકાર તથા સમાજના અન્ય અંગો દ્વારા થયેલા પ્રયાસોના લીધે આદીવાસી વિસ્તારોમાં વિકાસની પ્રક્રિયા શરૂ થવા પામી છે. અને તેના લાભો ધીરે ધીરે આદીવાસી સમૂદાય સુધી પહોંચવા લાગ્યા છે.

## આદિવાસી વિસ્તારની મુખ્ય આર્થિક સમસ્યાઓ

આદિવાસી વિસ્તારમાં પ્રવર્તમાન મુખ્ય આર્થિક સમસ્યાઓ કે જે દાહોદ જિલ્લામાં પણ જોવા મળે છે તે નીચે પ્રમાણે છે.

- અપુરતી આંતરમાળખાકીય સુવિધાઓ (જેવી કે વિજળી, પાણી પુરવઠો, શિક્ષણ, આરોગ્ય, વાહન વ્યવહાર અને સંદેશા વ્યવહાર.)
- કૃષિ તથા ઔદ્યોગિક ક્ષેત્રના અપૂરતો વિકાસ.
- સ્થળાંતર
- અસમતોલ પ્રાદેશિક વિકાસ.
- સરકારી યોજનાઓનું ખામી ભરેલું અમલીકરણ.
- વિકાસ માટે ઉપલબ્ધ સુવિધાઓનો અપુરતો ઉપયોગ.
- ગરીબી તથા બેરોજગારી.
- શોષણ તથા આર્થિક અસમાનતા

આદિવાસી વ્સિતારો વર્ષોથી આવી તો અનેક સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. સરકાર દ્વારા કરવામાં આવેલાં પ્રયાસો પણ આદિવાસી વિસ્તારોની સ્થિતીમાં ખાસ સુધારો લાવી શક્યા નથી.

| આદીવાસી વિસ્તારમાં આવેલી મંડળીઓ | | | અન્ય વિસ્તારમાં આવેલી મંડળીઓ | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | જિલ્લાનું નામ | મંડળીઓની સંખ્યા | ક્રમ | જિલ્લાનું નામ | મંડળીઓની સંખ્યા | ક્રમ | જિલ્લાનું નામ | મંડળીઓની સંખ્યા |
| ૧ | સાબરકાંઠા | ૨૯૩૫ | ૧ | અમદાવાદ સીટી | ૬૬૧૨ | ૧૧ | 'મનગર | ૧૦૬૩ |
| ૨ | વડોદરા | ૫૬૨૪ | ૨ | અમદાવાદ ગ્રામ્ય | ૩૬૩૨ | ૧૨ | જૂનાગઢ | ૨૫૩૦ |
| ૩ | ભરૂચ | ૨૧૪૯ | ૩ | બનાસકાંઠા | ૩૨૮૨ | ૧૩ | પોરબંદર | ૬૨૧ |
| ૪ | નર્મદા | ૬૭૯ | ૪ | ગાંધીનગર | ૨૧૫૧ | ૧૪ | કચ્છ | ૧૩૫૨ |
| ૫ | વલસાડ | ૧૬૪૨ | ૫ | ખેડા | ૧૯૧૦ | ૧૫ | રાજકોટ | ૨૨૮૪ |
| ૬ | નવસારી | ૧૬૭૭ | ૬ | આણંદ | ૧૭૮૯ | ૧૬ | સૂરેન્દ્રનગર | ૧૭૩૭ |
| ૭ | ડાંગ | ૩૦૦ | ૭ | મહેસાણા | ૨૩૮૮ | | કુલ (ગુજરાત) | ૫૮૮૬૦ |
| ૮ | પંચમહાલ | ૨૧૮૦ | ૮ | પાટણ | ૧૪૫૮ | | | |
| ૯ | દાહોદ | ૧૦૬૩ | ૯ | અમરેલી | ૧૨૮૭ | | | |
| ૧૦ | સુરત | ૪૨૮૧ | ૧૦ | ભાવનગર | ૨૨૪૪ | | | |

## આર્થિક અને સામાજિક વિકાસના સંદર્ભમાં સહકારી પ્રવૃત્તિનું મહત્વ

આર્થિક વિકાસ માટે અપનાવવામાં આવેલા આયોજનના અમલીકરણમાં કેટલીક મર્યાદાઓ તથા તૃટિઓના કારણે આપણાં દેશ તથા રાજ્યમાં ઘણાં પ્રદેશો ખાસ કરીને આદિવાસી વિસ્તારો અન્ય પ્રદેશોની તુલનામાં ઘણાં પાછળ રહી જવા પામ્યા છે. તેમજ આજે પણ અનેક આર્થિક સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. આવા સંજોગોમાં સહકારી પ્રવૃત્તિ આવા વિસ્તારોની આર્થિક સમસ્યાઓ ઉકેલવામાં મદદરૂપ થઈ શકે તેમ છે. કારણ કે જો સરકારી યોજનાઓનો અમલ સહકારી પ્રવૃત્તિના માધ્યમથી થાય અને આદિવાસી વિસ્તારના લોકોને સહકાર વડે સંગઠીત બનાવી તેઓને શક્તિશાળી બનાવી શકાય તો સંગઠનની તાકાત વડે આદિવાસી સમાજના લોકો પોતાની સ્થિતિ સુધારવામાં નિષ્ફળ નીવડશે. સાથો સાથ સહકારી પ્રવૃત્તિમાં સક્રિય સામેલગીરીના લીધે આદિવાસી સમૂદાયમાં પરસ્પર સહાય, સમાનતા, સ્વાશ્રય, કરકસર, ભાઈચારો વગેરેજેવા અનેક ગુણોનો પણ વિકાસ થસે. જે સામાજિક વ્યવસ્થાના વિકાસમાં મદદરૂપ થશે. અને સામાજિકે વિકાસને આર્થિક વિકાસની પૂર્વ શરત હોઈ આદિવાસી વિસ્તારના વિકાસમાં સહકાર પ્રવૃત્તિ ખરેખર મહત્વની ભૂમિકા નીભાવી શકવા સક્ષમ છે. તેમાં કોઈનેય શંકા ન હોઈ શકે.

## ગુજરાતમાં જિલ્લાવાર સહકારી મંડળીઓની સંખ્યા

ગુજરાત રાજ્યમાં જિલ્લાવાર આવેલી વિવિધ સહકારી મંડળીઓની સંખ્યાની મિહિતીને આપણે બે વિભાગ : ૧)આદિવાસી વિસ્તારમાં આવેલી સહકારી મંડળીઓ અને (૨) બિનઆદીવાસી વિસ્તારમાં આવેલી સહકારી મંડળીઓ માં વિભાજન કરીને અભ્યાસ કરીશું. ગુજરાત રાજ્યમાં જિલ્લાવાર આવેલી સહકારી મંડળીઓ.

કોષ્ટકનો અભ્યાસ કરતા જણાય છે કે ગુજરાત રાજ્યમાં સહકારી પ્રવૃત્તિનો નોંધપાત્ર વિકાસ થયો છે. પરંતુ રાજ્યના આદિવાસી વિસ્તારોમાં અન્ય વિસ્તારોની તુલનામાં સહકારી પ્રવૃત્તિનો ઓછો વિકાસ થયો છે. તેથી સમાજના નબળા વર્ગના લોકોના વિકાસમાં સહકારી પ્રવૃત્તિની ઉપયોગીતાને ધ્યાનમાં લેતા સહકારી પ્રવૃત્તિનો વ્યાપ ખાસ કરીને રાજ્યના આદિવાસી વિસ્તારમાં વધારવાની જરૂર છે.

**આદિવાસી વિસ્તારની આર્થિક સમસ્યાઓના ઉકેલ માટે ઉપયોગી એવાં સહકારી પ્રવૃત્તિના વિવિધ સ્વરૂપો.**

મુદ્રા નંબર (૬) માં જણાવ્યા અનુસાર આદિવાસી વિસ્તારમાં કેટલીક મહત્વની આર્થિક સમસ્યાઓ વર્ષોથી વણ ઉકેલાયેલી રહેવા પામી છે. વળી સરકારના અનેક પ્રયાસો છતાં તેનો ઉકેલ આવી શક્યો નથી. તે ઘણી આઘાતજનક બાબત કહી શકાય.

**● સહકારી ધોરણે કૃષિ વિકાસ**

કૃષિ એ માત્ર આપણાં રાજ્યની જ નહીં પરંતુ સમગ્ર દેશની કરોડરજ્જુ સમાન છે આથી કૃષિ જેટલી સમૃધ્ધ હશે તેટલો ગ્રામિણ સમાજ પણ સમૃધ્ધ બનશે. પરંતુ વરસાદની અનિયમિતતા, સિંચાઈની અપુરતી સુવિધા, નબળી આર્થિક સ્થિતિ, ખામી ભરેલી વેચાણ વ્યવસ્થા, નાના કદના ખેતરો અને ખેત ધિરાણની અપુરતી સુવિધા વગેરે જેવા કારણો તથા રાસાયણીક ખાતર, જંતુનાશક દવાઓ, યંત્રસમાગ્રી, ડિઝલ, વિજળી, સુધારેલા બિયારણો વગેરેના વધતાં જતાં ભાવો અને ભૂગર્ભ જળ સ્તર નીચા જવા અને જમીનની ફળદ્રુપતામાં ઘટાડો થવો વગેરે જેવા પરીબળોએ આદિવાસી વિસ્તારના ખેડૂતોની મુશ્કેલીમાં અનેક ગણો વધારો કર્યો છે. આમ, ખેતીના વ્યવસાયમાંથી કસ ઓછો થતાં આ વિસ્તારના ખેડૂતોનો ખેતીમાંથી રસ પણ ઓછો થતો જાય છે. પરિણામે સ્થળાંતર વધ્યું છે. ગામડાઓ ભાંગતા જાય છે. અને શહેરોમાં વસિતનું દબાણ વધતાં બીજા અનેક પ્રશ્નો ઉભા થવા પામ્યા છે. આવા સંજોગોમાં આદિવાસી વિસ્તારના ખેડૂતો માટે સહકારી પ્રવૃત્તિ ઉપયોગી થવા પામે છે. આ માટે નાના કદના ખેતરો ધરાવતાં આદિવાસી ખેડૂતોએ સામૂહિક ખેતીનો માર્ગ અપનાવવો જોઈએ. તથા પોતાના મર્યાદિક સાધનો ભેગા કરી જરૂરી મદદ સરકાર પાસેથી મેળવી ખર્ચ ઘટાડવાનો પ્રયાસ કરવો જોઈએ. વળી, થયેલા ઉત્પાદનનું સહકારી ધોરણે વેચાણ કરી તેઓ સારા ભાવ પણ મેળવી શકશે. આમ સહકારી ખેતી આદિવાસી વિસ્તારનાં ખેડૂતો માટે ખર્ચ ઘટાડનાર તથા આવક વધારનાર સાબિત થશે. જેના વડે આદિવાસી વિસ્તારની ખેતી માટે સંકળાયેલી કેટલીક આર્થિ સમસ્યાઓ ઉકેલવામાં મદદ મળશે.

**● સહકારી ખરીદ વેચાણ વ્યવસ્થા**

આદિવાસી વિસ્તારમાં વસવાટ કરતાં ખેડૂતો ખાસ કરીને નાના આદિવાસી ખેડૂતોને ખેત પેદાશની વેચાણ વ્યવસ્થામાં રહેલી ખામીઓના કારણે થતું નુકસાન સહન કરવું પડે છે. આવા ખેડૂતો દ્વારા ઉત્પાદિત કરવામાં આવેલ ખેત પેદાશોનું મોટાભાગે સ્થાનિક બજાર કે હાટમાં વેચાણ કરવામાં આવે છે. જ્યાં તેઓનું વ્યાપક શોષણ થાય છે. સાથોસાથ સંગ્રહની સુવિધાનો અભાવ, વાહન વ્યવહારની અપુરતી સુવિધા, નાના જથ્થામાં કરવામાં આવતું વેચાણ, નાણાંની તાત્કાલીક જરૂરીયાત, બજારભાવ અંગેની અજ્ઞાનતા વગેરે જેવા કારણોસર આદિવાસી ખેડૂતોને ખેત પેદાશના વાજબી ભાવ મળી શકતા નથી. બીજી બાજુ આવા ખેડૂતો જ્યારે પોતાની જરૂરીયાતની વસ્તુ બજારમાંથી ખરીદે છે ત્યારે તેમની પાસેથી વધુ ભાવ લેવામાં આવે છે. આમ, વ્યાપારની શરતો આવા ખેડૂતોની વિરૂદ્ધમાં જવા પામે છે. પરિણામે તેઓની આર્થિક સ્થિતિ નબળી રહે છે. તેઓને આ સ્થિતિમાંથી બહાર લાવવા માટે સહકારી વેચાણ વ્યવસ્થા ઉપયોગી થઈ શકે તેમ છે. આ માટે આસપાસના ખેડૂતો ભેગા મળી મોટા જથ્થામાં ખેત પેદાશોનું વેચાણ કરવાની પધ્ધતિ અપનાવે તો તેમની સોદાશક્તિમાં વધારો થતાં તેમને ખેત પેદાશના વાજબી ભાવ મળી શકશે. આ ઉપરાંત ફળો તતા શાકભાજી પકવતાં ખેડૂતો સહકારી ધોરણે વેચાણ કરવા સામૂહિક માલિકીના વિતરણ કેન્દ્રો શરૂ કરીને ગ્રાહકોને સીધું વેચાણ કરે તો તેઓ મધ્યસ્થીઓના શોષણમાંથી બચી શકશે અને સારું વળતર મેળવી શકશે. તથા ગ્રાહકોને પણ વાજબી ભાવે સારી ગુણવત્તા વાળી વસ્તુઓ મળી શકશે.

દક્ષિણ ગુજરાત તથા સૌરાષ્ટ્રના જૂનાગઢ વિસ્તારોમાં આવી મંડળીઓ શરૂ થઈ છે, અને સફળ પણ થઈ છે. પરંતુ રાજ્યના આદિવાસી વિસ્તારોમાં આવી મંડળીનો વિસ્તાર કરવાની ખાસ જરૂર છે.

**● દૂધ ઉત્પાદક સહકારી પ્રવૃત્તિ**

ખેતીની સાથોસાથ પશુપાલન એ પણ આદિવાસી વિસ્તાર તથા આદિવાસી સમૂદાયનો મુખ્ય વ્યવસાય છે. પશુપાલન વડે આદિવાસી વિસ્તારમાં પુરક રોજગારી તથા આવકનું સર્જન કરી શકાય તેમ છે. અપુરતી સિંચાઈની સુવિધા તથા જમીન વિહોણાં આદિવાસી કુટુંબોનું મોટું પ્રમાણ ખેતી ક્ષેત્રમાં મોસમી તથા પ્રછન્ન બેકારીની સ્થિતિનું સર્જન કરે છે. આવા સંજોગોમાં પશુઓના ઉછેર વડે કુટુંબના ભરણ પોષણ માટે આવક પ્રાપ્ત કરી શકાય છે. વળી ડુંગરાળ આદિવાસી વિસ્તારમાં જ્યાં પડતર જમીનનું પ્રમાણ વધારે હોય છે ત્યાં ઘાસચારો સરળતાથી મળી શકતો હોવાથી પશુઓના ઉછેર વડે કુટુંબના ભરણ પોષણ માટે આવક પ્રાપ્ત કરી શકાય છે. વળી ડુંગરાળ આદિવાસી વિસ્તારમાં જ્યાં પડતર જમીનનું પ્રમાણ વધારે હોય છે ત્યાં ઘાસચારો સરળતાથી મળી શકતો હોવાથી પશુઓના ઉછેરનું ખર્ચ પણ ઓછુ આવે તેમ છે. પરંતુ આમ છતાં આદિવાસી વિસ્તારોમાં વૈજ્ઞાનિક ઢબે પશુઓનો ઉછેર કરવાનો વ્યવસાય પૂરતો વિકસ્યો નથી. જો કે દૂધ ઉત્પાદક સહકારી પ્રવૃત્તિનો આવા વિસ્તારમાં વિકાસ થવાથી

આદિવાસી કુટુંબોએ તેનો લાભ ઉઠાવ્યો છે. આમ છતા, હજુ આદિવાસી વિસ્તારના ઘણાં ગામડાંઓ તથા આદિવાસી કુટુંબો દૂધ ઉત્પાદક સહકારી પ્રવૃત્તિના લાભોથી વંચિત છે. આથી જો આવા વિસ્તારના આદિવાસી કુટુંબોને જરૂરી ધિરાણ તથા તાલીમ આપી બે ગાય, બે ભેંસના યુનિય પૂરાં પાડવામાં આવે તો તેઓ દૂધ ઉત્પાદક સહકારી પ્રવૃત્તિમાં જોડાઈને પોતાની આર્થિક સ્થિતિ સુધારી શકશે. તેમજ આદિવાસી કુટુંબો દેવામાંથી બહાર આવી શકશે, ખેતીમાં વધુ રોકાણ કરી શકશે અને વધુ સારું શિક્ષણ પ્રાપ્ત કરી શકશે. આમ વધુ ને વધુ સંખ્યામાં આદિવાસી કુટુંબો સહકારી ધોરણે પશુપાલન વ્યવસાય શરૂ કરે તો તેના વડે તેઓની આર્થિક સ્થિતિ સુદારી શકાશે તેમજ આદિવાસી વિસ્તારના વિકાસની સંભાવનાઓનો યોગ્ય ઉપયોગ કરી આવા વિસ્તારનો વિકાસ કરી શકાશે.

**● હસ્તકલાની વસ્તુઓનું ઉત્પાદન તથા વેચાણ**

આદિવાસી સમૂદાય વિશિષ્ટ પ્રકારની સંસ્કૃતિ ધરાવતો સમૂદાય છે. તેઓની આગવી સંસ્કૃતિના કારણે તેઓમાં વંશ-પરંપરાગત કુશળતા પણ ટકી રહી છે. આદિવાસી સ્ત્રીઓમાં આવી કુશળતા વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. તેઓ વાંસ તથા નેતરની કેટલીક આકર્ષક ચીજ વસ્તુઓ કુશળતા પૂર્વક બનાવી શકે છે. વળી, મોતીકામ, ભરત કામ, કપડાંના રમકડાં, તોરણો, માટીના રમકડાં, ગાલીચા વગેરે જેવી અનેક વસ્તુઓ પણ તેઓ બનાવી શકે છે. આવી ચીજ વસ્તુઓની શહેરી વિસ્તારોમાં તથા વિદેશી બજારોમાં સારી એવી માંગ પણ હોય છે. અને તેના સારા ભાવ પણ મળી શકે છે. આથી જો આદિવાસી બહેનોને આ અંગે વિશિષ્ટ તાલીમ આપી સહકારી ધોરણે આવો વ્યવસાય શરૂ કરવાની સમજ આપવામાં આવે તો તેમની કળાનો વ્યાવસાયિક ઉપયોગ થઈ શકશે અને વિસ્તારના વિકાસમાં મદદરૂપ થશે. અને આવા વિસ્તારના ગરીબી તથા બેરોજગારી જેવા પ્રશ્નો ઉકેલવામાં પણ તે સહાયક બનશે. સુરત, વડોદરા તથા દાહોદ જિલ્લામાં આવા પ્રયાસો થયાં છે. પરંતુ તે ઘણાં સિમિત રહ્યા છે. આથી રાજ્યના તમામ આદિવાસી વિસ્તારોમાં આ અંગે વધુ નક્કર પ્રયાસો કરવાની જરૂર છે.

**● બચત સહકારી મંડળીઓની સ્થાપના કરવી**

શહેરોમાં જેમ અર્બન કો.ઓ. બેંકો શરૂ થઈ છે તેમ ગ્રામિણ વિસ્તારોમાં રૂરલ કો.ઓ.બેંકો શરૂ કરવાની જરૂર છે. આદિવાસી વિસ્તારના શ્રમિકો મજૂરી કરી જે આવક મેળવે છે તેમાંથી બચાવેલી રકમ તેઓ આવી બેંકોમાં જમા કરાવી શકશે. આ માટે આ વિસ્તારના દરેક ગામોમાં બચત સહકારી મંડળીઓ શરૂ કરવી જોઈએ. આદિવાસી સભાસદોની આવી નાની નાની પચતો વડે મોટું ભંડોળ એકત્ર કરી શકાશે. તથા આવી બચત મંડળીઓની બનેલી રૂલર કો.ઓ.બેંક સ્વરોજગારશરૂ કરવા ઈચ્છતા આદિવાસી સબાસદોને પાંચ-દશ હજાર રૂપિયાનું ધિરાણ આપવામાં આપી શકશે. વળી કેટલીક સરકારી યોજનાઓમાં આદિવાસી લાભાર્થીઓને ધિરાણ આપવામાં આવે છે તે ધિરાણ જો રૂરલ કો.ઓ.બેંક મારફતે આદિવાસી સભાસદોને આપવામાં આવે તો તે ખરેખરા લાભાર્થી સુધી પહોંચી શકશે અને તેનો ઉચિત ઉપયોગ પણ થશે. આજે જ્યારે શહેરી સહકારી બેંકો સમક્ષ અનેક મુશ્કેલીઓ ઉભી થવા પામી છે ત્યારે આદિવાસી વિસ્તારોમાં શરૂ થતી આવી નાના માણસોની નાની બેંકો નાની નાની થાપણો એકત્ર કરી, નાની રમકમનું ધિરાણ આપી બહુ મોટું કામ કરી શકે તેમ છે. આવી બેંકો તથા મંડળીઓ શરૂ થવાથી આદિવાસી સમૂદાયમાં કરકસરનો ગુણ વિકસાવી શકાશે. તેઓને શાહુકારોના શોષણમાંથી બચાવી શકાશે. તેમજ સ્વરોજગારી માટે ધિરાણ પુરૂ પાડીને ઘર આંગણે જ રોજગારી પુરી પાડી શકાશે. જે સ્થળાંતર તથા તેના લીધે ઉભા થતાં પ્રશ્નો હલ કરવામાં પણ મદદરૂપ થશે.

**● જંગલ પેદાશો તથા આયુર્વેદીક ઔષધિઓનું ઉત્પાદન તથા વેચાણ**

આજે જ્યારે પરંપરાગત રીતે ખેતી કરતાં ખેડૂતો વિવિધ કારણોસર દયાજનક સ્થિતિમાં મૂકાયા છે ત્યારે વર્ષોથી જંગલોમાં વસવાટ કરતાં આદિવાસીઓ કે જેઓની પાસે વિવિધ ઔષધિય વનસ્પતીઓનું વિશિષ્ટ જ્ઞાન પણ છે. તેઓને ઔષધિય પાકોની ખેતી ફરક વાળવાથી તેઓની આર્થિક સ્થિતિ સુધારી શકાય તેમ છે.

આમ કોઈ મોટા ઔદ્યોગિક એકમો આવા વિસ્તારોમાં મૂડી રોકાણ કરવા માટે આગળ આવતા નથી ત્યારે આદિવાસી વિસ્તારના લોકોએ પોતાની આર્થિક સમસ્યાઓ સામૂહિક રીતે સહકારી ધોરણે ઉકેલવા તથા પોતાની આર્થિક સ્થિતિ સુધારવા પોતેજ આગળ આવવું પડશે.

સમગ્ર રાજ્યના વિકાસ માટે સરકાર દ્વારા વર્ષોથી પ્રયાસ કરવામાં આવી રહ્યા હોવા છતાં રાજ્યના કેટલાંક વિસ્તારો ખાસ કરીને આદિવાસી વિસ્તારની સ્થિતિમાં ખાસ કોઈ સુધારો થયો નથી ત્યારે સહકારી ધોરણે ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ વડે વિકાસના લાભોથી અનિવાર્ય બન્યું છે. આવા પ્રયાસો વડે આદિવાસી વિસ્તારની આર્થિક સમસ્યાઓ ઉકેલી શકાશે અને આવા વિસ્તારોનો વિકાસ કરી શકાશે.

● ● ●

# જંગલોની સમીક્ષા અને મેપિંગની પદ્ધતિ

શ્રીમતી કલ્પના પાલખીવાલા

દેશની પર્યાવરણકીય સ્થિરતા અને આર્થિક વિકાસના મુદ્દે જંગલો નિર્ણાયક ભૂમિકા અદા કરે છે. તેથી જ સમાયંતરે દેશના જંગલ આચ્છાદનની સમીક્ષા થતી રહે તે જરૂરી છે. મોટાભાગે ૧૯૯૯ સુધી થતી સમીક્ષાઓમાં સેટેલાઈટ ડેટાને જોઈને તેની સમીક્ષા થતી. આમ તો ૧૯૯૭થી ડેટાને જોઈને થતી સમીક્ષાને બદલે તેના ડીજીટલ સ્વરૂપની સમીક્ષા કરવાનો આંશિક પ્રારંભ ૧૯૯૭થી થઈ જ ચૂક્યો હતો. તે અંતર્ગત બે રાજ્યોના જંગલોની ડિજીટલ સમીક્ષાની કાર્યવાહી પુરી કરવામાં આવી હતી. ત્યારબાદ ૧૯૯૯થી અન્ય ૧૪ રાજ્યોમાં પણ સેટેલાઈટ ડેટાના ડિજીટલ સ્વરૂપ આધારે સમીક્ષાનો પ્રારંભ થયો.

## દ્રશ્ય(વિઝ્યુઅલ) અર્થઘટન

વીઝ્યુઅલ સમીક્ષા માટે સેટેલાઈટ ડેટાને ૧:૨,૫૦૦૦૦ના સ્કેલમાં ફોલ્સ કલર કોમ્પોઝિટ્સ તરીકે ઓળખાતા હાર્ડકોપી સ્વરૂપમાં મેળવવામાં આવતા હતા. ત્યારબાદ સંબંધિત સ્કેલ આધારે સર્વે ઓફ ઈન્ડિયાની ‘ટોપશીટ’નો ઉપયોગ કરીને “ટ્રેસિંગ શીટ” પર “બેઝમેપ” (નકશા) તૈયાર કરવામાં આવતા હતા. ટોપોશીટમાંથી પસંદગીની વિગતો લેવામાં આવતી હતી. બેઝમેપમાં અક્ષાંશ, રેખાંશ, રાજ્ય અને જિલ્લાની સરહદો વગેરેનું નિરૂપણ થતું હતું. ત્યારબાદ સમીક્ષાનો આરંભ થતો હતો. નકશા પર બહિર્ગોળકાચ (મેગ્નિફાઈંગ ગ્લાસ)ની મદદથી જંગલોને નિરૂપવામાં આવતાં હતા. આ આધારે ગાઢ જંગલ, ખુલ્લા જંગલ, આછી ઝાડી ધરાવતો વિસ્તાર અને બિનજંગલ વિસ્તારો નકશા ઉપર અલગ પડતા હતા. થઈ રહેલા પરિવર્તનોની નોંધ લઈને નવા નકશા તૈયાર થતા હતા. ત્યારબાદ જંગલની જાત તપાસ થતી હતી. આ જાત તપાસ આધારે નકશામાં સુધારા થતા હતા.

## ડીજીટલ સમીક્ષા

આ હેતુસર હૈદરાબાદ નેશનલ રિમોટ સેન્સિંગ એજન્સી ખાતેથી સમગ્ર દેશના ઉપલબ્ધ સેટેલાઈટ ડેટા પ્રાપ્ત કરવામાં આવે છે. આ ડેટા તે ૨૩.૫ રિઝ્યોલુશન ધરાવતા આઈઆરએસ પી-૬ સેટેલાઈટ પરથી મેળવવામાં આવેલા મલ્ટીસ્પેક્ટ્રલ ડેટા (એલઆઈએસએસ-૩) છે. એલઆઈએસએસ-૩ અંદાજે ૨૦૦૦ ચોરસ કિ.મીના (૧૪૦ કિ.મી X ૧૪૦ કિ.મી. ) વિસ્તારને આવરી લે છે. આ રીતે સમગ્ર દેશને આવરી લેતી ૩૨૭ તસવીરો મેળવવામાં આવે છે.

ડીઝીટર ઈમેજ પ્રોસેસીંગ (ડીઆઈપી) સોફ્ટવેરનો ઉપયોગ કરીને એનઆરએસએ પાસેથી પ્રાપ્ત કરેલી સીડીમાંથી કોમ્પ્યુટરમાં ડીઝીટલ સ્વરૂપમાં ડાઉનલોડ કરવામાં આવે છે. ત્યાર બાદ તસવીર પરની રેડિયોમેટ્રિક ક્ષતિઓ દૂર કરવા એડિયોમેટ્રિક અને કોન્ટ્રાસ્ટ સુધારા કરવામાં આવતા હોય છે. એ રીતે ફોલ્સ કલર કમ્પોલિટ્સની દ્રશ્ય અસરોને શક્તિશાળી બનાવવામાં આવે છે.

ત્યારબાદ સર્વે ઈન્ડિયાની ૧:૫૦,૦૦૦ સ્કેલની ટોપોશીપ્સ પર તસવીરમાં આવેલા સ્થળોની ઓળખ પ્રસ્થાપિત કરીને સ્કેનિંગની મદદથી નિરૂપણો કરવામાં આવે છે. ‘હાઈબ્રિડ એપ્રોચ’ ની મદદથી ત્યારબાદ જંગલ આચ્છાદનની સમીક્ષા કરવામાં આવે છે. આ પ્રકારના ડીઝીટલ મેપિંગ અને સમીક્ષા બાદ સ્થળપરની વિસ્તૃત તપાસ હાથ ધરવામાં આવે છે. છ મહિના સુધી જમીનની સ્થિતિનો અભ્યાસ કર્યા બાદ મેપમાં જરૂરી સુધારા વધારા કરવામાં આવે છે.

ત્યારબાદ રાજ્ય, જિલ્લા કે કેન્દ્રશાસિત પ્રદેશવાર નકશા તૈયાર થાય છે. જો કે રિમોટ સેન્સિંગ આધારિત ડિઝીટલ મેપિંગની કેટલીક મર્યાદાઓ પણ છે. એલઆઈએસએસ-૩ સેન્સરે પ્રાપ્ત કરેલી તસવીર ૨૩.૫ મીટરનું રીઝોલ્યુશન ધરાવતી હોવાથી માર્ગો, કેનાલ, રેલવે લાઈન્સ વગેરેને દર્શાવવા સાથેની જંગલ આચ્છાદનની સ્થિતિ તસવીરમાં ઝિલાતી નથી. વધુમાં વાદળ છાયા વાતાવરણમાં ઝિલાયેલી તસવીરમાં અનેક જમીનો વિગતો તસવીરમાં ઝાંખી દેખાય છે અને છતાં ડીઝીટલ મેપિંગ આપણા જંગલ આચ્છાદનની સ્થિતિ જાણવા માટેનો અત્યાર સુધીનો શ્રેષ્ઠ માર્ગ માલુમ પડ્યો છે.

*સૌજન્ય પી.આઈ.બી. અમદાવાદ*

# જંગલ પેદાશ આધારિત ઉદ્યોગોનો વિકાસ

✍ ડી.એમ.રોહિત

*૧૯૯૫માં ભારતમાં કુલ જમીન વિસ્તારના ૨૨.૯૧% વિસ્તારમાં જંગલો હતા. ગુજરાતમાં ૯.૯૦% વિસ્તારમાં જંગલો હતા. સમગ્ર વિશ્વની માથાદીઠ જંગલની સરેરાશ ૧.૦૪ હેક્ટર છે. તેના સંદર્ભમાં ગુજરાત ઘણું પાછળ છે. ઐતિહાસિક નોંધ પ્રમાણે મહંમદ બેગડાના સમયમાં રાજપીપળાના ડુંગરો, પંચમહાલ, પાવાગઢ, ખેડા અને ગિરનારના વિસ્તારમાં જંગલો હતા. બોમ્બે ગેઝેટીયર મુજબ સૌરાષ્ટ્રના ગિરના જંગલનો વિસ્તાર ઈ.સ. ૧૮૭૮માં આસરે ૨૦૦૦ ચો.કી.મી. હતો જે આજે ઘટી ગયો છે. માનવી આજે સિમેન્ટ-કોંક્રિટના જંગલની વૃધ્ધિ કરી રહ્યો છે. પરિણામે પ્રાકૃતિક જંગલો ઘટી રહ્યા છે. ભવિષ્યમાં જંગલનો રાજા 'સિંહ' કે અન્ય શિકારી પ્રાણી માનવ વસાહતમાં વૉકિંગ માટે આવી ચડે તો નવાઈ નહીં.*

એક સમય હતો જ્યારે ભરતખંડ જંગલોની હરિયાળીથી સંપૂર્ણ સુશોભીત હતો. ઋગ્વેદ, મનુસંહિતા, અગ્નિપુરાણ વગેરે જેવા પૌરાણિક ગ્રંથોમાં 'અરણ્ય' નો ઉલ્લેખ અવશ્ય જોવા મળે છે. ભારતીય સંસ્કૃતિના ઈતિહાસની ઘણી સુવિખ્યાત ઘટનાઓ 'અરણ્ય', 'વન' સાથે જોડાયેલી છે. મહાકાવ્ય 'મહાભારત'ની રચના અરણ્યમાં જ થઈ હતી. તો 'નંદનવન'ની સુંદરતા પ્રત્યેક વ્યક્તિના સ્મરણમાં હશે. 'દંડકારણ્ય'ની નાટકીય ઘટનાઓ સહિત 'અશોકવાટિકા'નું કરૂણ વાતાવરણ આપણને ભાવવિભોર કરી દે છે. જ્યારે 'વૃન્દાવન'ના શ્રીકૃષ્ણની વાર્તા અપૃથ્થકરણીય છે.

સાચું છે કે Trees means water, water means bread and bread is everything for the existence of mankind.પુરાણોમાં સત્ય કહ્યું છે કે "દસ દીકરા સમાન એક વૃક્ષ છે." વન વિષે ફ્રાંસમાં કહેવત છે કે "Forests precede civilisation but deserts succed them"

૧૯૯૫માં ભારતમાં કુલ જમીન વિસ્તારના ૨૨.૯૧% વિસ્તારમાં જંગલો હતા. ગુજરાતમાં ૯.૯૦% વિસ્તારમાં જંગલો હતા. સમગ્ર વિશ્વની માથાદીઠ જંગલની સરેરાશ ૧.૦૪ હેક્ટર છે. તેના સંદર્ભમાં ગુજરાત ઘણું પાછળ છે. ઐતિહાસિક નોંધ પ્રમાણે મહંમદ બેગડાના સમયમાં રાજપીપળાના ડુંગરો, પંચમહાલ, પાવાગઢ, ખેડા અને ગિરનારના વિસ્તારમાં જંગલો હતા. બોમ્બે ગેઝેટીયર મુજબ સૌરાષ્ટ્રના ગિરના જંગલનો વિસ્તાર ઈ.સ. ૧૮૭૮માં આસરે ૨૦૦૦ ચો.કી.મી. હતો જે આજે ઘટી ગયો છે. માનવી આજે સિમેન્ટ-કોંક્રિટના જંગલની વૃધ્ધિ કરી રહ્યો છે. પરિણામે પ્રાકૃતિક જંગલો ઘટી રહ્યા છે. ભવિષ્યમાં જંગલનો રાજા 'સિંહ' કે અન્ય શિકારી પ્રાણી માનવ વસાહતમાં વૉકિંગ માટે આવી ચડે તો નવાઈ નહીં.

આજે કાયદેસર કે ચોરી છૂપીચી જંગલો કપાઈ રહ્યા છે. જંગલ વિસ્તાર ઘટવાથી તેમાંથી મળતી અન્ય પેદાશો પણ ઘટે છે. વીરપ્પનને 'ચંદનચોર' કહેવાતો તે કેફી દ્રવ્યોની દાણચોરી કરતો ન હતો. વિદેશમાં તેની વધુ કિંમત ઉપજે છે. ઈમારતી લાકડું અને બળતણના લાકડા ઉપરાંત જંગલની અન્ય પેદાશો પણ વિવિધ ઉપયોગમાં આવે છે. જેથી વૃક્ષ-વનને સાચવવા જોઇએ.

ઉદ્યોગોના મુખ્યત્વે બે પ્રકાર છે.
(૧) મૂળભૂત કે નૈસર્ગિક ઉધ્યોગ અને
(૨) કારખાના ઉદ્યોગ

### (૧) મૂળભૂત કે નૈસર્ગિક ઉદ્યોગ

આ ઉદ્યોગમાં ચીજ વસ્તુના ઉત્પાદન માટે બીજા સાધનો કરતાં કુદરતી સાધન સંપતિનો ઉપયોગ વધુ થાય છે.

(લેખક આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સંતરામપુર, જિ.પંચમહાલ સાથે સંકળાયેલ છે.)

ઉત્પાદીત પેદાશો મહદઅંશે મનુષ્યની સીધી વપરાશમાં અથવા બીજા ઉદ્યોગમાં કાચા માલ તરીકે વપરાય છે. પ્રાચીન કાળમાં ઉદ્યોગનું ખૂબ મહત્વ હતું પણ આધુનિક સંગઠીત કારખાના ઉદ્યોગનો વિકાસ થતાં એમની અગત્યતા ઓછી થઈ છે આ ઉદ્યોગો નીચે મુજબ છે.

- શિકારી ઉદ્યોગ ઘણો પ્રાચીન છે. મનુષ્ય તેની પ્રાથમિક અવસ્થામાં હતો ત્યારથી આ ઉદ્યોગ હયાતીમાં છે. (આજે પણ સિંહ, વાઘ કે હાથીની હત્યા કરી તેના અંગોની દાણચોરી થાય છે.)
- મત્સ્ય ઉદ્યોગ પ્રાચીન છે. આજે પણ તેનું મહત્વ ઓછું થયું નથી.
- પશુપાલનનો ઉદ્યોગ પણ જૂનો છે. માનવ સંસ્કૃતિના વિકાસ સાથે તેની પ્રગતિ થયેલી છે. દૂધ ઉત્પાદનમાં ભારત વિશ્વમાં પ્રથમ નંબરે છે.
- ખેતી ઉદ્યોગ પ્રાચીન હોવા છતાં આજે પણ મહત્વનો છે.
- ખાણ-ખનીજ ઉદ્યોગ એ દેશમાં મળી આવતી ખનીજો અને જથ્થા ઉપર આધારિત છે.
- જંગલ ઉદ્યોગ એ જંગલમાંથી મળતા લાકડા ઉપરાંત અન્ય પેદાશ ઉપર આધારિત છે.

### (૨) કારખાના ઉદ્યોગ

આ ઉદ્યોગો એ એવા ઉદ્યોગો છે જે નૈસર્ગિક ઉદ્યોગો અને અન્ય કારખાના ઉદ્યોગ પાસેથી મેળવેલા કાચા માલનું ઉત્પાદન પ્રક્રિયાઓ દ્વારા તેમના સ્વરૂપ અથવા તો ગુણધર્મોમાં પરિવર્તન લાવી તેમની ઉપયોગિતા વધે તેવો તૈયાર માલ મુખ્યત્વે યાંત્રિક સહાય દ્વારા બનાવે છે.

જંગલ પેદાશ મુખ્ય અને ગૌણ એમ બે વર્ગોમાં ફાળવવામાં આવે છે. મુખ્ય પેદાશોમાં ઈમારતી લાકડું અને બળતણના લાકડાનો સમાવેશ થાય છે. જ્યારે ગૌણ પેદાશોમાં ખાખરો-ટીમરૂના પાન, ગુંદર, લાખ, મહુડા, ડોળી, ગુગળ, મધ, આમળાં, અરીઠાં, વગેરેનો સમાવેશ થાય છે. ઉત્તમ પ્રકારની ઔષધીઓ પણ વનમાંથી મળે છે.

જંગલપેદાશો ઉપર આધારિત ઉદ્યોગો નીચે મુજબ છે.

### સૉ મીલ

જંગલ પેદાશ આધારિત ઉદ્યોગમાં સૌથી અગત્યનો ઉદ્યોગ લાકડા વહેરવાની મીલનો છે. ગુજરાતમાં ૪૦૭૯ કરતાં પણ વધુ સૉ મીલ છે. જેમાં થડમાંથી વિવિધ માપના લાકડા પાટીયા વહેરવામાં આવે છે.જેમાંથી બારી-બારણા તથા મકાન કે ઓફિસ માટે ફર્નિચર બનાવવામાં આવે છે. સાગી અને પ્લાયવુટ મોંઘુ છે. ફ્રાન્સમાં પ્રતિ વ્યક્તિ લાકડાનો ઉપભોગ ૧૬ ઘન ફુટ,જાપાનમાં ૧૩.૪ ઘનફુટ છે. ભારતમાં ૦.૬ ઘનફુટ જ છે. વસ્તીવૃદ્ધિ સાથે બળતણના લાકડાની માગ પણ વધતી જાય છે. માટે લાકડાનું ઉત્પાદન વધારવાના હેતુથી પણ વિકાસનું આયોજન જરૂરી છે.

### કાથા ઉદ્યોગ

આ ઉદ્યોગ પણ જંગલપેદાશ આધારિત છે. કાથાના ઉત્પાદન માટે ખેરના વૃક્ષનો કાચામાલ તરીકે ઉપયોગ થાય છે. માટે જંગલોમાં ખેરના વૃક્ષોનું પ્રમાણ વદારી આ ઉદ્યોગનો વધુ વિકાસ થઈ શકે તેમ છે. ગુજરાતમાં માત્ર ચાર જ કાથાનું ઉત્પાદન કરતી ફેકટરી આવેલી છે. છતાં પણ ખેરના વૃક્ષની (લાકડાની) આયાત પડોશી રાજ્યોમાંથી કરવી પડે ચે. માટે ખેરનું ઉત્પાદન વધારવાથી રોજગારી સર્જનની શક્યા વધુ છે.

### પેટીઓ બનાવવાનો ઉદ્યોગ

ફર્નિચર અને બળતણ ઉપરાંત લાકડાનો ઉપયોગ પૂંઠા અને પેટીઓ બનાવવામાં થાય છે. ચા-સફરજન વગેરે માટે લાકડાની પેટીઓની જરૂર પડે છે. આજે નાની વસ્તુને પણ પેકિંગમા વેચવામાં આવે છે. દીવાસળીની પેટીથી શરૂ કરી ટી.વી., કોમ્પ્યુટર વગેરેને બોક્ષમાં પેકિંગ કરીને બજારમાં મુકવામાં આવે છે. માટે પેટીઓ બોક્ષ, ખોખાં બનાવવાના ઉદ્યોગનો વિકાસપણ જંગલ આધારિત છે.

### રમત-ગમતના સાધનો તથા કાષ્ટકલા ઉદ્યોગ

આજે રમત ગમત મનોરંજન પુરતું સીમિત ન રહેતા ધંધો બની ચુક્યું છે. વિવિધ ક્ષેત્રના ખેલાડીઓ અઢળક કમાણી કરે છે. ક્રિકેટ, કેરમ, બિલિયર્ડ, ટેબલટેનીસ, હોકી વગેરે રમતોના સાધનો બનાવવા માટે સારી ગુણવત્તાના પાકટ લાકડાની જરૂર પડે છે. ઉપરાંત કાષ્ટકલાની વિવિધ આકર્ષક ચીજવસ્તુઓ બનાવવા માટે પણ સારી જાતના લાકડાનો ઉપયોગ થાય છે. માટે બંને ઉદ્યોગો માટે લાકડું જંગલોમાંથી જ મેળવી શકાય તેમ છે.

### કાગળ તથા કાગળમાવા મિલ

કાગળ બનાવવા કાચામાલ તરીકે વાંસનો ઉપયોગ થાય છે. જો વાંસ પુરતા પ્રમાણમાં ન મળી રહેતો અન્ય નરમ લાકડાનો ઉપયોગ થાય છે. આજે શિક્ષણ અને વહીવટનું પ્રમાણ વધતાં સ્ટેશનરીની માંગ વધી છે. સામાયિકો, વર્તમાનપત્ર, ઝેરોક્ષ, ફેક્સ, અને કોમ્પ્યુટર માટે વાંસનું ઉત્પાદન જરૂરી છે. જે જંગલો સિવાય શક્ય નથી. કાગળની શોધ ચીનની દેન છે.

### તાડગોળ બનાવવાનો ઉદ્યોગ

તાડના વૃક્ષમાંથી તાડરસ (તાડી) મેળવીને તેમાંથી તાડગોળ પણ બનાવી શકાય છે. જે શેરડીના ગોળનો પર્યાય બની શકે છે. ઉપરાંત 'તાડી' એ આરોગ્ય માટે ઉત્તમ પીણું છે. તથા તાડગોટલી (તાડફળી) પણ શરીર માટે ઠંડક આપનારું ફળ છે. માટે તાડના વૃક્ષો ઉછેરવાથી આ ઉદ્યોગ વિકાસ પામી શકે.

### પડીયા-પતરાળા ઉદ્યોગ

ખાખરાના પાનમાંથી પડીયા-પતરાળા બનાવી શકાય છે. વસ્તી વધતા સામાજીક પ્રસંગો વધવા લાગ્યા છે. સમાજનો ૬૦% મધ્યમ અને ૨૦% ગરીબ વર્ગ પડીયા પતરાળાનો જ ઉપયોગ કરે છે. થોડા ડીઝાઈન વાળા અને આકર્ષક બનાવવાથી તેની માંગમાં જરૂર વધારો થાય તેમ છે. પરંતુ તે માટે જંગલોમાં અને ખાનગી જમીનો ઉપર પણ ખાખરાના વૃક્ષનું ઉત્પાદન જરૂરી છે.

### બીડી ઉદ્યોગ

બીડીના વ્યસની માટે તો - બીડી એ જ સ્વર્ગની સીડી છે. ધુમ્રપાન કરનારાની સંખ્યા વધતી જાય છે. બીડી બનાવવામાં ટીમરૂના પાનનો ઉપયોગ કરવામાં આવે છે. જો ટીમરૂના વૃક્ષોનું વાવેતર વધારવામાં આવે તો બીડી ઉદ્યોગ માટે કાચોમાલ મળી શકે તેમ છે.

### ઔષધ ઉદ્યોગ

જંગલમાંથી મળતી ઔષધિઓ જેવીકે સર્પગંધા, અશ્વગંધા, કાળો ધતૂરો, શતાવરી વગેરે જેવી ૩૫૦ કરતાં વધુ ઔષધિય વનસ્પતિ મળી રહે છે. જેમાંથી આયુર્વેદિક દવાઓ બનાવી શકાય છે. અંબાજી વિસ્તારમાં ઔષધિના ભંડાર જેવું જંગલ આવેલું છે. જેમાં મોદડ, ગુગળ, ખાખરો, બીલી, દૂધલો, ગોલર, ઈન્દ્ર જવ, બહેડા વગેરેનું ઉત્પાદન થાય છે. માટે ઔષધિય વનસ્પતિઓ ઉછેરી આ ઉદ્યોગનો વિકાસ કરી શકાય તેમ છે.

મધ, મહુડાના ફુલ-ડોલી, આમળા, અરીઠાં વગેરમાંથી ઉપયોગી વસ્તુઓ બનાવી શકાય છે. આજે મધની વધુ માંગ છે. જે જંગલોમાથી કુદરતી કે કૃત્રિમરીતે મેળવી શકાય છે.

સુખડ-નિલગિરિનું તેલ તથા તાડના પાનમાંથી ટર્પેન્ટાઈનતેલ બનાવી શકાય છે. સુખડ અને નિલગિરિમાંથી સુગંધિ તેલ મેળવી શકાય છે. નીલગિરિના અર્કમાંથી 'બામ' પણ બની શકે છે. જેનો શરદી કે સરદર્દમાં ઉપયોગ થાય છે.

પેન્સીલ, ખેતીના સાધનોમાં, સ્વીચબોર્ડ, વાહનોની બોડી બાંધવા, ગાડુ બનાવવા કે બૂટ ચપ્પલની એડીમાં પણ લાકડુ વપરાય છે.

આમ ઉપર દર્શાવેલ ઉધ્યોગ સિવાય પણ લાકડાનો ઉપયોગ વ્યાપક છે. માટે જંગલો જરૂરી છે. આજે સત્ય એ છે કે એક સમયે વિશ્વમાં ૧૨ અબજ ૮૦ કરોડ હેક્ટર ભૂમિ ઉપર સમૃદ્ધ 'વન' હતા આજે માત્ર બે કરોડ હેક્ટર ભૂમિ પર 'વન' હયાત છે.

કલકત્તા કૃષિ વિદ્યાલયના પ્રો.ટી.એમ.દાસના અંદાજ અનુસાર ૫૦ વર્ષ જૂના એક વૃક્ષની કિંમત રૂા.૧૫.૭ લાખ જેટલી થાય છે. મતલબ કે વૃક્ષની પ્રદુષણ, જમીન ધોવાણ, ભેજને નિયંત્રણમાં રાખવાની ક્ષમતા ઉપરાંત ઈમારતી લાકડું-ફળ અને બળતણના લાકડાની કિંમતનો તેમાં સમાવેશ થાય છે.

અંતે એટલું કહી શકાય કે લાકડાનું મહત્વ મનુષ્યના જીવનમાં ઘણું જ છે. મનુષ્યના જન્મથી લઈ મૃત્યુપર્યન્ત વૃક્ષ તેને મદદ કરે છે.

• • •


**શું આપને ઉત્તમ પુસ્તકો સસ્તા દરે જોઈએ છે ?**

**જો હા, તો સંપર્ક કરો**

**યોજના કાર્યાલય**

**અંબિકા કોમ્પલેક્ષ, યુ.કો. બેંકની ઉપર,**

**પાલડી ચાર રસ્તા પાસે, અમદાવાદ-૩૮૦ ૦૦૭**

**ફોન : (૦૭૯)૨૬૫૮૮૬૬૯ (કાર્યાલય)**

# ભારતીય અર્થતંત્રમાં થયેલ વૃદ્ધિ અને વિકાસ

✍ અશ્વિન પ્રજાપતિ

*ભારતના સંદર્ભમાં જોવા જઈએ તો ભારત ૧૯૪૭માં જ્યારે આઝાદ થયું ત્યારે ભારત જોડે દેશની સ્વાતંત્રતા સિવાય કશું જ નહોતું. દેશે નવેરસથી એકડો ઘુંટવાનો હતો. વિશ્વની ફલક ઉપર પણ ભારતની ઓળખ 'ન' સમાન હતી, જ્યારે વર્તમાન સમયે ભારત વિશ્વની મહાસત્તાનાં સંઘમાં સ્થાન મેળવવા જઈ રહ્યું છે. જે બાબત જ દર્શાવે છે કે ભારતીય અર્થતંત્ર ઘણું મજબૂત બન્યું છે. ભારતે પ્રથમ પંચવર્ષિય યોજનામાં ૩.૫% જેટલો વૃધ્ધિદર હાંસલ કરેલ હતો જે દસમી પંચવર્ષિય યોજનામાં ૭.૮% જેટલો આર્થિક દર પ્રાપ્ત કરેલ જોવા મળેલ છે. જે વિશ્વના અલ્પવિકસિત દેશો માટે સરપ્રાઈઝ છે. કારણ કે ભારતે આજે વૈશ્વિક સ્તરે એકતાશીલ અને શાંત રાષ્ટ્રની છાપ ઉભી કરેલી છે.*

વર્તમાન સમયે વિશ્વનાં વિકસિત અને અલ્પવિકસિત એવા બધાજ દેશોનો એકમાત્ર ઉદ્દેશ અર્થતંત્રમાં ઝડપી આર્થિક વિકાસ અને ઉંચો આર્થિક વૃદ્ધિદર હાંસલ કરવાનો છે. ભારતનો સમાવેશ પણ આ દેશોના જૂથોમાં થવા પામે છે, કારણકે ભારતે પણ આઝાદીથી લઈને અત્યાર સુધીના સમયગાળામાં નોંધપાત્ર વિકાસદર હાંસલ કરી ચીન પછી દ્વિતિય સ્થાન પ્રાપ્ત કરેલ જોવા મળે છે. દુનિયાના દરેક દેશને પોતાના અર્થતંત્રને મજબુત બનાવી વૈશ્વિક સ્તરે એક નવીજ પ્રતિભા સંપન્ન કરવી છે. માટે આ દેશોએ તેમનુ ધ્યાન અર્થતંત્રના વૃદ્ધિ અને વિકાસ ઉપર કેન્દ્રિત કરેલ જોવા મળે છે. આર્થિક વૃદ્ધિ અને વિકાસ આ બન્ને શબ્દો પ્રથમ દૃષ્ટિએ એક સમાન દેખાય છે. પરંતુ આર્થશાસ્ત્રની દૃષ્ટિએ આ બન્ને શબ્દો બચ્ચે ઘણો મોટો તફાવત છે. આર્થિક વૃધ્ધિ કરતાં આર્થિક વિકાસનું




ફલક વધારે વિસ્તૃત છે. આર્થિક વૃધ્ધિએ અર્થતંત્રમાં માત્ર પરિણાત્મક ફેરફાર સુચવે છે. જ્યારે આર્થિક વિકાસ એ અર્થતંત્રમાં ગુણાત્મક ફેરફાર દર્શાવે છે. આમ, આર્થિક વૃધ્ધિનું કારણ આર્થિક વિકાસને બતાવાય છે. પરંતુ વર્તમાન સમયે વિશ્વના કેટલાક દેશોમાં આર્થિક વૃધ્ધિદર ઉંચો હોવા છતાં પણ આર્થિક

(લેખક આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, નિઝરમાં અધ્યાપક છે.)

વિકાસ જોવા મળતો નથી.

દા.ત, દક્ષિણ એશિયા અને આફ્રિકાનાં ઘણા દેશોમા આસ્થિતિ જોવા મળે છે. તો બીજા બાજુ વિકસિત દેશો એવા દક્ષિણ અમેરીકા, બ્રિટનમાં આર્થિક વૃધ્ધિનો દર નીચો હોવા છતાં ઉંચો આર્થિક વિકાસ દર કરેલ જોવા મળે છે. આમ, માત્ર કોઈપણ દેશ ઉંચો જી.ડી.પી કે એન.એન.પી. નો વૃદ્ધિ દર હાંસલ કરવાથી જ માત્ર ઉંચો વિકાસ દર પ્રાપ્ત લઈ શકતો નથી. પરંતુ તે મુજબ અર્થતંત્રમાં રોજગારીના દર, ગરીબી ઘટાડાનો દર, પીક્યુએલઆઇ પણ વધવો જોઈએ તોજ તે અર્થતંત્ર વિકાસનું ચિત્ર ઉપસાવી શકે છે.

ભારતના સંદર્ભમાં જોવા જઈએ તો ભારત ૧૯૪૭માં જ્યારે આઝાદ થયું ત્યારે ભારત જોડે દેશની સ્વાતંત્રતા સિવાય કશું જ નહોતું. દેશે નવેરસથી એકડો ઘુંટવાનો હતો. વિશ્વની ફલક ઉપર પણ ભારતની ઓળખ ન સમાન હતી, જ્યારે વર્તમાન સમયે ભારત વિશ્વની મહાસત્તાનાં સંઘમાં સ્થાન મેળવવા જઈ રહ્યું છે. જે બાબત જ દર્શાવે છે કે ભારતીય અર્થતંત્ર ઘણું મજબૂત બન્યું છે. ભારતે પ્રથમ પંચવર્ષિય યોજનામાં ૩.૫% જેટલો વૃધ્ધિદર હાંસલ કરેલ હતો જે દસમી પંચવર્ષિય યોજનામાં ૭.૮% જેટલો આર્થિક દર પ્રાપ્ત કરેલ જોવા મળેલ છે. જે વિશ્વના અલ્પવિકસિત દેશો માટે સરપ્રાઈઝ છે. કારણ કે ભારતે આજે વૈશ્વિક સ્તરે એકતાશીલ અને શાંત રાષ્ટ્રની છાપ ઉભી કરેલી છે. ઉપરાંત ઉચ્ચ કક્ષાની આંતર માળખીય સગવડો, ઉંચો આદ્યોગિક વિકાસ દર, કૃષિ વિકાસ દર, સંરક્ષણનાં ક્ષેત્રે સ્વાવલંબન, અદ્યતન ટેકનોલોજીની પ્રાપ્તી, સાક્ષરતામાં વૃદ્ધિ, અન્ન ક્ષેત્રે સ્વાવલંબન, બેરોજગારી અને ગરીબીમાં ઘટાડો જેવા નોંધપાત્ર પરિણામો હાંસલ કરેલા જોવા મળે છે.

- **ભારતમાં આવેલા આર્થિક પરિવર્તનો**

કોઈપણ દેશના અર્થતંત્રમાં આવેલા આર્થિક પરિવર્તનો તે દેશના સચોટ નિર્ણયો અને યોગ્ય આયોજનનું પરિણામ છે. ભારતનાં ભૂતપુર્વ વડાપ્રધાન પી.વી.નરસિંહરાવે ૧૯૯૧ ના રોજ ભારતમાં સમગ્રલક્ષી સ્થિરતા અને માળખાકિય સમાયોજન જેવી વૈશ્વિક કક્ષાની વિચારસરણી ભારતને અપાવવા તેમણે વૈશ્વિકરણ, ખાનગીકરણ અને ઉદારીકરણ રૂપી હિંમતપૂર્વકનું પગલું ભરી નવી વિદેશવેપાર નીતિનો સમાવેશ ભારતીય અર્થતંત્રમાં કર્યો. વર્તમાન સમયે જે ફળ ભારતને પ્રાપ્ત થયા છે. તેનું મુખ્ય કારણ ૧૯૯૧માં સત્તાવાર રીતે થયેલા આર્થિક સુધારાઓ છે.

**અ. કૃષિ ઉત્પાદનમાં વૃદ્ધિ**

આઝાદીકાળથી લઈને અત્યાર સુધી ભારતનાં કૃષિક્ષેત્ર ઉપર અનેક પરિવર્તનો આવ્યા છે. જેમાં મહત્વનું પરિવર્તન ભારતે કૃષિ ઉત્પાદનમાં નોંધપાત્ર સિધ્ધિ હાંસલ કરેલ જોવા મળે છે.

**(૧) અન્ન ક્ષેત્રે સ્વાવલંબન**

૧૯૫૦-૫૧માં ભારતીય કૃષિક્ષેત્રનો મોટો ભાગ વરસાદ ઉપર આધારિત હતો, જેના કારણે ભારતે પ્રથમ પંચવર્ષિય યોજનામાં જ કૃષિક્ષેત્રને મહત્વ આપ્યું. પરંતુ તેનું કોઈ નક્કર પરિણામ આવ્યું નહિ. કારણ કે ભારતની અન્ન આયાતો ઘટવાને બદલે વધતી હતી. પરંતુ ૧૯૯૧માં વૈશ્વિકરણની નીતી અપનાવવાને કારણે ઈઝરાઈલ સિંચાઈ ટેકનોલોજી ભારતના ખેતરોમાં પ્રવેશી જે કારણે કૃષિ ઉત્પાદનમાં નોંધપાત્ર વધારો થવા પામ્યો છે. અને આજે ભારતે અન્નક્ષેત્રે સ્વાવલંબન પ્રાપ્ત કરેલ જોવા મળે છે. એટલું જ નહિ આજે ભારતે ઘણા અનાજની નિકાસ કરે છે.

**(૨) કઠોળનું ઉત્પાદન**

ભારતને જો કે શરૂઆતના સમયે કઠોળનો આધાર મહદઅંશે આયાત ઉપર હતો, પરંતુ ૧૯૯૧ બાદ ભારતમાં કઠોળનું ઉત્પાદન સારાએવા પ્રમાણમાં રહેવા પામ્યું છે.

અન્નક્ષેત્રે સ્વાવલંબન પ્રાપ્ત કરેલ જોવા મળે છે. એટલું જ નહિ આજે ભારત ઘણા અનાજની નિકાસ પણ કરે છે.

**બ. ઔદ્યોગિક વૃધ્ધિ**

ભારતીય ઉદ્યોગો એ હવે માત્ર પરંપરાગત ઉદ્યોગો જ રહ્યા નથી પરંતુ તેવો પણ પશ્ચિમી ઉદ્યોગોમાં થતા ફેરફારો મુજબ પરિવર્તનશીલ બન્યા છે. ભારત વિજ્ઞાન અને ટેકનોલોજીની દૃષ્ટિએ પશ્ચિમી દેશો કરતા જરાય પછાત નથી. ઉપરાંત ઔદ્યોગિક વિકાસમાટેનું વાતાવરણ પશ્ચિમના દેશો કરતાં પણ વધુ સારું છે. જેને કારણે સમગ્ર એશિયામાં ભારત તરફનો એફ.ડી.આઇ. દિન પ્રતિદિન વધતો જાય છે.

વર્તમાન સમયે સરકારે ઉદારીકરણ અને ખાનગીકરણની નીતી ને પ્રાધાન્ય આપ્યું હોવાથી નાના અને ખાનગી ઉદ્યોગોનો વિકાસ સારા પ્રમાણમાં વધ્યો છે. ૧૯૯૧-૯૨માં નાના એકમોની સંખ્યા ૨.૮૨ લાખ હતી. જે ૧૨૯.૮૦ લાખ લોકોને રોજગારી આપતા હતા અને જેના દ્વારા દેશને કુલ ૧૩,૮૮૩ કોરડ રૂપિયાની નિકાસ કમાણી પ્રાપ્ત થઈ હતી. જે ૨૦૦૫.૦૬ માં નાના એકમોની સંખ્યા ૧૨૩.૪૨ લાખ થવા જાય છે. જે ૨૯૪.૯૧ લાખ લોકોને રોજગારી આપે છે. અને જેના દ્વારા ૨૦૦૫-૦૬માં

| વર્ષ | કઠોળનું ઉત્પાદન (મિ. ટન) | વાવેતર (હેક્ટરમાં) | આયાતો (મિ. ટન) |
|---|---|---|---|
| ૧૯૯૬-૯૭ | ૧૪.૨૧ | ૨૨.૪૫ | અપ્રાપ્ય |
| ૧૯૯૮-૯૯ | ૧૪.૯૧ | ૨૩.૫૦ | અપ્રાપ્ય |
| ૨૦૦૦-૦૧/૦૧-૦૨ | ૧૩.૩૭ | ૨૨.૦૧ | ૨.૨૨ |
| ૨૦૦૧-૦૨/૦૨-૦૩ | ૧૧.૧૩ | ૨૨.૫૦ | ૧.૯૯ |
| ૨૦૦૨-૦૩/૦૩-૦૪ | ૧૪.૯૧ | ૨૩.૪૬ | ૧.૭૨ |
| ૨૦૦૩-૦૪/૦૪-૦૫ | ૧૩.૧૩ | ૨૨.૭૬ | ૧.૩૪ |
| ૨૦૦૪-૦૫/૦૫-૦૬ | ૧૩.૩૬ | ૨૨.૩૬ | ૧.૬૧ |
| ૨૦૦૫-૦૬/૦૬-૦૭ | ૧૪.૫૨ | ૨૨.૩૧ | --- |

૧,૨૪,૪૧૭ કરોડ રૂપિયાની નિકાસ કમાણી પ્રાપ્ત થાય છે.

આમ ગ્રોથ ડોમેસ્ટીક પ્રોડક્શનમાં ઔદ્યોગિક ક્ષેત્રનો ફાળો દિન-પ્રતિદિન વધતો જાય છે.

## ક. વિદેશ વ્યાપારમાં વૃધ્ધિ

આર્થિક વિકાસની પ્રક્રિયા વિકસતા દેશના વિદેશ વેપારનાં માળખામાં પરિવર્તનો સર્જે છે. આ પરિવર્તનો આર્થિક વિકાસનાં સ્વરૂપનું પ્રતિબંબ પાડે છે. ભારતમાં ૧૯૯૧નાં સુધારા બાદ વિદેશ વેપારના કદ અને સ્વરૂપમાં નોંધપાત્ર પરિવર્તનો આવેલા છે.

### ૧. નિકાસમાં વૃદ્ધિ

ભારતમાં ૧૯૫૦-૫૧માં કુલ નિકાસો ૬૦૬ કરોડની હતી. પરંતુ તેમાં મોટે ભાગે પ્રણાલિકાગત વસ્તુઓનો પુરવઠો વધુ હતો જે ૨૦૦૬ માં વધીને ૧,૦૩,૦૯૧ મિલિયન ડોલર થવા જાય છે. જેમાં ઇલેક્ટ્રોનિક્સ, વિજાણુંયંત્રો, દવાઓ, રંગો, રસાયણો, ચા, કાપડ તેમજ અન્ય વિવિધ ભારતિય પેદાશોનો સમાવેશ થાય છે. નિકાસ વૃદ્ધિનું કારણ રૂપિયામાં આવેલ આંશિક પરિવર્તનશીલતા અને શરૂઆતના સમયમાં થયેલું રૂપિયાનું અવમુલ્યન તેમજ ભારતીય ચીજવસ્તુઓનાં બજારમાં વિસ્તૃતિકરણ જવાબદાર છે.

### ૨. આયાતોનાં સ્વરૂપમાં ફેરફાર

ભારત સરકારે ૧ એપ્રિલ ૧૯૯૨ ના રોજ નવી આયાતનીતી જાહેર કરી બિનજરૂરી વસ્તુઓને આયાતો ઉપર નિયંત્રણ મુકી દેશનાં આર્થિક વિકાસ માટે જરૂરી વસ્તુઓની આયાતોને ઉદાર બનાવેલ જોવા મળે છે. શરૂઆતના સમયે ૧૯૫૦-૫૧માં આયાતો૬૦૮ કરોડની હતી. પરંતુ તેમાં બિનજરૂરી વસ્તુઓનું પ્રમાણ વધુ હતુ માટે વર્તમાન સમયે દેશના ઔદ્યોગિક અને કૃષિ વિકાસ માટે જરૂરી ચીજ વસ્તુઓની માંગ વધવાને કારણે આયાતો વધીને ૨૦૦૫-૦૬ માં ૧,૪૯,૧૬૬ મીલીયન ડોલર થવા જાય છે.

### ૩. વિદેશી હુંડિયામણમાં વૃદ્ધિ

૧૯૯૧ના સમયે ભારત આર્થિક કટોકટીમાં હતું. અને તે સમયે ભારતની તીજોરીનું તળીયું દેખાવા માંડ્યું હતું પરંતુ, આ સુધારાવાદી નીતિના કારણે ભારત ૨૦૦૭માં ૨૪૭ અબજ ડોલર વિદેશી હુંડીયામણ ધરાવતો વિશ્વનો ચોથો દેશ બન્યો છે. જેની સરખામણીમાં ભારતનું વિદેશી દેવું ૧૪૨.૬૫૬ અબજ જેટલું જ છે.

### ૪. વિદેશી મૂડી રોકાણમાં વૃદ્ધિ

પરંતુ વર્તમાન સમયે ભારત જમ્મુથી કન્યાકુમારી અને પશ્ચિમ બંગાળથી ગુજરાત સુધી નજર કરતા પ્રજા જીવન ધોરણમાં ઘણું મોટું પરિવર્તન આવેલ જોઈ શકાય છે. ભારતમાં આજે નિરક્ષરતાનું પ્રમાણ ઘટીને ૨૨% થી ૩૩ % થયું છે. ઉપરાંત ગરીબી, બેકારી જેવી સમસ્યાઓ ઘણી હળવી બની છે. લોકોના રહેઠાણે પાકા, હવા ઉજાસવાળા, વિજજોડાણયુક્ત જોવા મળે છે. આરોગ્યની દ્દષ્ટિએ જોઈએ તો લોકોને પુરતો પોષ્ટિક આહાર અને આરોગ્યોની સગવડો મળવાને કારણે સરેરાશ આયુષ્ય ૬૫ થી ૭૦ વર્ષની વચ્ચે જોવા મળે છે. એટલુંજ નહી, પ્રજાની વિચારસરણી પણ ઘણી બદલાયેલ જોવા મળે છે. આજે આ લોકો પ્રણાલિકાગત વિચારોથી વિમુખ થઈ

ઔદ્યોગિક વૃદ્ધિદર

| વર્ષ | ઔદ્યોગિક વૃદ્ધિદર |
|---|---|
| ૨૦૦૦-૦૧ | ૬.૩ % |
| ૨૦૦૧-૦૨ | ૨.૭ % |
| ૨૦૦૨-૦૩ | ૭.૦ % |
| ૨૦૦૩-૦૪ | ૭.૬ % |
| ૨૦૦૪-૦૫ | ૮.૬ % |
| ૨૦૦૫-૦૬ | ૮.૦ % |

વિજ્ઞાન અને ટેકનોલોજીને સરળતાથી સ્વીકારતા થયા છે. જેના કારણે તેમની જીવનશૈલીમાં પશ્ચિમનાં રાષ્ટ્રોની જીવનશૈલીના ચિત્રો ઉપસી આવે છે.

ટુંકમાં, ભારતે સમગ્ર વિશ્વ સામે એક એવું ચિત્ર ખડું કર્યું છે કે, ભારતે માત્ર આર્થિક વૃદ્ધિ કે માત્ર વિકાસ રૂપી માર્ગ સિધ્ધ કર્યો નથી. પરંતુ, આર્થિક વૃદ્ધિ અને વિકાસ રૂપી પલ્લાને સરખા રાખી સમગ્ર વિશ્વને વિચારતા કરી મુક્યું છે. હવે વિશ્વના દેશો ભારતીય વિચારસરણીને અનુસરે અને તેને વિશાળ દ્દષ્ટિથી અપનાવે તે સમય દુર નથી.

આમ, ભારતે આઝાદીથી લઈ અત્યાર સુધીની લાંબી સફરમાં ઘણી મોટી આર્થિક વૃદ્ધિ અને વિકાસરૂપી સિધ્ધિ હાંસલ કરેલ જોવા મળે છે.

• • •

## ઉત્પાદનના વિશેષ સંદર્ભમાં

# ભારતીય કૃષિક્ષેત્ર

આર.કે.વારોતરીયા

*ભારતની વસ્તી વૃદ્ધિ તથા માથાદિઠ અન્ન પ્રાપ્યતાના ફેરફાર દર્શાવેલ છે. ૧૯૫૧ થી ૨૦૦૪ દરમિયાનના વર્ષોમાં વસતી સતત વધી છે. ધાન્યમાં ચોખાના ઉત્પાદનમાં ૧૯૬૮થી અગાઉના વર્ષોના સંદર્ભે ઉંચો આંક જણાય છે. ફરી આવો વધારો ૧૯૮૯ થી અને ૧૯૯૯ થી જોવા મળે છે. કેટલાક નાના મોટા ફેરફારોને બાદ કરતાં ધાન્યોની ચોખ્ખી પ્રાપ્યતા સારી એવી વધી છે. ૧૯૫૧માં ચોખ્ખી પ્રાપ્યતા ૪૪.૩ મીલીયન ટન હતી તે ૨૦૦૪માં વધીને ૧૬૯ ટન થયેલ કઠોળની ચોખ્ખી પ્રાપ્યતા વધી છે. પરંતુ તેનો એકંદરે વધારો ધીમો છે. ૧૯૫૧માં કઠોળની ચોખ્ખી પ્રાપ્યતા ૮ મી.ટન હતી તે ૨૦૦૪માં વધીને ૧૪.૨ મીલીયન ટન થયેલ.*

**ભા**રતના કૃષિ ક્ષેત્રનો આઝાદી બાદ ઠીક પ્રમાણમાં વિકાસ થયો કહેવાય. ભારતનું અન્ન પરાવલંબન હવે ઘણુંખરું ઘટવા પામેલ છે. આ સંદર્ભમાં ભારતીય કૃષિના કેટલાક મહત્વના નિર્દેશો જોઈએ.

ટેબલ-૧ માં ભારતની વસ્તી વૃદ્ધિ તથા માથાદિઠ અન્ન પ્રાપ્યતાના ફેરફાર દર્શાવેલ છે. ૧૯૫૧ થી ૨૦૦૪ દરમિયાનના વર્ષોમાં વસતી સતત વધી છે. ધાન્યમાં ચોખાના ઉત્પાદનમાં ૧૯૬૮થી અગાઉના વર્ષોના સંદર્ભે ઉંચો આંક જણાય છે. ફરી આવો વધારો ૧૯૮૯ થી અને ૧૯૯૯ થી જોવા મળે છે. કેટલાક નાના મોટા ફેરફારોને બાદ કરતાં ધાન્યોની ચોખ્ખી પ્રાપ્યતા સારી એવી વધી છે. ૧૯૫૧માં ચોખ્ખી પ્રાપ્યતા ૪૪.૩ મીલીયન ટન હતી તે ૨૦૦૪માં વધીને ૧૬૯ ટન થયેલ કઠોળની ચોખ્ખી પ્રાપ્યતા વધી છે. પરંતુ તેનો એકંદરે વધારો ધીમો છે. ૧૯૫૧માં કઠોળની ચોખ્ખી પ્રાપ્યતા ૮ મી.ટન હતી તે ૨૦૦૪માં વધીને ૧૪.૨ મીલીયન ટન થયેલ. અહીં વધઘટનું પ્રમાણ વારંવાર જણાય છે.

TABLE : 1-5

**માથાદીઠ અન્ન પ્રાપ્યતા**

| વર્ષ | વસ્તી મીલીયન | ધાન્યનું ચોખ્ખું ઉત્પાદન મી.ટન | ચોખ્ખી આયાત મી. ટન | સરકારી પુરવઠા માં ફરક મી. ટન | ચોખ્ખી પ્રાપ્યતા ૩+૪+૫ મી. ટન | કઠોળની ચોખ્ખી પ્રાપ્યતા મી. ટન | માથાદીઠ ચોખ્ખી દૈનિક પ્રાપ્યતા—ગ્રામમાં: ધાન્યો | કઠોળ | કુલ | ** |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | |
| 1951 | 363.2 | 40.1 | 4.1 | (+)0.6 | 44.3 | 8.0 | 334.2 | 60.7 | 394.9 | |
| 1952 | 369.2 | 40.7 | 3.9 | (+)0.6 | 44.0 | 8.8 | 325.4 | 59.1 | 384.5 | |
| 1953 | 375.6 | 45.5 | 2.0 | (-)0.5 | 48.0 | 8.6 | 349.9 | 62.7 | 412.6 | |
| 1954 | 382.4 | 53.6 | 0.8 | (+)0.2 | 54.2 | 9.7 | 388.1 | 69.7 | 457.8 | |
| 1955 | 389.7 | 51.7 | 0.6 | (-)0.8 | 53.1 | 10.1 | 372.9 | 71.1 | 444.0 | 418.76 |
| 1956 | 397.3 | 50.4 | 1.4 | (-)0.6 | 52.4 | 10.2 | 360.4 | 70.3 | 430.7 | |
| 1957 | 405.5 | 52.8 | 3.6 | (+)0.9 | 55.5 | 10.6 | 375.3 | 71.8 | 447.1 | |
| 1958 | 414.0 | 49.5 | 3.2 | (-)0.3 | 52.9 | 8.8 | 380.5 | 58.5 | 439.0 | |
| 1959 | 423.1 | 57.4 | 3.9 | (+)0.5 | 60.8 | 11.6 | 393.4 | 74.9 | 468.3 | |
| 1960 | 432.5 | 57.1 | 5.1 | (+)1.4 | 60.8 | 10.4 | 384.1 | 65.5 | 449.6 | 446.94 |
| 1961 | 442.4 | 60.9 | 3.5 | (-)0.2 | 64.6 | 11.1 | 399.7 | 69.0 | 468.7 | |
| 1962 | 452.2 | 61.8 | 3.6 | (-)0.4 | 65.8 | 10.2 | 398.9 | 62.0 | 460.9 | |
| 1963 | 462.0 | 60.2 | 4.6 | Neg | 64.8 | 10.1 | 384.0 | 59.8 | 443.8 | |
| 1964 | 472.1 | 61.8 | 6.3 | (-)1.2 | 69.3 | 8.8 | 401.0 | 51.0 | 452.0 | |
| 1965 | 482.5 | 67.3 | 7.4 | (+)1.1 | 73.7 | 10.8 | 418.5 | 61.6 | 480.1 | 461.1 |
| 1966 | 493.2 | 54.6 | 10.3 | (+)0.1 | 64.8 | 8.7 | 359.9 | 48.2 | 408.1 | |
| 1967 | 504.2 | 57.6 | 8.7 | (-)0.3 | 66.6 | 7.3 | 361.8 | 39.6 | 401.4 | |
| 1968 | 515.4 | 72.6 | 5.7 | (+)2.0 | 76.2 | 10.6 | 404.1 | 56.1 | 460.2 | |
| 1969 | 527.0 | 73.1 | 3.8 | (+)0.5 | 76.5 | 9.1 | 397.8 | 47.3 | 445.1 | |
| 1970 | 538.9 | 76.8 | 3.6 | (+)1.1 | 79.3 | 10.2 | 403.1 | 51.9 | 455.0 | 433.96 |

** પાંચ વર્ષની સરેરાશ

*TABLE CONTINIUE TO NEXT PAGE*

(લેખક યુ.એન. મહેતા આર્ટસ કોલેજ, મોરબીમાં અધ્યાપક છે.)

TABLE CONTINIUE FROM PREVIOUS PAGE.....

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1971 | 551.3 | 84.5 | 2.0 | (+)2.6 | 84.0 | 10.3 | 417.8 | 51.2 | 468.8 | |
| 1972 | 563.9 | 82.3 | (-)0.5 | (-)4.7 | 86.5 | 9.7 | 419.1 | 47.0 | 466.1 | |
| 1973 | 576.8 | 76.2 | 3.6 | (-)0.3 | 80.1 | 8.7 | 350.5 | 41.1 | 391.6 | 436.64 |
| 1974 | 590.0 | 82.8 | 5.2 | (-)0.4 | 88.4 | 8.8 | 410.4 | 40.8 | 451.2 | |
| 1975 | 603.5 | 78.6 | 7.5 | (+)5.6 | 80.6 | 8.8 | 365.8 | 39.7 | 405.5 | |
| 1976 | 617.2 | 94.5 | 0.7 | (+)10.7 | 84.4 | 11.4 | 373.8 | 50.5 | 424.3 | |
| 1977 | 631.3 | 87.3 | 0.1 | (-)1.6 | 89.0 | 10.0 | 386.3 | 43.3 | 429.6 | |
| 1978 | 645.7 | 100.1 | (-)0.8 | (-)0.3 | 99.6 | 10.7 | 422.5 | 45.6 | 468.0 | 441.78 |
| 1979 | 660.3 | 104.8 | (-)0.3 | (+)0.4 | 104.1 | 10.8 | 431.8 | 44.7 | 476 5 | |
| 1980 | 675.2 | 86.5 | (-)0.5 | (-)5.8 | 93.8 | 7.6 | 379.5 | 30.9 | 410.4 | |
| 1981 | 688.5 | 104.1 | 0.5 | (-)0.2 | 104.8 | 9.4 | 417.3 | 37.5 | 454.8 | |
| 1982 | 703.8 | 106.6 | 1.6 | (+)1.3 | 106.8 | 10.1 | 415.6 | 39.2 | 454.8 | |
| 1983 | 718.9 | 103.0 | 4.1 | (+)2.7 | 104.4 | 10.4 | 397.8 | 39.5 | 437.3 | 456.12 |
| 1984 | 734.5 | 122.0 | 2.4 | (+)7.1 | 117.4 | 11.3 | 437.8 | 41.9 | 479.7 | |
| 1985 | 750.4 | 116.9 | (-)0.3 | (+)2.7 | 113.9 | 10.5 | 415.6 | 38.4 | 454.0 | |
| 1986 | 766.5 | 119.9 | (-)0.1 | (-)1.6 | 121.5 | 12.3 | 434.2 | 43.9 | 478.1 | |
| 1987 | 782.7 | 115.2 | (-)0.4 | (-)9.5 | 124.4 | 10.4 | 435.4 | 36.4 | 471.8 | |
| 1988 | 799.2 | 113.2 | 2.3 | (-)4.6 | 120.1 | 10.7 | 411.8 | 36.7 | 448.5 | 473.86 |
| 1989 | 815.8 | 136.6 | 0.8 | (+)2.6 | 134.7 | 12.5 | 452.6 | 41.9 | 494.5 | |
| 1990 | 832.6 | 138.4 | Neg | (+)6.2 | 132.3 | 12.5 | 435.3 | 41.1 | 476.4 | |
| 1991 | 851.7 | 141.9 | (-)0.6 | (-)4.4 | 145.7 | 12.9 | 468.5 | 41.6 | 510.1 | |
| 1992 | 867.8 | 136.8 | (-)0.7 | (-)1.6 | 137.7 | 10.9 | 434.5 | 34.3 | 468.8 | |
| 1993 | 883.9 | 145.6 | 2.6 | (+)10.3 | 136.1 | 11.7 | 427.9 | 36.2 | 464.1 | 481.92 |
| 1994 | 899.9 | 149.9 | 0.5 | (+)7.5 | 142.6 | 12.2 | 434.0 | 37.2 | 471.2 | |
| 1995 | 922.0 | 155.3 | (-)3.0 | (-)1.7 | 154.0 | 12.7 | 457.6 | 37.8 | 495.4 | |
| 1996 | 941.6 | 147.1 | (-)3.5 | (-)8.5 | 152.1 | 11.3 | 442.5 | 32.7 | 475.2 | |
| 1997 | 959.8 | 162.0 | (-)0.6 | (-)1.8 | 163.2 | 13.0 | 466.0 | 37.1 | 503.1 | |
| 1998 | 978.1 | 156.9 | (-)2.9 | (+)6.1 | 147.9 | 11.7 | 414.2 | 32.8 | 447.0 | 469.1 |
| 1999 | 996.4 | 165.1 | (-)1.5 | (+)7.5 | 156.1 | 13.3 | 429.2 | 36.5 | 465.7 | |
| 2000 | 1014.8 | 171.8 | (-)1.4 | (+)13.9 | 156.6 | 11.7 | 422.7 | 31.8 | 454.5 | |
| 2001 | 1033.2 | 162.5 | (-)4.5 | (+)12.3 | 145.6 | 11.3 | 386.2 | 30.0 | 416.2 | |
| 2002 | 1050.6 | 174.5 | (-)8.5 | (-)9.9 | 175.9 | 13.6 | 458.1 | 35.4 | 493.5 | 452.65 |
| 2003 | 1068.2 | 143.2 | (-)7.1 | (-)23.2 | 159.3 | 11.3 | 408.5 | 29.1 | 437.6 | |
| 2004 | 1085.6 | 173.7 | (-)7.7 | (-)3.3 | 169.3 | 14.2 | 427.4 | 35.9 | 463.3 | |

સ્ત્રોત: (1)Directorale of econcmics and statiestics,department of agriculture and coopration.
(2)Resistar general of India.

વધારો જણાય છે. ૧૯૮૬.૯૦માં આ પ્રમાણ ૨૭૩.૮૬ ગ્રામ, ૧૯૯૧-૯૫ માં ૪૮૧.૯૨ ગ્રામ અને ૧૯૯૬-૨૦૦૦ માં ૪૬૯.૧ ગ્રામ રહેવા પામેલ.

ટેબલ-૨ માં સમગ્ર ભારતમાં વિવિધ પાકોની ઉત્પાદકતાની તરાહ તથા જે તે પાકમાં સિંચિત વિસ્તારનું ટકાવારી પ્રમાણ દર્શાવેલ છે. ચોખાના પાકની ઉત્પાદકતા સારા પ્રમાણમાં વધેલી જણાય છે. ૧૯૮૨-૮૩ થી ૧૯૯૨-૯૩ માં તેમાં વિશેષ વધારો થયેલો જણાય છે. કુલ એકંદરે ચોથાના પાકની ઉત્પાદકતા ૧૯૫૨-૫૩ થી ૨૦૦૫-૦૬ દરમિયાન ૫૩ વર્ષમાં વધીને ૨૬૪% થયેલ. ઘઉંના પાકનો સિંચિત વિસ્તાર ૧૯૬૨-૬૩ થી ૨૦૦૨-૦૩ના ૪૦ વર્ષના સમયગાળા દરમિયાન ખાસ વધેલ જણાતો નથી. જો કે ૫૩ વર્ષના સમયગાળા દરમિયાન તે કુલ એકંદરે વધીને ૧૩૩% થયેલ. કઠોળ પાકના સિંચિત વિસ્તારમાં ૧૯૬૨-૬૩થી ૧૯૮૨-૮૩ દરમિયાન ઘટાડો જણાય છે. કુલ એકંદરે સિચંતિ વિસ્તાર ૯.૬% થી વધીને ૧૩.૪% થયેલ છે. આમ કઠોળ પાકનો સિંચિત વિસ્તાર ઘણો નીચો રહ્યો છે. કુલ તેલિબિયા પાકનો ઉત્પાદકતા ૧૯૮૨-૮૩ સુધી ધીમા દરે વધતી જણાય છે. બાદમાં ૨૦૦૫-૦૬ સુધી સારો વધારે

ભારતમાં માથાદીઠ અનાજની ચોખ્ખી દૈનિક પ્રાપ્યતાનો આંક તપાસવો મહત્વની બાબત ગણાય. પાંચ વર્ષની સરેરાશ મેળવવામાં આવે તો વર્ષ ૧૯૫૧-૫૫ માં માથાદીઠ ચોખ્ખી અન્નની પ્રાપ્યતા ૪૧૮.૭૬ ગ્રામ હતી. આ પ્રમાણ ઘટીને ૧૯૬૬-૭૦માં ૪૩૩.૯૬ ગ્રામ, ૧૯૭૧-૭૫માં ૪૩૬.૬૪ ગ્રામ, ૧૯૭૫-૮૦માં ૪૪૧.૭૬ ગ્રામ અને ૧૯૮૦-૮૫માં ૪૫૬.૧૨ ગ્રામ થયેલ. ભારતમાં માથાદીઠ અન્ન પ્રાપ્યતામાં પછીથી સારો

TABLE : 2

વિવિધ પાકોની ઉત્પાદકતાની તરાહ –સમગ્ર ભારત

| વર્ષ | ચોખા | | ઘઉં | | કઠોળ | | તેલેબીયાં | | કપાસ | | શેરડી | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | કી.ગ્રા./ હેક્ટર | સિંચિત વિસ્તાર (ટકામાં) | કી.ગ્રા./ હેક્ટર | સિંચિત વિસ્તાર (ટકામાં) | કી.ગ્રા./ હેક્ટર | સિંચિત વિસ્તાર (ટકામાં) | કી.ગ્રા./ હેક્ટર | સિંચિત વિસ્તાર (ટકામાં) | કી.ગ્રા./ હેક્ટર | સિંચિત વિસ્તાર (ટકામાં) | કી.ગ્રા./ હેક્ટર | સિંચિત વિસ્તાર (ટકામાં) |
| 1952-53 | 715 | 31.9 | 722 | 36.4 | 451 | 9.6 | 445 | 0.8 | 87.3 | 8.6 | 31568 | 67.5 |
| 1962-63 | 991 | 37.2 | 845 | 32.8 | 500 | 8.3 | 494 | 3.5 | 117 | 13.3 | 42965 | 68.4 |
| 1972-73 | 1111 | 38.2 | 1319 | 73.6 | 500 | 8.6 | 519 | 7.4 | 128 | 19.5 | 48922 | 73.1 |
| 1982-83 | 1292 | 41.4 | 1712 | 73.1 | 492 | 8.6 | 578 | 15.2 | 160 | 28 | 57548 | 81.3 |
| 1992-93 | 1745 | 46.9 | 2334 | 83 | 561 | 10.5 | 762 | 24.2 | 233 | 33.6 | 65102 | 87.8 |
| 2002-03 | 1908 | 52.3 | 2693 | 87.8 | 565 | 13.4 | 805 | 23.3 | 189 | 33.8 | 66508 | 91.7 |
| 2005-06 | 2102 | _ | 2619 | _ | 598 | _ | 1004 | _ | 362 | _ | 66928 | _ |

Source : GoI (2007a). Economic and Political Weekly, Vol. 25, Page - 2376, June 23, 2007.

જણાય છે. કુલ એકંદરે તેલિબિયા પાકનોની ઉત્પાદકતા ૫૩ વર્ષમાં વધીને ૨૨૬% થયેલ. તેલિબિયા પાકોના સિંચિત વિસ્તારમાં ૧૯૯૨-૯૩ સુધી સતત વધીને ૨૪.૨% થયેલ. પછીના દશકામાં તેમાં નહિવત ઘટાડો જણાય છે. કપાસના પાકની ઉત્પાદકતામાં વધારો સર્વશ્રેષ્ઠ છે. ૧૯૯૫૨-૫૩માં કપાસના પાકની ઉત્પાદકતા ૮૭.૩ કિ.ગ્રા/ હેક્ટર હતી તે સતત વધીને ૧૯૯૨-૯૩માં ૨૩૩ કિ.ગ્રા/ હેક્ટર થયેલ. ૨૦૦૨-૦૩માં તેમાં ઘટાડો થયેલ પરંતુ તેમાં ૨૦૦૫-૦૬માં તે ફરી વિશેષ વધીને ૩૬૩કિ.ગ્રા/હેક્ટર થયેલ. કપાસના પાકની ઉત્પાદકતા ૫૩ વર્ષમાં કુલ એકંદરે વધીને૪૧૫% થયેલ. કપાસના પાકના સિંચિત વિસ્તારમાં ૧૯૯૨-૯૩ સુધી સતત અને સારો વધારો જણાય છે. પછીના દશકામાં વધારો નહિવત જણાય છે. શેરડીના પાકની ઉત્પાદકતા ૧૯૯૨-૯૩ સુધી સતત સારા પ્રમાણમાં વધેલ જણાય છે. બાદમાં વધારો નહિવત જણાય છે. કુલ એકંદરે શેરડીના પાકની ઉત્પાદકતા ૫૨ વર્ષમાં વધીને ૨૧૨% થયેલ. શેરડીના પાકનો સિંચિત વિસ્તાર સતત વધતો જણાય છે. ૨૦૦૦-૦૩માં શેરડીમાં સિંચિત વિસ્તારનું પ્રમાણ ૯૧.૭% થયેલ.

આલેખ ૧

**ભારતમાં અનાજના પાકો હેઠળનો વિસ્તાર, ઉત્પાદન અને ઉત્પાદકતા આ**




ઉત્પાદન આંક સમય સાથે સારા પ્રમાણમાં વધતો જણાય છે. ઉત્પાદકતા આંક પણ ૨૦૦૧–૦૨ તથા ૨૦૦૩–૦૪ ને બાદ કરતા સારા પ્રમાણમાં વધેલ જણાય છે.

TABLE 3

**ભારતમાં બિન ખાદ્ય પાકો હેઠળનો વિસ્તાર,ઉત્પાદન અને ઉત્પાદકતા આંક**

પાયાનું વર્ષ : ત્રિવાર્ષિક ૧૯૮૧–૮૨ = ૧૦૦

| વર્ષ /ભારાંક | વિસ્તાર | ટકાવારી ફેરફાર | ઉત્પાદન | ટકાવારી ફેરફાર | ઉત્પાદકતા | ટકાવારી ફેરફાર |
|---|---|---|---|---|---|---|
| 1949-50 | 67.80 | - | 44.60 | | 80.90 | - |
| 1959-60 | 82.30 | 17.60 | 59.60 | 25.20 | 77.50 | -4.40 |
| 1969-70 | 90.30 | 8.90 | 78.30 | 23.90 | 86.30 | 10.20 |
| 1979-80 | 96.60 | 6.50 | 90.80 | 13.80 | 93.90 | 8.10 |
| 1989-90 | 115.80 | 14.20 | 149.70 | 34.90 | 126.70 | 21.70 |
| 1999-'00 | 130.70 | 11.40 | 189.00 | 20.80 | 136.40 | 7.10 |
| 2000-01 | 95.40 | -1.68 | 169.70 | 18.00 | 159.80 | 15.20 |
| 2001-02 | 96.40 | 1.04 | 158.40 | -7.10 | .152.8 | -4.60 |
| 2002-03 | 87.80 | -9.79 | 172.00 | 7.90 | 163.90 | 6.80 |
| 2003-04 | 119.10 | 3.40 | 193.60 | 13.00 | 148.40 | 14.20 |

સ્ત્રોત : ભારત સરકાર કૃષિ મંત્રાલયના અહેવાલ

આમ ઉપરોક્ત સમયગાળા દરમિયાન ઘઉં તથા કપાસના પાકની ઉત્પાદકતા સારા પ્રમાણાં વધેલી જણાય છે. સિંચિત વિસ્તારમાં વધારો ઘઉં તથા શેરડીના પાકમાં શ્રેષ્ઠ જોવા મળે છે.

ટેબલઃ૩ મુજબ ભારતમાં બિનખાદ્ય પાકો હેઠળનો વિસ્તાર આંક ૧૯૯૯-૨૦૦૦ સુધી સતત વધેલ જણાય છે. બાદમાં એકંદરે ઘટાડો જણાય છે. વધારાની ઝડપ વધુ છે જ્યારે ઘટાડો ધીમો છે. ૨૦૦-૦૩ માં વિશેષ ઘટાડો જણાય છે. ઉત્પાદન આંકમાં પ્રથમ બે દશકામાં ઝડપ ઠીક છે. ૧૯૭૯-૮૦ થી ૧૯૯૯-૨૦૦૦ દરમિયાન ઝડપ વધી છે. બાદમાં વધઘટ જોવા મળે છે. કુલ એકંદરે સારો વધારો જણાય છે. ઉત્પાદકતા આંક ૧૯૫૯-૬૦ માં ઘટેલ છે. ત્યારબાદ ૧૯૯૯-૨૦૦૦ સુધી સતત વધારો જણાય છે. બાદમાં વધઘટ જોવા મળે છે. અંતિમ ૨૦૦૩-૦૪માં ઉત્પાદકતા આંક વિશેષ વધીને ૧૪૮.૪૦ થયેલ છે.

ભારતના કૃષિ ઉત્પાદનનાં કેટલાક પાસાં તપાસતાં માલુમ પડે છે કે અનાજની માથાદીઠ ઉપલબ્ધિ વધી છે. વિવિધ પાકોની ઉત્પાદકતાનો વૃધ્ધિદર સારો છે. અનાજના પાકોનો વાવેતર વિસ્તારઆંક ૧૯૬૯-૭૦ થી ૨૦૦૩-૦૪ ના લાંબાગાળામાં નહિવત ફેરફાર પામ્યો છે. બિન ખાદ્યપાકોનો વાવેતર વિસ્તારઆંક તથા ઉત્પાદકતા આંક સારા પ્રમાણમાં વદેલ છે. જ્યારે ઉત્પાદન આંક વિશેષ સારા પ્રમાણમાં વધેલ છે. આમ ભારતીય કૃષિએ ઉત્પાદનક્ષેત્રે ઠીક પ્રમાણમાં પ્રગતિ કરી છે તેમ કહી શકાય.

● ● ●

# આંતરરાષ્ટ્રિય પરમાણુ ઉર્જા એજન્સી

ભરતકુમાર પ્રા. ઠાકર

*"ઈન્ટરનેશનલ એટમિક એજન્સી" અણુશક્તિના શાંતિમય પ્રયોગને ઉત્તેજન આપવા અને લશ્કરી હેતુઓ માટે તેના ઉપયોગ અટકાવવા પ્રયાસ કરતું એક આંતરરાષ્ટ્રિય સ્વાયત્ત સંગઠન છે. આ સંસ્થા વિશ્વભરમાં પરમાણુતંત્રજ્ઞાનના શાંતિપૂર્ણ ઉપયોગ ક્ષેત્રે વૈજ્ઞાનિક અને તાંત્રિક સહકાર માટે એક આંતરશાસકીય મંચ પૂરો પાડે છે.*

*અણુશક્તિની શોધ થકી ઉદ્દ્ભવેલી સમસ્યાઓના ઉકેલ શોધવા આ પહેલાં પણ આ પ્રકારનું એક સંગઠન રચાયું હતું. પણ અલ્પજીવી નીવડેલું. હાલના "યુનો"થી અગાઉ "રાષ્ટ્રસંઘ"(ધ લીગ ઓફ નેશન્સ) સ્થપાયું હતું તેમ અત્યારની અણુ એજન્સીથી પૂર્વે ૪મી જાન્યુઆરી, ૧૯૪૬ના "યુનાઈટેડ નેશન્સ એટમિક એનર્જી કમિશન"(યુએનએઈસી) ની રચના થઈ.*

વડાપ્રધાનોમાં ઇન્દિરા ગાંધી (૧૯૭૪) અને અટલબિહારી વાજપેયી (૧૯૯૮) ના સમયમાં પોખરણમાં શાંતિમય અણુ પરીક્ષણો થયાં, પરંતુ ડૉ.મનમોહનસિંહનો કાર્યકાળ અણુંસંધિ માટે યાદ રખાશે. જેના માટે રહી-રહીને સરકારે ૨૨મી જુલાઈ,૨૦૦૮ના વિશ્વાસ મતની કસોટીમાં ઉતરવું પડ્યું તે ભારત-અમેરિકા વચ્ચેના નાગરિક પરમાણુ સલામતી કરારને આંતરરાષ્ટ્રિય અણુઉર્જા સંસ્થાએ તાજેતરમાં ૧ લી ઓગસ્ટ-૨૦૦૮ ના સર્વાનુમતે બહાલી આપી છે. અહીં પરમાણુ ક્ષેત્રે વિશ્વનું સહયોગ-કેન્દ્ર ગણાતી અને અણુશક્તિનું નિયમન કરતી આ જાગતિક સંસ્થાની સ્થાપના અને સંગઠન વિષે જાણવું રસપ્રદ બનશે.

આ સાથે એક આડસંદર્ભ પણ જોઈ લઈએ. અણુવિસ્ફોટના પગલે અમેરિકા, રશિયા, બ્રિટન, ફ્રાન્સ અને ચીન પછી ભારતે "વિશ્વની છઠ્ઠી પરમાણુ સત્તા" તરીકે સ્થાન મેળવ્યું હતું. અણું તાકાતના પરિચય બાદ વાજપેયીજીએ શાસ્ત્રીજીએ આપેલા સૂત્રને આગળ વધારીને "જયજવાન-જયકિસાન-જયવિજ્ઞાન" નું ત્રિપદી સૂત્ર આપ્યું હતું, જે રાષ્ટ્ર-વિકાસના ત્રણ ચાલક પરિબળો (સંરક્ષણ-કૃષિ અને સંશોધન)ની મહત્તાને ઉજાગર કરે છે.

### ઐતિહાસિક પૂર્વભૂમિકા

"ઈન્ટરનેશનલ એટમિક એજન્સી" અણુશક્તિના શાંતિમય પ્રયોગને ઉત્તેજન આપવા અને લશ્કરી હેતુઓ માટે તેના ઉપયોગ અટકાવવા પ્રયાસ કરતું એક આંતરરાષ્ટ્રિય સ્વાયત્ત સંગઠન છે. આ સંસ્થા વિશ્વભરમાં પરમાણુતંત્રજ્ઞાનના શાંતિપૂર્ણ ઉપયોગ ક્ષેત્રે વૈજ્ઞાનિક અને તાંત્રિક સહકાર માટે એક આંતરશાસકીય મંચ પૂરો પાડે છે.

અણુશક્તિની શોધ થકી ઉદ્દ્ભવેલી સમસ્યાઓના ઉકેલ શોધવા આ પહેલાં પણ આ પ્રકારનું એક સંગઠન રચાયું હતું. પણ અલ્પજીવી નીવડેલું. હાલના "યુનો"થી અગાઉ "રાષ્ટ્રસંઘ"(ધ લીગ ઓફ નેશન્સ) સ્થપાયું હતું તેમ અત્યારની અણુ એજન્સીથી પૂર્વે ૪મી જાન્યુઆરી, ૧૯૪૬ના "યુનાઈટેડ નેશન્સ એટમિક એનર્જી કમિશન"(યુએનએઈસી) ની રચના થઈ.

યુનોના અણુ નિયંત્રણો વિટો-અધિકારોને આધિન ન રાખવા અંગે ૧૯૪૬ માં અમેરિકાએ મૂકેલી અને પંચે પણ સ્વકારેલી યોજના સાથે સોવિયેત સંઘ સંમત ન થતાં ૧૯૪૯માં આ અણુ પંચ સ્થગિત કરી દેવાયું હતું. તે પછી ૧૯૫૩માં અમેરિકી પ્રમુખ ડ્વાઈટ ડી. આઈજનહોવરે (૧૮૯૦-૧૯૬૯) યુનો સમક્ષ અણુશક્તિ ઉપયોગના નિયમન અને વિકાસ અર્થે આંતરરાષ્ટ્રિય મંડળના સર્જનની જરૂરિયાત દર્શાવી હતી. તેના પગલે ૨૯મી જુલાઈ, ૧૯૫૭ના વર્તમાન

(ભારતીય ખાદ્ય નિગમ (ગાંધીધામ)માં સેવારત અને અંજાર (કચ્છ) સ્થિત મુક્ત લેખક છે.)

''આંતરરાષ્ટ્રિય અણુઊર્જા એજન્સી'' અસ્તિત્વમાં આવી.

### યુનોના સ્વાયત્ત સંઘ

સંયુક્ત રાષ્ટ્ર સંસ્થા (યુનો) ના નેજા હેઠળ વિવિધ ક્ષેત્રોની જે ચૌદ મહત્વની સંસ્થાઓ કાર્યરત છે તેમાંની એક આ સંસ્થા પણ છે જે મિતાક્ષરે ''આઇ.એ.ઇ.એ.'' તરીકે જાણીતી છે. તેની સ્થાપના જ વિશ્વના ''એટમ્સ ફોર પીસ'' (શાંતિ અર્થે પરમાણુ) તરીકે થઈ હતી.

આ એજન્સી યુનાઈટેડ નેસન્સનું એકમ અને સ્વાયત્ત અંગ છે. તેના પોતાના આંતરરાષ્ટ્રિય કરાર (ધ આઈ.એ.ઇ.એ સ્ટેચ્યુટ) અંતર્ગત્ તેની સ્થાપના યુનોથી સ્વતંત્ર રીતે થયેલી છે. તેમ છતાં આ સંસ્થા સંયુક્ત રાષ્ટ્ર પ્રણાલીનું જ એક સભ્ય ગણાય છે અને તે પોતાનો કાર્ય અહેવાલ મહાસભા, સલામતી સમિતિ તથા યુનોનાં અન્ય કેન્દ્રોને પણ મોકલે છે.

સંસ્થાના કાર્યક્રમો પરમાણુ તંત્રજ્ઞાનના શાંતિપૂર્ણ વિનિયોગના વિકાસને ઉત્તેજન આપે છે, તેના દુરુયોગ સામે આંતરાષ્ટ્રિય રક્ષણ પુરું પાડે છે તથા તેના વપરાશમાં સલામતી ધોરણોના પ્રયોજનને સરળ બનાવે છે. ૧૯૮૬માં ચેર્નોબિલ દુર્ઘટના પછી એજન્સીએ પરમાણુ સલામતીને લગતાં પ્રયત્નો સઘન બનાવ્યાં છે.

### ધ્યેય-ઉદ્દેશ્ય-કાર્યક્ષેત્ર

આઈ.એ.ઇ.એ. ના બંધારણમાં પારિભાષિત થયા મુજબ તેનો મુખ્ય ઉદ્દેશ્ય સમગ્ર વિશ્વમાં શાંતિ, સ્વાસ્થ્ય અને સમૃદ્ધિ માટે પરમાણુ ઉર્જાના પ્રદાનથી ઝડપ વધારવી અને વિકાસ કરવો તેમજ તેના દ્વારા અપાયેલી મદદનો ઉપયોગ કોઈ લશ્કરી હેતુ માટે કરવામાં ન આવે તે જોવાનો છે. ઉપરાંત, દુનિયાની અણુસત્તાઓ અને અન્ય દેશો માનવજાત માટે ભયરૂપ બને તેવા અણુ પ્રયોગ બંધ કરે એ માટે પણ આ સંસ્થા કામ કરે છે.

સભ્ય-રાજયોનાં હિતો અને જરૂરિયાતો, વ્યૂહાત્મક યોજનાઓ તથા બંધારણમાં નિહિત આદર્શ દ્વારા એજન્સીનું ધ્યેય ઘડાયેલું છે, જેને મુખ્ય ત્રણ કાર્યો સાથે અમલમાં મૂકે છે : ૧. શાંતિપૂર્ણ ઉપયોગની ખાતરી માટે વર્તમાન પરમાણુ સુવિધાઓનું નિરીક્ષણ, ૨. તેની સ્થિરતા ચકાસવા માહિતી અને માપદંડનું નિરીક્ષણ તથા ૩. પરમાણુ તંત્રજ્ઞાનના શાંતિમય પ્રયોગો પ્રયોજતા વિજ્ઞાનો માટે એક ધરી તરીકેનું કાર્ય.

બંધારણમાં એજન્સીનું માળખું અને કાર્યપ્રવૃત્તિ સ્પષ્ટ કરવામાં આવ્યાં છે.તે પ્રમાણે તેનાં મુખ્ય ત્રણ અંગો આ મુજબ છે.

### બોર્ડ ઓફ ગવર્નર્સ (સંચાલક મંડળ)

અણુ સંસ્થાની નીતિ ઘડતાં બે મહત્વનાં અંગો પૈકીનું આ એક કારોબારી અંગ છે,જેમાં પ્રતિનિધિઓ સ્થાન પામે છે. નિયુક્ત સભ્યોમાંથી ૧૦ની વરણી વિશ્વની પરમાણુસત્તા ગણાતા દસ દેશોમાંથી કરાય છે. નિયુક્ત સભ્યોની મુદત એક વર્ષની અને ચૂંટાયેલા સભ્યોની બે વર્ષની હોય છે. ચૂંટાયેલા બાવીસમાંથી દર વર્ષે અગિયારની ચૂંટણી થાય છે.

ઊર્જા સંસ્થાના નીતિ-ઘડતર માટે બોર્ડ જવાબદાર ગણાય છે, જે પોતાની પંચવાર્ષિક બેઠકોમાં તેનું નિર્ધારણ કરે છે. બોર્ડ ઊર્જા એજન્સીની પ્રવૃત્તિઓ અને અંદાજપત્ર તૈયાર કરે છે.તથા મહાનિર્દેશકની નિમણૂક કરે છે. અણુકરારને બહાલી માટે બોર્ડ સર્વાનુમતી, અંદાજપત્ર માટે બે-તૃત્યાંશ અને બીજી બાબતો માટે સાદી બહુમતી જરૂરી છે.

અણુશક્તિ તંત્રજ્ઞાનમાં સૌથી મોખરે રહેલા દસ દેશો પૈકીના એક તરીકે ભારત આ સંસ્થાના પ્રારંભથી જ તેના સંચાલક મંડળનું સભ્ય રહ્યું છે. એજન્સીની કાર્યપ્રવૃત્તિઓમાં ભારતની સક્રિય ભાગીદારી રહી છે. અણુશક્તિના શાંતિમય ઉપયોગને ઉત્તેજન આપવામાં ભારતે મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી છે.

### જનરલ કોન્ફરન્સ (મહાપરિષદ)

વિશ્વ અણુઉર્જા સંસ્થાની નીતિઓ અને કાર્યક્રમો પર સામાન્ય ચર્ચાવિચરણા કરવા માટે તેનાં નિયમિત વાર્ષિક સત્રો બોલાવાય છે. જે સામાન્યતઃ સપ્ટેમ્બર માસમાં અને વિયેના ખાતે મળે છે. ત્યારે તેમાં તમામ સભ્ય-રાજ્યોની સામેલગીરી સાથે તેની મહાપરિષદ યોજાય છે.

એજન્સીના નીતિ-ઘડતરનું આ સૌથી મોટું અંગ છે. બૉર્ડ ઓફ ગવર્નર્સ દ્વારા પસાર થયેલ એજન્સીના અંદાજપત્ર અને વાર્ષિક અહેવાલ પર મહાપરિષદ ઊંડો વિચારવિમર્શ કરે છે, ડિરેક્ટર જનરલની નિમણૂંક અને નવા સભ્યપદ માટેની આરજીઓને મંજૂરી આપે છે તથા સંચાલક મંડળમાં જેની અવધિ પૂરી થતી હોય તેના સ્થાને નવા સભ્યોને ચૂંટી કાઢે છે. દરેક સત્રમાં ''પરિષદ-પ્રમુખ'' (અર્થાત સભાપતિ)ની પણ ચૂંટણી થાય છે.

અંદાજપત્ર, બંધારણ સુધારા, વિશેષાધિકાર મોકૂફી માટે બે-તૃત્યાંશ, જ્યારે અન્ય બાબતો માટે સાદી બહુમતી જરૂરી છે. એજન્સીનાં બીજાં અંગો પૈકી કોઈ પણ, ડિરેક્ટર જનરલ, બોર્ડ અને સભ્ય-રાજયો ચર્ચાલાયક મુદ્દાઓની મહાપરિષદમાં દરખાસ્ત મૂકી શકે છે. જનરલ કોન્ફરન્સનું આકાર્ય લગભગ યુનોની જનરલ એસેમ્બલી જેવું છે.

(અનુસંધાન પાના નં. ૪૨ ઉપર)

# સિંગલપીસ વેચાણ

# સૂકોમેવો ગરીબોના પેટ સુધી પહોંચાડવાનો માર્ગ

- ચંદ્રકાન્ત ચૌહાણ

વિશ્વ આજે મેદસ્વિતા,હૃદયરોગ, ડાયાબિટીસ અને હિમોગ્લોબિનની ઉણપ જેવી પીડાઓથી પીડાય છે. રોટી, કપડાં અને મકાન જેવી પ્રાથમિક જરૂરિયાતથી આગળ વધીને કહેવાતા સ્ટેટસ પાછળની આપણી દોડે જીવનની ફ્રિકવન્સીને તો નથી બદલી નાખીને ? આપણી જીવનશૈલી ઝડપથી બદલાઈ રહી છે. બાજરીના રોટલા અને શુદ્ધ ઘીના શિરામણ કરતાં બર્ગર જેવા ફાસ્ટફુટ તેમજ સૂકામેવા જેવા કુદરતી આહારને બદલે ચોકલેટી પ્રોડક્ટ (બનાવટ) આપણને આકર્ષી રહ્યા છે. આપણી માનસિકતા અને બજાર શૈલીમાં સાધારણ હકારાત્મક બદલાવ લાવીને ફ્રીકવન્સીને સેટ ના કરી શકાય ?

પ્રવર્તી રહેલી બજારની ફ્રિકવન્સી પર નજર નાખીએ તો ચોકલેટની જેમ ડ્રાયફ્રુટનું ''સીંગલપીસ વેચાણ'' શરૂ થાય તો અમીરો જ નહીં ગરીબોના પેટ સુધી ડ્રાયફ્રુટ પહોંચવાના દ્વાર ખુલી શકે તેમ છે. સૂકામેવા અને ગરીબોના પેટ વચ્ચે એક પ્રકારનો માનસિક બ્લોકેડ પ્રવર્તી રહ્યો છે. સૂકોમેવો આપણી પહોંચ બહાર છે એવી માન્યતાથી પીડાઈએ છીએ પરંતુ બાળકોને રાજી રાખવા સસતી મનાતી ચોકલેટ તો ખવડાઈએ જ છીએ.

સસતામાં સસતી ચોકલેટ નંગદીઠ ૫૦ પૈસાની કિંમતે મળે છે. પરંતુ આપણી નજર એ તથ્ય તરફ જતી જ નથી કે બદામ, કાજૂ, ખારેકની નંગદીઠ કીંમત કાઢવામાં આવે તો તે સસ્તામાં સસતી ચોકલેટ કરતાં પણ ઓછી છે. આ સંજોગોમાં ચોકલેટની જેમ જ સૂકામેવાનું નંગદીઠ વેચાણ શરૂ થાય તો સૂકામેવા અને ગરીબોના પેટ વચ્ચે પ્રવર્તી રહેલા બ્લોકેડ તૂટી શકે તેમ છે.

સસ્તામાં સસ્તી ચોકલેટ (૫૦ પૈસાની ) કિંમતને મુકાબલે પણ બદામ સસતી છે. તેમાંય કેડબરી (પાંચ રૂપિયા) ફ્રુટ એન્ડ નટ (૨૮રૂપિયા) કે પછી ક્રેકલ્સ (૨૪ રૂપિયા) જેવી ચોકલેટી બનાવટોની કિંમતમાં તો બાળક ઓડકાર આવે એટલો સૂકોમેવો આરોગી શકે. ગ્રાહકો અને દુકાનદાર સૂકામેવાના ''સિંગલપીસ'' વેચાણ ખરીદમાં રૂચિ લે તો જ આ સંભવ બને.

**સૂકોમેવો**

આમ તો કેમિકલ પ્રિઝર્વેટિવ્ઝ ના સંશોધન પહેલાં આહાર સામગ્રીની સાચવણી પ્રક્રિયા માટે કામમાં લેવાતી સૂકવણી પધ્ધતિએ સૂકામેવાને જન્મ આપ્યો છે. ફળફળાદીની સૂકવણીની મદદથી મળતા સૂકામેવામાં પાણીનું પ્રમાણ ઓછું પરંતુ ''સુગર''નું પ્રમાણ વધુ હોય છે. શરીરને હૃષ્ટ-પુષ્ટ બનાવવાની ક્ષમતા ધરાવતો સૂકોમેવો ફાઈબર, કોમ્પલેક્સ કાર્બોહાઈડટસ, વિટામિન, ખનિજતત્વ વગેરેનું ઉંચુ પ્રમાણ ધરાવે છે.

તેમાંય બદામ વિષે વાત કરીએ તો ઈરાન તે બદામનુ ઉદ્‌ગમ સ્થાન ભલે હોય પરંતુ આજે સૌથી વધુ બદામ અમેરિકા

**સૂકામેવાની નંગદીઠ કિંમત**

| | કિલોનો ભાવ | ૫૦ ગ્રામની કિંમત | ૫૦ ગ્રામમાં નંગ | ૧ નંગની કિંમત(પૈસા) |
|---|---|---|---|---|
| બદામ | ૩૫૦ | ૧૭.૫૦ | ૪૫ | ૩૮ પૈસા |
| કાજૂ | ૩૩૦ | ૧૬.૫૦ | ૩૫ | ૪૭ પૈસા |
| ખારેક | ૬૫ | ૩.૫૦ | ૭ | ૫૦ પૈસા |

(લેખક અમદાવાદ સ્થિત મુક્ત પત્રકાર છે.)

(૪૧%) પકવે છે. ઈરાન તો પાંચમા ક્રમે આવે છે. તાજેતરમાં ૧ લી નવેમ્બર, ૨૦૦૭થી અમેરિકામાં કાચી બદામના વેચાણ પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. આરોગ્ય વિષયક કારણોસર બદામને વરાળથી શુદ્ધ કરીને કે પછી પ્રોપિલેન ઓક્સિઇડ સારવાર પછી જ બજારમાં મૂકવાનું ફરમાન છે. આયુર્વેદમાં પણ બદામને મસ્તિષ્ક અને સંવેદનતંત્ર માટે પોષક માનવામાં આવેલ છે.અમેરિકામાં પણ બદામને ખૂબજ પોષણક્ષમ જ માનવામાં આવે છે.

તો કાજૂનું ઉદ્‌ગમસ્થાન ભલે બ્રાઝિલ હોય પરંતુ આજે સૌથી વધારે કાજૂ વિયેતનામ પકવે છે. ભારત તો કાજૂ ઉત્પાદનમાં ત્રીજા ક્રમે છે. કાજૂમાં ફાઈબર ઉપરાંત પોટેશિયમ, મેગ્નેશિયમ, તાંબા વગેરેનું સારું પ્રમાણ છે.

### ચોકલેટ

જગતમાં ચોકલેટનો પ્રભાવ પણ ઓછો નથી. એક જમાનામાં ગ્રીસમાં તો માત્ર સૈનિકો અમીર, ઉમરાવો અને પૂજારીઓ જ ચોકલેટ આરોગવાનો અધિકાર ધરાવતા હતા. કહેવાય છે કે ચોકલેટમાં રહેલું એનાન્ડેમાઈડ નામનું તત્ત્વ મગજને તર અને સક્રિય બનાવી દે છે, અને ચોકલેટ ડિપ્રેશન જેવી પીડામાં પણ રાહત પહોંચાડે છે. ચોકલેટમાં કાર્બોહાઈડ્રેટ અને ફેટ (ચરબી)નું ઉંચું પ્રમાણ જોવા મળે છે. વિવિધ પ્રકારની ચોકલેટમાં આ પ્રમાણ વધતું ઓછું હોય છે. મિલ્ક ચોકલેટમાં કાર્બોહાઈડ્રેટ (૫૪.૫%) અને ફેટ (૩૭.૬%) એમ બંનેનું પ્રમાણ સૌથી વધુ હોય છે.

ચોકલેટની વિરુદ્ધ અને તરફેણમાં નીત નવા દાવા થતા રહે છે. એક મત મુજબ મિલ્ક ચોકલેટ કરતાં ડાર્ક ચોકલેટ વધુ આરોગ્યપ્રદ છે. પરંતુ અહીં ચોકલેટ માટે ખંડન કે મંડનકર્તા દલીલો કરવાનો હેતુ નથી. પરંતુ ચોકલેટની બરોબરીમાં સૂકામેવાનું પણ નંગદીઠ વેચાણ શરૂ થાય તો ડ્રાયફ્રુટ અને ગરીબના પેટ વચ્ચે પ્રવર્તી રહેલો અવરોધ દૂર થવાની શક્યતા તરફ ઈશારો કરવાનો છે. બાકી તો પસંદ અપની અપની ! ખયાલ અપના અપના ! એટલું તો જરૂરથી કહી શકાય કે સૂકોમેવો તે કુદરતી આહાર છે જ્યારે ચોકલેટ એક પ્રોડક્ટ (બનાવટ) છે.

• • •

(અનુસંધાન પાના નં. ૪૦ થી શરૂ)

### સેક્રેટરિયેટ (સચિવાલય)

સચિવાલય એ એજન્સીનો વ્યવસાયી અને સામાન્ય સેવાનો કર્મચારીગણ છે, જેમાં ૬૦ સભ્ય-દેશોમાંથી ભરતી કરાયેલા દોઢ હજાર જેટલા આંતરરાષ્ટ્રિય સનદી કર્મચારીઓ કામ કરે છે. અરેબિક, અંગ્રેજી, ચાઈનીઝ, ફ્રેન્ચ, રશિયન અને સ્પેનિશ એમ છ તેની સત્તાવાર ભાષાઓ છે.

મહાનિર્દેશક તેના વહીવટી વડા છે, જેઓ ચાર વર્ષની અવધિ માટે નિયુક્ત થાય છે અને એજન્સીનાં કાર્યોનું સંકલન તથા અમલીકરણ કરાવે છે. તેઓ એજન્સીના આ છ વિભાગો પર દેખરેખ રાખે છે : ૧. પરમાણુ ઊર્જા , ૨. પરમાણુ સલામતી અને સુરક્ષા, ૩.પરમાણુ વિજ્ઞાનો અને પ્રયોજનો, ૪. સંરક્ષણ, ૫.તાંત્રિક સહકાર અને ૬. વ્યવસ્થા (પ્રબંધન)

સ્થાપના સમયે એજન્સીનાં સભ્ય-રાજ્યોની સંખ્યા ૫૭ હતી, જે આજે વધીને ૧૪૪ થઈ છે. અત્યારે પણ આ સંસ્થાના સભ્ય નથી એવા દેશોની સંખ્યા ૪૨ છે. જ્યારે કંબોડિયા (૧૯૫૮-૨૦૩) અને ઉત્તર કોરિયા (૧૯૭૪-૧૯૯૪) એ સભ્યપદ પાછું ખેંચી લીધું છે.

સંસ્થાનું મુખ્યમથક ઑસ્ટ્રિયાની રાજધાની વિયેનામાં આવેલું છે. જ્યારે ટોરોન્ટો (કેનેડા) અને ટોકિયો (જાપાન)માં બે "રિજિયોનલ સેફગાર્ડસ ઓફિસો" તથા ન્યૂયોર્ક (અમેરિકા) અને જિનિવા (સ્વિટ્ઝર્લેન્ડ)માં બે "લાયઝન ઓફિસો" આવેલી છે. ઉપરાંત, સૈબર્સડોર્ફ /વિયેના (ઓસ્ટ્રિયા), ટ્રિયેસ્ટે (ઇટાલી) અને મોનાકોમાં ચાર પ્રયોગશાળાઓ પણ સ્થાપાઈ છે.

### નોબેલ શાંતિ પુરસ્કાર

ઉલ્લેખનીય છે કે ૨૦૦૫નો "નોબલ શાંતિ પુરસ્કાર" ઇન્ટરનેશનલ એટમિક એનર્જી એજન્સી તથા તેના ડિરેક્ટર જનરલ ઇજિપ્તના મોહમ્મદ અલપરડેઈ(જન્મ ૧૯૪૨)ને સંયુક્ત રીતે આપવામાં આવ્યો હતો. આ વૈશ્વિક બહુમાન તેઓને અણુશક્તિનો લશ્કરી હેતુઓ માટે ઉપયોગ થતો રોકવા તેમજ શાંતિમય હેતુઓ માટે તેનો સૌથી સલામત શક્ય માર્ગ ઉપયોગ થાય તે નિશ્ચિત કરવાના પ્રયાસો બદલ અપાયું હતું.

વિયેના સ્થિત એજન્સીના મુખ્યાલય સિવાયના સ્થળે મહાસંમેલનો માત્ર વિરલ પ્રસંગે જ યોજાયાં છે. અને આવો એક અસામાન્ય અવસર આપણે આંગણે પણ આવ્યો હતો. આજથી ૨૯ વર્ષો પહેલાં ૧૯૭૯માં આ અણુ સંસ્થાનું ૨૩મું સંમેલન નવીદિલ્હી ખાતે આયોજિત થયેલું, જે તત્સમયે વિયેના બહારનું ચોથુ સંમેલન હતું.

આ પ્રસંગે ટપાલ વિભાગે એક રૂપિયા મૂલ્યની ખાસ બહુરંગી સ્મારક-ટિકિટ પણ બહાર પાડી હતી, જેના પર ચાંચમાં ઓલિવની ડાળી પકડેલા શાંતિદૂત કબૂતરની પ્રતીકાત્મક રજૂઆત સાથે અણુઊર્જા સંસ્થાનું ચિહ્ન દર્શાવાયું છે.

• • •

# ઇશ્વરનું ગામ : પેટલી

સ્વપ્નિલ મહેતા

*"૧૯૮૦ પહેલા ગામની સ્થિતિ દયનિય હતી ગામને જોડતા તમામ રસ્તા બિસ્માર અને ધુળિયા હતા. ગામ આંતરિક કલેશોમાંથી ખદબદી રહ્યું હતું. દારૂ-જુગાર-ચોરી ઝગડા વગેરે રોજિંદ ઘટમાળ હતી. જમીન માલિક અને ખેતમજૂરોનો સંઘર્ષ પણ પરાકાષ્ટાએ હતો. પરંતુ માતા પિતાના ધાર્મિક સંસ્કારોના વારસાએ મને પ્રેરણા આપી અને આ ગામને દારૂ-જુગાર અને કજીયા કલેશમાંથી મુક્ત કરવાનો નિર્ધાર કર્યો. ગામલોકોનો સાથ સહકાર મળ્યો અને આજે પેટલી ગામમાં દારૂ તેમજ જુગારની પ્રવૃત્તિ પર સખત પ્રતિબંધ છે આમ છતા પણ ગ્રામલોકોને ખબર પડે કે કોઈ વ્યક્તિ દારૂ-જુગાર જેવી બદીમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંકળાયેલી છે તો આખા ગામવાળા એક થઈને તેના સામે જરૂરી પગલાંઓ ભરે છે. એમને સુધરવાની તક આપે છે અને અન્ય રોજગાર મેળવવામાં મદદરૂપ થાય છે."*

સોજિત્રા તાલુકા પંચાયતના તાલુકા વિકાસ અધિકારીએ થોડીક ઔપચારિકતા બાદ પૂછ્યું તમને પેટલી જોવું ગમશે ! સાહિત્ય રસરુચિ હોવાથી મૂર્ધન્ય સાહિત્યકારશ્રી ઈશ્વર પેટલીકરના ગામ જોવાની ઇચ્છા થઈ આવી અને વરસતા વરસાદમાં અમે પેટલી જવા રવાના થયા.

સોજીત્રા તાલુકાની પૃષ્ઠભૂમિને આવરી લેતી ઇશ્વરભાઈની જાનપદી નવલકથા 'જનમટીપ' સ્મરણે ચઢી ભીમો અને ચંદા,કિશન, પૂંજો બામરોલીયો જેવો ખલનાયક અને વેરનો બદલો વેરથી ચુકાવતી પાટણવાડીયા કોમ... જ્યાં માણસને રીંગણા બટાકાની સહજતાથી કાપી નાખે તેવા ક્રુર લોકો... હરિયાળા ખેતરોમાં કામ કરતી વ્યક્તિઓમાં હું ચંદા અને ભીમાને શોધતો હતો.

ત્યાં તાલુકા વિકાસ અધિકારીશ્રીએ માહિતી આપી ; "તમને ખબર છે ! પેટલી ગામમાં છેલ્લા ૨૦ વર્ષથી એક પણ ગૂન્હો નોંધાયો નથી." હું થોડા અવિશ્વાસ સાથે ટી.ડી.ઓ. સામે જોઈ રહ્યો. અને જીપ પેટલી ગામમાં પ્રવેશી વરસતા વરસાદમાં મેં અત્યાર સુધી જોયેલા ગામ કરતાં પેટલી જુદુ લાગ્યું. ચોમાસામાં કોઈ અંતરિયાળ ગામમાં પ્રવેશ કરતો એટલે મુશ્કેલી અને રોગચાળાને સીધે સીધું આમંત્રણ આપવું એવી મારી સીધી સમજ, પણ અહીંનું વાતાવરણ ગમે તેવું હતું. વરસાદી માહોલ હોવા છતાં પણ કાદવ કીચડ કે ગંદકી પ્રમાણમાં નહીવત્ હતા. ઉકરડા અને ગંદકી કંટ્રોલમાં હોય તેવું જણાતું હતું

જીપ જેવી ગ્રામપંચાયત નજીક આવીને ઉભી રહી તેવી તરતજ યુવાન અને છેલ્લા ૨૭-૨૮ વર્ષ સતત પેટલીગામના સરપંચ તરીકે ચૂંટાઈ આવતા યુવાન સરપંચ ડાહ્યાભાઈ પરમારે દોડતા આવીને અમારું સ્વાગત કર્યું.

માણસ જ્યારે દ્વેષી અને એકલપટો થતો જાય છે ત્યારે એક ગામ છેલ્લા વીસ-પચ્ચીસ વર્ષથી ગૂન્હો નોંધાયા વગર કેમ રહી શકે એ પ્રશ્ન સ્વાભાવિક છે એટલે મેં પૂછ્યું.

"ખરેખર સરપંચશ્રી, ગામમાં ક્યારેક ઝઘડો કે ફસાદ એવું કશુંય નહીં?"

જવાબમાં હસ્યા, ખૂબ જ સાહજિક અને પછી કહ્યું.

"સાહેબ ! ઝગડા એક ઘરમાં ખાલી બે વ્યક્તિ રહેતા હોય ને તો પણ થાય એટલે આટલા મોટા ગામમાં ઝગડા જ નથી થયા તો હું જુઠો ગણાઉ, પણ આગ લાગે તેવી જ બુઝાવી દેવાની, પવન પોતાનું કામ કરે તે પહેલા આપણે આપણુ કામ શરૂ કરી દેવાનું. પેટલી ગામમાં પેટલીનો જ કાયદો... આ કાયદા મુજબ ફરિયાદ કરવા પ્રતિબંધ છે. પણ આ પ્રતિબંધ અમાનુષિ નથી માનવીય છે. કોઈ પણ ઝગડો જે આંતરિક હોય કે બાહ્ય કે વ્યક્તિ કુટુંબ કે સમાજ સંદર્ભે હોય તેનો નિકાલ ગામના પંચો દ્વારા જ લાવવામાં આવે છે.

(લેખક સમર્પણ આર્ટસ એન્ડ કો. કોલેજ, ગાંધીનગરમાં વિઝિટીંગ પ્રાધ્યાપક છે.)



(પેટલી ગ્રામ પંચાયતના સરપંચ ડાહ્યાભાઈ પરમાર અને પેટલી ગ્રામ પંચાયત)

અને એવો નિકાલ જે બંને પક્ષો માટે સંતોષકારક હોય એ માટે સરપંચની અધ્યક્ષતામાં ગ્રામમિત્ર નામનું પંચ તૈયાર કરવામાં આવ્યું છે. તમામ જ્ઞાતિના સભ્યો એમાં સેવા આપે છે.

તમામ જ્ઞાતિ ? મેં મોઘમમાં સવાલ પૂછ્યો,

"સાહેબ તમારા કહેવાનો અર્થ હું સારી રીતે સમજુ છું, સામાન્ય રીતે ગામની વ્યાખ્યા કરીએ તો એમાં ગંદકી, અસ્પૃશ્યતા, દારૂ જુગાર જેવી બદીઓનો ઉમેરો આપમેળે થઈ જતો હોય છે. મારું અને તમારું ગામ આ બાબતે ભિન્ન ન હોઈ શકે. પણ પેટલીનું પાણી જ જુદું છે. સાહેબ આ ગામમાં ભેદભાવને કોઈ સ્થાન નથી. ગામમાં ત્રણ મંદિરો અને એક મસ્જીદ છે. કોઈ પણ માણસ એમાં રોકટોક વગર જઈ શકે છે. જોકે અસ્પૃશ્યતાના કલંકને ગામમાંથી કાઢવાનું શ્રેય આપણા સાહિત્યકાર શ્રી ઇશ્વરપેટલીકરને આપવું જોઇએ, એમણે પોતાની પરંપરાગત પટેલ અટકનો ત્યાગ કરીને પેટલીકર અટક અપનાવી અને ગામ લોકોએ પેટલીકરની પરંપરાને જાળવી છે. મરેલા પ્રાણી નિકાલ કરવામાં ઘણીવારે કોઈક ભાઈ વિલંબ કરે તો મેં મારા સગા હાથે મૃત કુતરાંને ખેંચીને ગામમાંથી નિકાલ કર્યો છે. આને કારણે ગામમાં દલિતભાઈઓ પણ સ્વચ્છતા બાબતે ચૂસ્ત બન્યા છે."

"ચોરી અને દારૂબંધી તમે કેવી રીતે રોકી શકો ?"

"૧૯૮૦ પહેલા ગામની સ્થિતિ દયનિય હતી ગામને જોડતા તમામ રસ્તા બિસ્માર અને ધુળિયા હતા. ગામ આંતરિક કલેશોમાંથી ખદબદી રહ્યું હતું. દારૂ-જુગાર-ચોરી ઝગડા વગેરે રોજિંદ ઘટમાળ હતી. જમીન માલિક અને ખેતમજૂરોનો સંઘર્ષ પણ પરાકાષ્ટાએ હતો. પરંતુ માતા પિતાના ધાર્મિક સંસ્કારોના વારસાએ મને પ્રેરણા આપી અને આ ગામને દારૂ-જુગાર અને કજીયા કલેશમાંથી મુક્ત કરવાનો નિર્ધાર કર્યો. ગામલોકોનો સાથ સહકાર મળ્યો અને આજે પેટલી ગામમાં દારૂ તેમજ જુગારની પ્રવૃત્તિ પર સખત પ્રતિબંધ છે આમ છતા પણ ગ્રામલોકોને ખબર પડે કે કોઈ વ્યક્તિ દારૂ-જુગાર જેવી બદીમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંકળાયેલી છે તો આખા ગામવાળા એક થઈને તેના સામે જરૂરી પગલાંઓ ભરે છે. એમને સુધરવાની તક આપે છે અને અન્ય રોજગાર મેળવવામાં મદદરૂપ થાય છે."

"ગામમાં મુસ્લીમભાઇઓની સંખ્યા કેટલી છે ?"

"થોડાંક ઘરો મુસલમાનો પણ ખરાં એમના માટે અહીં એક મસ્જીદ પણ છે. ગોધરાકાંડ પછી આજુબાજુના ગામલોકોએ એકઠા થઈને પેટલી ગામના મુસલમાનો પર હુમલો કર્યો. સાવચેતીના ભાગરૂપે તેઓ ગામ છોડીને જતાં રહ્યાં પરંતુ બે દિવસમાં પેટલી ગામના લોકોએ એમની માફી માંગીને એમને ગામમાં પરત લઈ આવ્યા.

"ગામના વિકાસ પાછળ એન.આર.આઇ. નો કેટલો ફાળો ?" મેં પૂછ્યું

"ગામમાં મોટાભાગની વસ્તી ખેડૂતો છે. એન.આર.આઇ. ની સંખ્યા માત્ર ચાલીસ છે એટલે પેટલીના વિકાસમાં વિદેશીદાન ખૂબજ ઓછુ મળે છે એટલે માટેભાગે ગામના લોકો પાસેથી ફાળો કરીને ગામનો વિકાસ કરવામાં આવે છે.હા, એક એન.આર.આઇ. ફેમીલી છે જે દર વર્ષે પીસ્તાળીસ હજાર પાણીવેરાના આપે છે. એટલે ગામમાંથી પાણી વેરો લેવામાં આવતો નથી"

"તમારી ગ્રામસભા બહુજ લોકપ્રિય છે સાચી વાત છે ? "

"ખરૂ કીધું સાહેબ, ગ્રામસભાએ અમારા માટે કોઈ યાંત્રિક ફરજ નથી. અમારા ગ્રામજીવનનો અનિવાર્ય હિસ્સો



**(પ્રસુતિ ગૃહ, પેટલી)**

છે. દરેક ધર્મના તહેવારો, ઉત્સવો, લગ્નપ્રસંગો પહેલા અમે ગ્રામસભાનું આયોજન કરીએ છીએ. દરેકના મનને પ્રાધાન્ય અપાય છે. કેન્દ્રસરકાર અને રાજ્યસરકારની વિવિધ યોજનાઓને લોકો સુધી પહોંચાડવા ગ્રામસભાનો અમે શક્ય તેટલો વધારે ઉપયોગ કરીએ છીએ.

"પેટલી ગામને કેન્દ્ર-રાજ્ય સરકારની કઈ યોજનાઓનો લાભ મળ્યો ?"

"ગામના વિકાસનો સંપૂર્ણ શ્રેય હું ગામલોકોને આપીશ છતાં કેન્દ્ર અને રાજ્યની સમગ્ર યોજનાનો લાભ મળી શક્યો નથી. પરંતુ સમગ્ર વિસ્તારમાં વ્યસન મુક્તિ અને છેલ્લા ત્રેવીસ વર્ષથી એક પણ પોલીસ કેસ ન નોંધાવનાર ગામ તરીકે પેટલી આણંદ જિલ્લાનું સૌ પ્રથમ તીર્થગામ બન્યું. અને સરકાર દ્વારા એક લાખનો પુરસ્કાર પણ પ્રાપ્ત થયો, એ રીતે સરદાર આવાસ યોજના, ઇન્દિરા ગ્રામ વિકાસ, જ્યોર્તિગામ, પ્રધાનમંત્રી ગ્રામિણ સડક યોજના, નિર્મળ ગ્રામ વગેરે યોજનાનો લાભ વખતો વખત મળતો રહે છે. તદ્ઉપરાંત કેન્દ્રસરકારની રોજગાર ગેરંટી યોજનાનો લાભ પણ ગ્રામલોકોને મળે છે.

આ ઉપરાંત નિયમિત ગ્રામસફાઈ, પીવાનું પાણી, સ્ટ્રીટલાઈટ, સ્લમ વિસ્તારના તમામ રસ્તાની જાળવણી સરકારી અને સહકારી મિલકતોની જાળવણી, મા અને બાળકોની સુખાકારી માટે દવાખાનુ અને તમામ લોકજાગૃતિના કાર્યક્રમો ગ્રામ પંચાયતના ચૂંટેલો સભ્યો અને ગામના આગેવાનો દ્વારા થતા હોય છે."

"પેટલીમાં શિક્ષણની કેવી વ્યવસ્થા છે ?"

"શરૂઆતમાં તો સાહેબ, કન્યા કેળવણીનો આંક ખૂબજ નીચો હતો. અને ગામમાંજ છોકરા-છોકરીઓને માધ્યમિક સ્તરનું શિક્ષણ મળી રહે તે માટે 'ઇશ્વરભાઈ પેટલીકર વિદ્યામંદિર' ની સ્થાપના કરી એટલે પ્રાથમિક શિક્ષણ પછી ઉઠી જતાં બાળકોમાં માધ્યમિક શિક્ષણની ખૂબ માંગ વધી અને આજે ગામમાં કન્યાકેળવણીનું સ્તર ઘણું ઉંચુ છે.

કન્યાકેળવણી જ નહી ગામ લોકોમાં શિક્ષણની સાથે કોઠાસૂઝ પણ એટલીજ ઉંચી છે. પેટલીગામની છ ફૂટ ઊંડી ભાગોળને શ્રમયજ્ઞ દ્વારા એક પણ પાઈનો ખર્ચ કર્યા સિવાય ડામર રસ્તામાં ફેરવી નાંખ્યો. એટલે કેવળ શુષ્ક અને લોભામણી યોજનાઓ કરતાં ગ્રામલોકોનો સંપ, મહેનત અને ઉત્સાહ જ ગામને ગોકુળીયું બનાવતા હોય છે. યોજના ગામના વિકાસમાં પૂરક બને છે. યોજના ગામને નંદનવન બનાવી શકે."

"ઇશ્વરભાઈ પેટલીકરનું ઘર જોવાની ઇચ્છા છે, સરપંચશ્રી,"

મારી ઇચ્છા સાંભળીને એમનું વદન મ્લાન થઈ ગયું. ગામની વાતો કરતા જે ઉત્સાહ હતો એમાં ઓટ આવી ગઈ, અવાજમાં થોડી ઉદાસી આવી ગઈ.

"વિદેશમાં રહેતા ઇશ્વરભાઇના દિકરાઓએ એમનું બાપીકુ મકાન વેચી નાંખ્યું, નવા મકાનમાલિકે જુનું ઘર પાડી દઈને ત્યાં નવી બિલ્ડીગ બાંધી દીધું, ગામ લોકોએ ફાળો ઉઘરાવી મકાનની કિંમત ચૂકવી દેવાની તૈયારી બતાવી પણ પરિણામ શૂન્ય આવ્યું. હા પણ અમે અમારા સાહિત્યકારનું એક સ્ટેચ્યુ જરૂર બનાવવાના છીએ. હા પણ અમારા ગામના પુસ્તકાલયમાં પેટલીકરના બધાંજ પુસ્તકો છે. સાહેબ વર્લ્ડ બેન્કની ટીમ પણ અમારા ગામની મુલાકાત લઈ ચુકી છે. પરંતુ હજીતો સહાય પૂરતા પ્રમાણમાં મળે તો ઘણું બધું કામ કરવું છે." સરપંચશ્રીએ કહ્યું, હું એમની સામે જોઈ રહ્યો. સરપંચની ખુરશી પાછળની દિવાલના ઉપલા ભાગે તસ્વીરમાં પૂરાઈ રહેલા આપણા દેશનેતાઓના હસતા ચહેરા હતા, એ બધાના ચહેરા પર સંતોષ દેખાતો હતો. એક ગામ પૂરતો....

• • •

# વિશ્વના વિકલાંગ યોદ્ધાઓ

સંકલન : યશવંત કડીકર

*૧૯૭૧ના યુદ્ધમાં યુવાન મેજર હતા ઈયાન કાર્ડોજો. પૂર્વ પાકિસ્તાનના મોરચા પર દારૂગોળાની સુરંગ ફાટતા ઘાયલ થયા હતા અને એમના પગનો એક ભાગ માંસનો લોચો બનીને રહી ગયો હતો. એ સમયે ના તો ત્યાં કોઈ દવા હતી, કે ના બેહોશ કરવાનું ઈન્જેક્શન. તેઓ જ્યાં હતા ત્યાંથી ડોક્ટરી સારવાર પણ ઘણા માઈલો દૂર હતી. એટલે દારૂગોળાના ટૂકડા જો વધુ સમય પગમાં રહેતો જીવનું જોખમ થઈ શકતું હતું. બહાદુર મેજરે પોતાની ગુરખા યુનિટના જવાનને કહ્યું કે મારી 'ખુખરી'થી પગ કાપી નાખ.જવાનની હિંમત ના ચાલી. ના છૂટકે મેજરે પોતે દારૂનું પાન કર્યું અને પોતાનો પગ પોતાની 'ખુખરી'થી જાતેજ કાપી નાંખ્યો. પછી મેજરને નકલી પગ લગાવવામાં આવ્યો. અને એમણે નિવૃત્તિ લેવાના બદલે સેનાની સેવા કરવાનું એમને વધુ સારુ લાગ્યું.*

ઘણા ઓછા લોકો એવું જાણતા હશે કે માનતા હશે  કે વિકલાંગ વ્યક્તિ પણ બીજાને મદદ કરી શકે છે, અને સંરક્ષણ જેવી મહત્વની જવાબદારી પણ સંભાળી શકે છે, પરંતુ દુનિયામાં એવા અનેક યોદ્ધા થયા છે, જેમણે પોતાની વિકલાંગતાની પરવા કર્યા વગર, પોતાની પ્રજાનું દરેક રીતે રક્ષણ કર્યુ છે, અને અનેક વાર યુદ્ધમાં દુશ્મનોના દાંત ખાટા કરી નાખ્યા છે.

રાણા સાંગાના નામે જાણીતા લોકપ્રિય મેવાડના સંગ્રામસિંહે બાળપણમાંજ પોતાની એક આંખ ગૂમાવી દીધી હતી. પછી તો જુદા જુદા યુદ્ધમાં એમનો એક હાથ અને એક પગ પણ કપાઈ ગયા. રાણા સાંગા લગભગ સો યુદ્ધ લડ્યા હતા. અને બધામાં વિજય મેળવ્યો હતો. આ યુદ્ધોના કારણે એમના શરીર પર ૮૦ ઘા પડ્યા હતા. આમ છતા પણ સાંગા પરદેશી આક્રમણકારોને રગદોળી- પરાજિત કરી રાજપુત સામ્રાજ્યને સ્થાપિત કરવામાં સતત પ્રયત્નશીલ રહ્યા.

મધ્ય એશિયામાં તૈમૂર એક મામુલી કબીલાઓનો સરદારનો પુત્ર હતો. પોતાની યુદ્ધ નિપુણતાના કારણે એણે પ્રગતિ સાધી અને એક યુદ્ધમાં એમને એક તીર આંખમાં અને એક તીર પગમાં વાગ્યું. પગનો ઘા ના રૂઝાયો અને જિંદગીભર એક પગે લંગડો રહ્યો. એમના તુર્કી દુશ્મન તૈમૂર લંગ કહીને જ બોલાવતા. તૈમૂરે એક મોટું સામ્રાજ્ય સ્થાપિત કર્યું. અને ૧૯વાર વિશ્વવિજેતા અભિયાન સફળતાપૂર્વક ચલાવ્યું.

ઈંગ્લેન્ડમાં જન્મેલા જૉન મેટકોફની આંખોની રોશની બાળપણમાંજ ચાલી ગઈ હતી. સમય જતાં જૉન એક લાંબો- પહોળો સશક્ત યુવાન બન્યો. તેઓ સરસ રીતે ઘોડેસ્વારી કરી લેતા હતા. અને જ્યારે એમને ખબર પડી કે એમની પ્રેમિકાનાં લગ્ન જબરદસ્તીથી બીજા કોઈની સાથે કરવામાં આવી રહ્યાં છે, તો તેઓ ઘોડા પર આવ્યા અને પોતાની પ્રેમિકાને લગ્નમંડપમાંથી ઉઠાવી ગયા. એમનું રૌદ્ર સ્વરૂપ જોઈને, કોઈને એમને રોકવાની હિંમત ના ચાલી. પછી જૉન ફક્ત યુદ્ધમાં ભાગ લીધો. પરંતુ સૈનિકોની ભરતીમાં પણ મહત્વની ભૂમિકા ભજવી. તે ફક્ત સ્પર્શ કરીને જ માનવી અને ઘોડાની શક્તિની પરખ કરી લેતા હતા. મધ્યયુગમાં યુરોપમાં વિકલાંગો સાથે ઘણો અન્યાય કરવામાં આવતો હતો. વીર મેટકૉફે આ અન્યાયનો બરાબર સામનો કર્યો અને રસ્તાઓના નિર્માણ કરનારા તરીકે મોટી નામના મેળવી. પ્રથમ વિશ્વયુદ્ધમાં વિનાશકારી શસ્ત્રોનો ઉપયોગ મોટા પાયા પર થયો અને મોટી સંખ્યામાં સૈનિકો મૃત્યુ પામ્યા. અને ઘાયલ થયા. એમાં અપંગોની સંખ્યા મોટી હતી, અને આ યુદ્ધ લાંબા સમય સુધી ચાલ્યું.

સોવિયેટ સંઘમાં એક વાયુસેનાનો ફાઈટર પાયલોટ ઘાયલ થયો, એને એનો

(લેખક જાણિતા સાહિત્યકાર અને મુક્ત પત્રકાર છે.)

એક પગ કપાઈ ગયો. પરંતુ આ પાયલોટનો આત્મવિશ્વાસ ઓછો ના થયો. અને નકલી પગ લગાવીને ફરી પાછો પોતાના વતન માટે કુરબાની આપવા માટે તૈયાર થયો. એ સમયે સોવિયેટ વાયુસેનાને અનુભવી કુશળ પાયલોટોની જરૂરત પડી. આ પાયલોટે પોતાની સેવા સોવિયેટ વાયુસેનાને આપી, અને ટ્રેનિંગ રેજીમેન્ટમાં નવા પાયલોટોને ટ્રેઈનિંગ આપવા લાગ્યા. તે ખૂબજ કુશળતાપૂર્વક દરેક જાતના વિમાન ઉડાડતા હતા.

આ પાયલોટ પાસેથી પ્રેરણા મેળવી એક બીજા પાયલોટ એલેક્સેઈ મોસ્યેવે જે ડિસેમ્બર ૧૯૪૧માં જર્મન વાયુસેનાના વિમાનોનો પીછો કરતાં ગોળી વાગવાને કારણે ઘાયલ થઈ ગયા હતા. કેટલાય દિવસો બરફમાં ઘસડાતા ઘસડાતા તે પોતાના કેમ્પમાં પહોંચ્યા. જ્યાં ડોકટરોએ 'ગેગરીન' થવાના કારણે એમના બન્ને પગ કાપી નાંખ્યા. આવી કરુણ ઘટના પછી પણ અલેક્સેઈનો આત્મવિશ્વાસ ઓછો ના થયો. પગ ગયા પછી એમણે કૃત્રીમ પગના સહારે ચાલવા માંડ્યું. પોતાના પગમાં સ્વાભાવિક ચપળતા લાવવા માટે એમણે નૃત્યનો અભ્યાસ કર્યો. જ્યારે સોવિયટ વાયુસેનાનું ભરતીદળ ઘાયલ સૈનિકોની તપાસ કરવા અને પાછા વાયુસેનામાં જોડાવા ઈચ્છા ધરાવતા સૈનિકોની ભરતી માટે આવ્યું તો એલેક્સે ખૂબજ જૂસ્સાપૂર્વક પરેડ વિગેરે કરીને બતાવી. ભરતી દળના ડોકટરે પરેડ જોયા પછી જ્યારે એનું કેસકાર્ડ જોયું. ત્યારે એમને ખબર પડી કે એલેક્સેઈના તો બે પગ કપાયેલા છે. એલેક્સાઈએ પોતાના આત્મવિશ્વાસ અને તાકાતથી એક પછી એક બધા અધિકારીઓને પ્રભાવિત કર્યા અને ફાઈટર રેજીમેન્ટમાં ભરતીની પરવાનગી માટે બધાને મનાવી લીધા. આ કામ માટે એમને સોવિયેટ વાયુ સેનાના કમાન્ડર ઈન ચીફને પણ મળવું પડ્યું. બીજી વાર ભરતી થયા પછી એલેક્સેઈને આધુનિક વિમાનો ઉડાડવા માટેની તાલીમ આપવામાં આવી, અને એમણે પોતાની રેજીમેન્ટનું કામ સંભાળી લીધું. બીજા વિશ્વયુદ્ધમાં નકલી પગોની મદદથી અનેક હવાઈ અભિયાનોમાં ભાગ લીધો અને સાત-આઠ વિમાનો પાડી દીધાં, અને દુશ્મનોના મહત્વનાં કેન્દ્રો નાશ કર્યા.

બન્ને પગ કપાયા પછી ફરી જંગી હવાઈ જહાજ ઉડાડવાનું એક અન્ય ઉદાહરણ બ્રિટનમાં પણ મળ્યું. જ્યાં ડગલસ બ્રાડર નામના પાયલટે એક મોટર અકસ્માતમાં બન્ને પગ કપાવ્યા પછી પણ 'રોયલ અરફોર્સ' પોતાની સેવાઓ ચાલુ રાખી. આ રણવીર ડગલસે બીજા વિશ્વયુદ્ધમાં જંગી વિમાનો ઉડાડતાં જર્મન વાયુસેનાના ૨૧ વિમાન પાડી દીધાં.

આપણા ભારતીય રણવીરો પણ આ દિશામાં પાછળ નથી રહ્યા. બીજા વિશ્વયુદ્ધમાં ટી.એન.રેના નામના ફોજી અફસરે લડતાં-લડતાં પોતાની એક આંખની આહુતિ આપી દીધી. આમ છતાં પણ આ અધિકારીએ સેનામાંથી નિવૃત્તિ લેવાની ના પાડી. ડૉકટરી તપાસકમીટીએ એમને લશ્કરમાં સેવા માટે યોગ્ય ઠરાવ્યા અને આ નિષ્ણાત ટી.એન.રેના ભારતના સેનાધિપતિ બન્યા. જનરલ સેનાએ ના ફક્ત સેનામાં લાંબી સેવા આપી પરંતુ અનેક વિકલાંગ સૈનિકોને ઘરે મોકલવાને બદલે સેનામાં સેવા કરવાની તક આપી. એમની કર્તવ્ય પરાયણતા એ વાતથી પણ જોવા મળે છે કે ૧૯૭૧ના યુદ્ધમાં ઘાયલ એક વિકલાંગ અધિકારીની ફાઈલમાં એમણે લખ્યું કે, એમને એક બટેલિયન અને એવા ઘવાયેલા અફસર આપવામાં આવે, જે પગની વિકલાંગતાના કારણે નિવૃત્તિ લેવા ના માગતાહોય. એમની પાસેથી પ્રેરણા લઈને લે.કર્નલ ઈયાનકાર્ડો કે જે ૧૯૭૧ના યુદ્ધમાં વિકલાંગ થઈ ગયા હતા એમણે લકાડૂ ગુરખા બટાલિયન નું નેતૃત્વ સંભાળ્યું.

ભારતીય સેનામાં બે લેફ્ટન્ટ જનરલ વિકલાંગ હતા. ૩૦ સપ્ટેમ્બર ૨૦૦૦ ભારતના ઉપસેનાધ્યક્ષની જવાબદારી સંભાળતા લે.જનરલ વિજય ઓબેરોય ૧૯૬૫ની લડાઈમાં યુવાન મેજર હતા. અને પાકિસ્તાનની લડાઈમાં યુવાન મેજર હતા, અને પાકિસ્તાનની મશીનગર યુનિટનો મુકાબલો કરી રહ્યા હતા. આ ગોળીબારમાં એમનો એક પગ ઘાયલ થયો હતો, અને પછી કાપવો પડ્યો હતો.પણ આનાથી અમનો 'આત્મવિશ્વાસ' જરા પણ ઓછો થયો ન હતો. અને એમણે સેનાની સેવા ચાલુ રાખી.

આજ રીતે બીજા લે. જનરલ પંકજ જોશી ૧૯૬૭માં સેનાના કેપ્ટન હતા. અને સિક્કીમમાં ફરજ પર હતા. ત્યાં એક દારૂગોળાની સુરંગ ફાટવાથી એમના બન્ને પગ ઘાયલ થયા, અને પછી કાપવા પડ્યા. ઉપરના બન્ને અધિકારીઓને સેનામાં સેવા કરવા માટે રહ્યા, પરંતુ બટેલિયનો, બ્રિગેડો, ડિવીજનોનું ખૂબજ કુશળતા પૂર્વક નેતૃત્વ પણ કરતા હતા.

૧૯૭૧ના યુદ્ધમાં પણ સૈનિકો મોટી સંખ્યામાં ઘાયલ થયા હતા. વાય.એન.શર્મા એ સમયે લે. કર્નલ હતા અને ગ્રેનેડિયર બટાલિયનની જવાબદારી સંભાળી રહ્યા હતા. યુદ્ધ દરમિયાનની જવાબાદરી સંભાળી રહ્યા હતા. યુદ્ધ દરમિયાન એમની જીપ ટેંક ભેદતી દારૂગોળાની સુરંગ ઉપરથી પસાર થઈ અને અચાનક જ ધડાકાની સાથે કર્નલ શર્મા ખૂબજ ખરાબ રીતે ઘવાયા. એમનો એક પગ કાપવો પડ્યો. કર્નલ શર્માએ પોતાની

સેવા ચાલુ રાખી અને લેફ.જનરલના પદ પરપહોંચી ગયા.

એક બીજા રણવીર સેનામાં મેજર જનરલના પદ પર પહોંચ્યા ઈયાન કાર્ડોજો. ૧૯૭૧ના યુદ્ધમાં યુવાન મેજર હતા ઈયાન કાર્ડોજો પૂર્વ પાકિસ્તાનના મોરચા પર દારૂગોળાની સુરંગ ફાટતા ઘાયલ થયા હતા અને એમના પગનો એક ભાગ માંસનો લોચો બનીને રહી ગયો હતો. એ સમયે ના તો ત્યાં કોઈ દવા હતી, કે ના બેહોશ કરવાનું ઈન્જેક્શન. તેઓ જયાં હતા ત્યાંથી ડોકટરી સારવાર પણ ઘણા માઈલો દૂર હતી. એટલે દારૂગોળાના ટૂકડા જો વધુ સમય પગમાં રહેતો જીવનું જોખમ થઈ શકતું હતું. બહાદુર મેજરે પોતાની ગુરખા યુનિટના જવાનને કહ્યું કે મારી 'ખુખરી'થી પગ કાપી નાખ. જવાનની હિંમત ના ચાલી. ના છૂટકે મેજરે પોતે દારૂનું પાન કર્યું અને પોતાનો પગ પોતાની 'ખુખરી'થી જાતેજ કાપી નાંખ્યો. પછી મેજરને નકલી પગ લગાવવામાં આવ્યો. અને એમણે નિવૃત્તિ લેવાના બદલે સેનાની સેવા કરવાનું એમને વધુ સારુ લાગ્યું. અને લડાકૂ રેજીમેન્ટમાં જવાબદારી સંભાળી. નકલી પગના આધારે સેનાની સેવા કરી રહેલા વીર અફસરોનું પ્રદાન એટલું શાનદાર રહ્યું છે કે એમના માર્ગમાં આવનારી મુશ્કેલીઓ એના મેળેજ દૂર થતી ગઈ. ૧૯૭૭સુધી વિકલાંગ અફસર બ્રિગેડિયર બની શકતા હતા. અને એમને લડાકૂ રેજીમેન્ટની જવાબદારી સોંપવામાં આવતી ન હતી. પછી તો આ મર્યાદા હટાવી દેવામાં આવી, અને વિકલાંગ અફસર લડાકૂ રેજીમેન્ટની જવાબદારી સંભાળવા લાગ્યા.

મળતી માહિતી પ્રમાણે લશ્કરમાં હાલમાં ૨૯૨ થી વધુ વિકલાંગ 'ઈન્ફેન્ટરી' અધિકારી છે, જેમાં ૨૭ ઈન્ફેન્ટરી બટાલિયનોની જવાબદારી સંભાળી રહ્યા છે. સેનાના વિકલાંગ સૈનિકોની જવાબદારી સંભાળવા માટે એક નક્કી 'પોલીશી' ઘડાયેલી છે. જે સૈનિકોની દ્દષ્ટિ કે સાંભળવામાં ઉણપ આવી હોય, એમને પણ સેનામાં તક આપવાની વ્યવસ્થા છે. વિકલાંગ વિશે લોકમાન્યતા બદલવાનું ખાસ શ્રેય ઉપરના રણવીરોના ફાળે જાય છે.

• • •






પ્રકાશન વિભાગના ઉત્તમ પુસ્તકો
મેળવો યોજના કચેરીથી
સ્પર્ધાત્મક
પરીક્ષાઓ માટે
યોજના
સચોટ માર્ગદર્શન

# ભારતમાં માનવ મૂડી વિકાસની વ્યૂહરચના

અશોક એન પટેલ

*ભારતની ગણના વિશ્વના એવા દેશોમાં થાય છે કે વૈશ્વિકરણની દિશામાં આગળ વધતા વિશ્વમાં જનસંખ્યાકીય લાભ પ્રાપ્ત કરાવી શકે. પરંતુ આ બાબતે ભારતમાં એક વિચિત્ર પ્રકારનો વિરોધાભાસ જોવા મળે છે. વિશ્વ આર્થિક સમુદાય અને ભારતીય ઉદ્યોગ કાઉન્સીલ દ્વારા તૈયાર કરેલ એક સંયુક્ત નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે "ભારતની જનસંખ્યા એક વિરોધાભાસ છે, જ્યાં આયુષ્યના રૂપમાં ભારત સૌથી મોટો અને અધિક સમતુલિત જનસંખ્યાવાળા સમૂહ માંથી એક છે." કારણ કે ભારતની વસતીમાં ૨૫ વર્ષ સુધીના આયુષ્યવાળી વસતીનું પ્રમાણ લગભગ ૫૪% છે. દેશ સામેની બીજી સમસ્યા આ યુવા જનસંખ્યાના ભરણપોષણ, તેને શિક્ષિત તેમજ પ્રશિક્ષિત કરવી તથા તેને રોજગારી પૂરી પાડવાની છે. શહેરીકરણ અને ઔદ્યોગિકરણે નીતિ નિર્માતાઓ સમક્ષ સમાયોજન કરવામાં ખર્ચ અને જોખમોના રૂપમાં ગંભીર સમસ્યાઓ ઉત્પન્ન કરી છે.*

કોઈપણ દેશની આર્થિક પ્રગતિ અને વિકાસ માટેની ક્ષમતા નિર્ધારિત કરનારા પરિબળોમાં માનવ સંસાધન એક મહત્વનું નિર્ણાયક પરિબળ ગણવામાં આવે છે. દેશ પાસે ગમે તેટલી વિપુલ કુદરતી સંપત્તિ હોયપરંતુ તેને ઉત્પાદકતા કાર્યમાં જોતરી શકે એવું માનવ પરિબળ ન હોય તો ઝડપી આર્થિક વિકાસ સાધી શકાતો નથી. પરંપરાગત સ્વરૂપે જમીન, શ્રમ અને મૂડીને ઉત્પત્તિના સાધનો માનવામાં આવે છે. પાછળથી નિયોજન શક્તિને પણ એક સાધનાના રૂપમાં સ્વીકાર કરવામાં આવ્યો છે. વિશ્વ બેંકના તાજેતરના એક અહેવાલ મુજબ આર્થિક વિકાસમાં માનવમૂડીનું યોગદાન આશરે ૬૪%ભૌતિક મૂડીનું ૧૬% કુદરીત મૂડીનું ૨૦% જેટલું હોય છે. સમાજવાદના પિતામહ કાર્લમાર્ક્સે શ્રમને જ ઉત્પતિનું એક સર્વોત્તમ સાધન માની પોતાના લખાણોમાં શ્રમને અધિક મહત્વ આપ્યું છે. પૂર્વે યુરોપના દેશો, ચીન, ઉત્તર કોરિયા, વિયેતનામ અને ક્યૂબા જેવા દેશોએ આર્થિક અને સામાજિક સત્તાના સર્વોચ્ચ શિખરે પહોંચ્યા પરંતુ મૂડીવાદી અર્થતંત્રોમાં માનવશક્તિને મૂડીની અપેક્ષાએ ગૌણ મહત્વ આપવામાં આવ્યું છે.

છેલ્લા કેટલાક વર્ષોથી માનવશક્તિને માનવમૂડીના રૂપમાં સ્વીકાર કરવામાં આવી રહ્યો છે. વિશ્વના મોટાભાગના દેશો માનવમૂડીના વિકાસ હેતુ પ્રયત્નશીલ બન્યા છે. વૈશ્વિકરણના પથ પર શ્રમની ગતિશીલતામાં વૃદ્ધિ થઈ છે. તાજેતરના વર્ષોમાં હાથ ધરાયેલ અને સંશોધનાત્મક અભ્યાસો પરથી ફલિત થાય છે કે જમીન, શ્રમ અને ભૌતિક મૂડીના જથ્થામાં જે દરે વધારો થાય છે તેની તુલનામાં રાષ્ટ્રિય ઉત્પાદનમાં વધુ ઊંચા દરે વૃદ્ધિ જોવા મળે છે. વૃદ્ધિના આ તફાવતનુ કારણ માનવમૂડીના તફાવતોમાં રહેલું છે.

### માનવમૂડીના પાંચ અનિવાર્ય તત્ત્વો

માનવીનો એક સમૂહ ફક્ત એને માનવમૂડી બનાવી શકતો નથી. માનવસમૂહને માનવમૂડીમાં રૂપાંતરિત કરવા માટે તેમની બુદ્ધિ અને કૌશલ્યમાં વધારો કરી વધારે ઉપયોગી બનાવી, કૌશલ્યોમાં નવો સંચાર કરી સંસાધનયુક્ત, સ્વ-પ્રેરિત વ્યક્તિત્વ બનાવી શકાય. આ માટે પાંચ તત્ત્વોની આવશ્યકતા રહે છે, જેમાં શિક્ષણ, કૌશલ્ય સર્જન, પ્રશિક્ષણ, વ્યક્તિત્વ વિકાસ અને વિચારો તથા અનુભવોનું આદાન-પ્રદાન મુખ્ય છે.

### ભારતમાં માનવ વિકાસની વ્યૂહરેખા

ભારતની ગણના વિશ્વના એવા દેશોમાં થાય છે કે વૈશ્વિકરણની દિશામાં આગળ વધતા વિશ્વમાં જનસંખ્યાકીય લાભ પ્રાપ્ત કરાવી શકે. પરંતુ આ બાબતે ભારતમાં એક વિચિત્ર પ્રકારનો વિરોધાભાસ જોવા મળે છે. વિશ્વ આર્થિક સમુદાય અને ભારતીય ઉદ્યોગ કાઉન્સીલ દ્વારા તૈયાર કરેલ એક સંયુક્ત નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે "ભારતની જનસંખ્યા એક વિરોધાભાસ છે, જ્યાં આયુષ્યના રૂપમાં ભારત સૌથી મોટો અને અધિક સમતુલિત જનસંખ્યાવાળા સમૂહ માંથી એક છે." કારણ કે ભારતની વસતીમાં ૨૫ વર્ષ સુધીના

(લેખક ઈડર સ્થિત આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં મુલાકાતી વ્યાખ્યાતા છે.)

આયુષ્યવાળી વસતીનું પ્રમાણ લગભગ ૫૪% છે. દેશ સામેની બીજી સમસ્યા આ યુવા જનસંખ્યાના ભરણપોષણ, તેને શિક્ષિત તેમજ પ્રશિક્ષિત કરવી તથા તેને રોજગારી પૂરી પાડવાની છે. શહેરીકરણ અને ઔદ્યોગિકરણે નીતિ નિર્માતાઓ સમક્ષ સમાયોજન કરવામાં ખર્ચ અને જોખમોના રૂપમાં ગંભીર સમસ્યાઓ ઉત્પન્ન કરી છે.

એક વાત નિર્વિવાદ છે કે પશ્ચિમના વિકસીત દશો અને ભારતના મજબૂત પ્રતિસ્પર્ધિ ચીનમાં વૃદ્ધાવસ્થા તરફ ઢળતી જનસંખ્યાની તુલનામાં ભારતને યુવા જનસંખ્યા વાળા દેશ તરીકે નિરુપવામાં આવે છે. જે એ બાબતની પ્રતિતિ કરાવે છે કે ભારતમાં માનવ મૂડીની વિશાળ સંભાવનાઓ છે.

પરંતુ ભારતીય ઉદ્યોગ પરિષદ અને વિશ્વ આર્થિક પરિષદ અને વિશ્વ આર્થિક સમુદાયના એક તાજા અભ્યાસ અનુસાર ભારતમાં નિયમિત રોજગારી કુલ રોજગારીના ૧૫% જ છે. દસ શ્રમિકોથી વધારે શ્રમિકોવાળી પેઢીઓ અને એકમોમાં રોજગાર સહિત શ્રમિકોની સંખ્યા કુલ રોજગાર સહિત શ્રમિકોના ફકત ૪% છે. ઈ.સ. ૨૦૧૬ સુધીમાં દેશમાં કામ માંગનાર જનસંખ્યા આશરે ૮૦ કરોડથી વધારે હશે. આ જોતા શિક્ષણ અને રોજગારીમાં ગંભીર ચિત્રો દૃષ્ટિમાન થાય છે. ભાવિ પાંચ વર્ષોમાં ભારતે ૭.૧ કરોડ નવી રોજગારીની તકો ઉભી કરવી પડશે. દેશની ૬૦% થી વધુ વસતી ખેતીક્ષેત્ર પર આધારિત છે. તેમને કૃષિક્ષેત્રોમાંથી અન્ય ક્ષેત્રોમાં લઈ જવા પડશે. ઝડપી શહેરીકરણ અને મોટા શહેરોમાં આકાર લઈ રહેલી ગંદી વસાહતોમાં જીવનની ગુણવત્તા અને સામાજિક સલામતી સુરક્ષાની સાથે સાથે પર્યાવરણ સમક્ષ ગંભીર સમસ્યાઓ ઉત્પન્ન થઈ શકે છે.

ઉપરોકત દર્શાવેલ આંકડા ભારતની વસતીને એક ઉત્પાદક વસતીમાં પરિવર્તન કરવાનો માર્ગ દર્શાવી રહી છે. વર્ષ ૨૦૦૭ના માનવ વિકાસ અહેવાલ (એચડીઆઇ) અનુસાર માનવ વિકાસ સૂચકાંકની બાબતમાં ભારત વિશ્વમાં ૧૨૮માં સ્થાન પર છે જે પાછળના વર્ષોમાં ૧૨૬મા સ્થાન પર હતું. જ્યારે ચીન ૮૧ મા સ્થાન પર, શ્રીલંકા ૯૯માં સ્થાન પર. આ માનવવિકાસ સૂચકાંકની ગણતરી અપેક્ષિત આયુષ્ય, શિક્ષણ સંપાદન (પ્રમાણ) તથા જીવનધોરણ અથવા માથાદીઠ આવકને આધાર બનાવીને કરવામાં આવે છે. વિશ્વના ૧૦૮ વિકાસમાન દેશોની ગરીબીનાં આંકની સૂચીમાં ભારત ૬૨ માં સ્થાન પર જ્યારે કેન્યા ૬૦ માં સ્થાન પર છે. ભારતમાં પુખ્ત વયની વ્યક્તિઓમાં સાક્ષરતાનું પ્રમાણ ૩૯% છે. જે રવાન્ડામાં ૩૫.૧% તથા માલાવીમાં ૩૫.૯% છે. સ્ત્રી-પુરુષ અસમાનતાની બાબતે ભારતની સ્થિતિ ખરાબ છે. ૧૫ વર્ષથી ઉપરની વયવાળી યુવા મહિલાઓનો સાક્ષરતા-દર પુરુષોની તુલનામાં ફક્ત ૬૫.૨ % જ છે.

ભારતને બુદ્ધિશાળી સમાજ બનાવવા માટે સરકારે શિક્ષણના અધિકારને મૌલિક બનાવી મફત મધ્યાહન ભોજનની વ્યવસ્થા પૂરી પાડી લોકોને પોતાના બાળકોને શાળાઓમાં મોકલવા પ્રેરિત કરવા સર્વશિક્ષા અભિયાનના રૂપમાં એક ચળવળ ચલાવવામાં આવી રહી છે. આથી વિશેષ શિક્ષણના પિરામીડના આધાર સમાન પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના શિક્ષકોના વેતનમાં સુધારો કરી ઉચ્ચ ગુણવત્તાવાળા શિક્ષકોની વ્યવસ્થા કરવી જોઇએ. પ્રાથમિક શિક્ષણમાં શાળા છોડીદેવાનું પ્રમાણ ઘટ્યું છે. પરંતુ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકમાં હજુ સ્થિતિ ખરાબ છે. નવાઈની વાત તો એ છે કે દેશના માત્ર ૨૭% બાળકો (૧૪ થી ૧૮ વર્ષના ) જ ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સુધી તથા થોડાક બાળકો ઉચ્ચ શિક્ષણ સુધી પહોંચે છે. વિશ્વ વિદ્યાલયો અને યુનિવર્સિટી શિક્ષણમાં પ્રવેશ મેળવનાર યુવાનોની સંખ્યા ફક્ત ૧ કરોડ છે. એક બાબત સ્પષ્ટ છે કે કામ કરવા લાયક યુવાજનસંખ્યાને માનવ મૂડીના રૂપમાં પરિવર્તિત કરવા માટે પણ હજુ ઘણું કરવાનું છે.

## અગિયારમી પંચવર્ષિય યોજના અને શિક્ષણ

અગિયારમી પંચવર્ષિય યોજનાને વડાપ્રધાન શ્રી મનમોહનસિંહે "શિક્ષણ યોજના" ની સંજ્ઞા આપતાં જણાવ્યું છે કે શિક્ષણને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામા આવી છે, જે ઝડપી આર્થિક વૃદ્ધિના લક્ષ્યોને પ્રાપ્ત કરવામાં અતિ મહત્વની છે. શિક્ષણ પાછળનો ખર્ચ દસમી પંચવર્ષીય યોજનામાં જે કુલ ખર્ચના ૭.૭% હતો તે વધારી અગિયારમી પંચવર્ષિય યોજનામાં ૧૯.૦% કરવામાં આવ્યો છે. જે આયોજનકાળના ઇતિહાસમાં અભૂતપૂર્વ છે. અગિયારમી પંચવર્ષિય યોજનામાં શિક્ષણ પાછળ વધારે ખર્ચ કરવાથી માનવમૂડી વિકાસને એક નવી દિશા પ્રાપ્ત થશે. પરંતુ ખર્ચમાં વૃદ્ધિ કરવી એ પુરતું નથી. કારણ કે યોજનાઓ અને કાર્યક્રમોની અસરકારકતાને ઉચ્ચ સ્તરના લક્ષ્યાંકોને વાસ્તવિકતામાં બદલવી ગણી કઠીન છે.

જ્યાં સુધી ભારતનું દરેક બાળક વિદ્યાલયમાં પ્રવેશ લે છે. તથા યુવાન નાગરિકોનો મોટો ભાગ ઉચ્ચ શિક્ષણ, પ્રશિક્ષણ અને કૌશલ્ય સુધી પહોચે છે ત્યાં સુધી દ્વિઅંકી આર્થિક વૃદ્ધિનો કોઈ અર્થ રહેતો નથી, કારણ કે ઉચ્ચ સ્તરની આ વૃદ્ધિ ના તો સમાનતા લાવશે કે ન તો સમાજના બધા જ વર્ગોનું સશક્તિકરણ કરશે.

**સંદર્ભ સૂચી :**


- આર્થિક વૃદ્ધિ અને વિકાસનું અર્થશાસ્ત્ર
- ભારતના આર્થિક વિકાસની સમસ્યાઓ
- સંદેશ સમાચાર જાન્યુઆરી -૦૭
- માનવ વિકાસ અહેવાલ -૨૦૦૭


● ● ●

# પર્યાવરણ શિક્ષણ

દિક્ષીતકુમાર પટેલ

*પ્રકૃતિએ આપણને વાયુ, જળ,ભૂમિ તથા ખનિજો ઘણું બધું આપ્યું છે. પરંતુ મનુષ્ય દ્વારા આ બધી સંપત્તિનો અયોગ્ય રીતે ઉપયોગ વસ્તી વધારો, ઔદ્યોગીકરણ અને વિવિધ યોજનાઓના પાછળ પર્યાવરણની ઘોર ઉપેક્ષા થતી રહી છે. અને તેથી પર્યાવરણલક્ષી સમસ્યાઓ દિન પ્રતિદિન વધી રહી છે. આ સમસ્યાઓ અને પર્યાવરણ બચાવ બાબતે લોકોને જાગૃત કરવા સમયની માંગ છે. જો અત્યારે ગંભીર વિષય પર કંઈ કરીશું નહી, જાગૃતિ ફેલાવીશું નહી તો આવનારી સમસ્યાઓથી બચવા, પર્યાવરણ સુધારા માટેની વિવિધ યોજનાઓ માટે લોક સહકાર પ્રાપ્ત થશે નહી. પર્યાવરણના રક્ષણ અને સુધારા માટે નાગરિકોને જાગૃત બનાવવા પર્યાવરણ શિક્ષણ આપવું અત્યંત જરૂરી છે.*

**ભા**રતીય સંસ્કૃતિમાં પ્રકૃતિ પ્રત્યે જેટલો આદર દર્શાવાયો છે તેટલો આધાર અન્ય કોઈ સંસ્કૃતિમાં જોવા મળતો નથી માટે જ વૃક્ષોને પુત્ર સમાન માની તેના પોષણ અને સંવર્ધનનું જ્ઞાન આપ્યું છે આવું અગ્નિપુરાણના તડાગ નામના અધ્યાયમાં વર્ણન થયેલ છે.

મનુષ્ય પ્રકૃતિનું સંતાન છે પ્રકૃતિના ખોળામાં ઉછરે છે. પર્વતો નદીઓ, સમુદ્રો, ભૂમિ અને સ્વચ્છ હવા આપણા જીવનને સ્વચ્છ અને સુખદ બનાવે છે.

પ્રકૃતિએ આપણને વાયુ, જળ,ભૂમિ તથા ખનિજો ઘણું બધું આપ્યું છે. પરંતુ મનુષ્ય દ્વારા આ બધી સંપત્તિનો અયોગ્ય રીતે ઉપયોગ વસ્તી વધારો, ઔદ્યોગીકરણ અને વિવિધ યોજનાઓના પાછળ પર્યાવરણની ઘોર ઉપેક્ષા થતી રહી છે. અને તેથી પર્યાવરણલક્ષી સમસ્યાઓ દિન પ્રતિદિન વધી રહી છે. આ સમસ્યાઓ અને પર્યાવરણ બચાવ બાબતે લોકોને જાગૃત કરવા સમયની માંગ છે. જો અત્યારે ગંભીર વિષય પર કંઈ કરીશું નહી, જાગૃતિ ફેલાવીશું નહી તો આવનારી સમસ્યાઓથી બચવા, પર્યાવરણ સુધારા માટેની વિવિધ યોજનાઓ માટે લોક સહકાર પ્રાપ્ત થશે નહી. પર્યાવરણના રક્ષણ અને સુધારા માટે નાગરિકોને જાગૃત બનાવવા પર્યાવરણ શિક્ષણ આપવું અત્યંત જરૂરી છે.

**પર્યાવરણ શિક્ષણનો અર્થ**

પર્યાવરણ શિક્ષણ એ એવું જ્ઞાન છે. જે પર્યાવરણના માધ્યમથી, પર્યાવરણના વિષયમાં તથા પર્યાવરણ માટે અપાય છે.

પર્યાવરણ શિક્ષણનો અર્થ એટલે વર્તમાન સમસ્યાઓનું નિદાન અને ભાવિ સમસ્યાઓને આવતી અટકાવવી.

સમસ્યાઓના પ્રકાર મુજબ વિકસીત અને વિકાસશીલ રાષ્ટ્રો માટે પર્યાવરણ શિક્ષણનો અર્થ અને મહત્વ જુદું જુદું છે. ગરીબ દેશોમાં વસતી સમસ્યા, કુપોષણ, બીમારીઓ, અન્ન અને પીવાના સ્વચ્છ પાણીની કમી, મુખ્ય સમસ્યાઓ છે જ્યારે ઓઝોન ગાબડાં, ગ્લોબલ વોર્મિંગ પછીના ક્રમે આવતી સમસ્યા છે.

પર્યાવરણ શિક્ષણ એ એવું શિક્ષણ છે જેના દ્વારા સમાજ જીવન સબંધી સમસ્યાઓના નિરાકરણ માટે સભાનતા જ્ઞાન, કૌશલ્ય અને ક્ષમતાઓનો વિકાસ કરી શકે તથા પર્યાવરણનો રક્ષક બને.

**પર્યાવરણ શિક્ષણના ઉદ્દેશ્યો**

**૧. સભાનતા**

વ્યક્તિ અને સમાજ જીવન સાથે જોડાયેલ પર્યાવરણીય સમસ્યાઓના નિરાકણ માટે સભાન બને.

**૨. જ્ઞાન પ્રાપ્ત કરવું**

વ્યક્તિ અને સમુદાયો વતાવરણ

(લેખક ઉંઝા સ્થિત મહિલા બી.એડ. કોલેજ સાથે સંકળાયેલા છે.)

સંબંધી સમસ્યાઓને સરળતાથી નિદાન કરી શકે જેથી પર્યાવરણનું રક્ષણ અને સંવર્ધન થાય.

**૩. સહભાગિદારી વિકસાવવી**

વ્યક્તિ અને સમુદાયોએ પર્યાવરણને લગતી સમસ્યાઓના સમાધાન માટેનું દાયિત્વ સ્વીકારે અને તે માટે તત્પર બની મદદરૂપ થાય.

**૪. અભિયોગ્યતા**

વ્યક્તિ અને સમાજના પર્યાવરણ પ્રત્યે વિશેષ પ્રેમ અને તેના રક્ષણ અને સુધારા માટે પ્રેરણા વિકસાવવા સહાયતા કરે.

**૫. કૌશલ્યો**

- પર્યાવરણ સમસ્યાઓના ઉકેલ માટે કાનૂની ઉકેલ લાવે.
- સમસ્યાઓના ઉકેલનું કૌશલ્ય વિકસે.

**૬. મૂલ્યાંકન ક્ષમતા**

રાજનૈતિક, સામાજિક, શૈક્ષણિક, આર્થીક, પર્યાવરણીય, તત્વોની મૂલવવાની ક્ષમતા વિકસે.

શિક્ષણાના ઉદેશ્યોના ક્ષેત્રો ત્રણ છે.

૧. જ્ઞાનાત્મક ૨.ભાવાત્મક ૨.ક્રિયાત્મક

**જ્ઞાનાત્મક સબંધી ઉદ્દેશ્યો**

- વસ્તીવધારો અટકાવવાની સમજ વિકસાવવા મદદ કરવી.
- જૈવિક અને અજૈવિક પર્યાવરણનું મહત્વ સમજવું.
- પર્યાવરણની કાર્યપ્રણાલી અને વિવિધ ચક્રોનું જ્ઞાન પ્રાપ્ત કરવું.
- વિદ્યાર્થીઓને પર્યાવરણની દશા, પરિસ્થિતી અને ગુણવત્તાનું જ્ઞાન કરાવવું.
- પ્રાકૃતિક સંપત્તિનો નાશ અટકાવવા અને રક્ષણ કરવાની પ્રવૃત્તિઓનું જ્ઞાન કરાવવું.
- માનવી દ્વારા થતા પ્રદૂષણથી આવનારા શારીરિક, માનસિક, આર્થિક નુકશાનથી ચેતવવા.

**ભાવાત્મક સંબંધી ઉદ્દેશ્યો**

- વૃક્ષો અને અન્ય જીવો સાથે મિત્રભાવ વિકસાવવો.
- વન્ય પશુઓનો શિકાર થાય છે તેવી સમજ વિકસાવવી.
- ધ્વની પ્રદૂષણ, વાયુપ્રદૂષણને કારણે ઉત્પન્ન થતી માનસિક તાણને દૂર કરવાના ઉપાયો શોધવા.
- કુદરતી બક્ષીશો માટે કુદરત પ્રત્યે આભારની લાગણી વિકસાવવી.
- સમાનતા, સ્વતંત્ર્યતા, ભાતૃભાવ, સત્ય અને ન્યાયને મહત્વ આપવું.
- આપણી આસપાસના અને વિશ્વના પર્યાવરણની સ્વચ્છતા અને શુદ્ધતાને મહત્વ આપવું.

**ક્રિયાત્મક સબંધી ઉદ્દેશ્યો**

- જળ, વાયુ અને ધ્વનિ પ્રદૂષણ અટકાવવા માટેના કાર્યક્રમોમાં જોડાવું.
- ગ્રામ સફાઈના કાર્યક્રમોમાં જોડાવું.
- સામાજિક અને રાષ્ટ્રિય તહેવારોની ઉજવણી દરમ્યાન વિદ્યાર્થીઓને સમૂહ સફાઈ કરવા તત્પર બનાવવા.
- વૃક્ષારોપણ કાર્યક્રમોમાં જોડાવા વિદ્યાર્થીઓ અને નાગરિકોને જોડાવા પ્રોત્સાહિત કરવા.
- સ્વાસ્થ્ય શિક્ષણનું મહત્વ સમજાવવું.
- શુદ્ધ અને સાત્વિક ખોરાકનું મહત્વ જણાવવું.
- વસતિ શિક્ષણ અને કુટુંબ-નિયોજનના કાર્યક્રમોમાં જોડાવા તૈયાર કરવા.
- પર્યાવરણને ખલેલ ન પહોંચે તેવી જીવનશૈલી વિકસાવવી.

**પર્યાવરણ શિક્ષણનું મહત્વ**

- પર્યાવરણ સભાનતા વિકસાવવી.
- પ્રદૂષણ અટકાવવાની જરૂરીયાત સમજાવવી.
- જનસંખ્યા પર નિયંત્રણ લાવવું.
- નિવસનતંત્રો પરથી સજીવોનું મહત્વ સમજાવવું.
- પૃથ્વીનું નિર્માણ, તેના ભાગો, ખનીજ અને ઉર્જાનું જ્ઞાન આપવા.
- વનસ્પતિઓને માટે જરૂરી પર્યાવરણ, તેની સંરચના, કાર્યપધ્ધતિ, જૈવિક ક્રિયાઓ વગેરેની સમજ આપવા.

**સારાંસ**

રુસોનું સુત્ર હતું "પ્રકૃતિ તરફ પાછા વળો" રુસોના મતે પ્રકૃતિ પોતાના મૂળ સ્વરૂપમાં શુદ્ધ અને કલ્યાણકારી છે. માનવીની પ્રવૃત્તિઓથી તે દૂષિત છે.

અંતમાં મનુષ્યએ પરિશ્રમથી અને બુદ્ધિથી ઘણું બધું મેળવ્યું છે. પરંતુ તેના નકારાત્મક પાસાનો ક્યારેય વિચાર કર્યો નથી. તેણે પ્રકૃત્તિને પોતાના અનુરૂપ ઘડવાની કોશિષ કરી છે અને મહંદ અંશે સફળતા મેળવી છે. અને અનેક નવી સમસ્યાઓને નોતરી છે. દુ:ખદ પરિણામોની શક્યતા વધી છે. માનવી અત્યારે સફાળો નહી ચેતે તો માનવીને ચિતા પણ નસીબમાં રહેશે નહીં. આજ દિન સુધીની શોધોનો વિનાશ થઈ જશે.

• • •


**વિકાસલક્ષી સામાયિક એટલે**

**યોજના**

**યોજના વાંચો,**

**યોજના વંચાવો**

# આપનો મત

✍ ગુલાબચંદ એન. પટેલ

ભારતની ૩૨૯ મે.હેના ભૌગોલિક પ્રદેશમાંથી અંદાજીત ૧૫૮ મે.હે. જેટલો વિસ્તાર ઉજ્જડ છે. જ્યારે ભારતની ૫૦% વસતિ ગરીબ અને ગરીબી રેખા નીચે જીવે છે. ત્યારે અડધા જેટલો વિસ્તાર વેરાન છે. એક લાખ સાઈઠ હજાર કરતાં વધુ ગામડાઓ પીવાના પાણીથી વંચિત છે. ઘણાં ગામડાઓમાં હજુ સુધી પ્રાથમિક આરોગ્યની સગવડ, શૈક્ષણિક સુવિધાઓ અને રસ્તાઓની સગવડ નખી. જ્યારે દેશમાં ૪૦૦ મે.હે. મીટર પાણી મેળવે છે. તે પૈકી ૯.૫% પાણી સિંચાઈ માટે સુલભ છે.

અંદાજીત ૧૨૦૦૦ મે.ટન ફળદ્રુપ જમીન પ્રતિવર્ષ ધોવાણના પરિણામે ખાડીમા વહી જતું હોઈ વિદ્યુત ઉત્પાદન અને તેની સંગ્રહ શક્તિમાં ઘટાડો જોવા મળે છે. જેથી આ ક્ષેત્રે કરવામાં આવેવું મૂડી રોકાણ નિરર્થક નિવડે છે. આ ફળદ્રુપ જમીનના ધોવાણને પરિણામે પ્રતિવર્ષ ૫૦ મિલીયન ટન ખાદ્ય અન્ન ઉત્પાદન કરવામાં નિષ્ફળતા મળે છે. ફળદ્રુપ જમીનના ધોવાણના પરિણામે વનરાજી નાશ પામે છે. એટલે પર્યાવરણની સમતુલા જાળવવા માટે ૧/૩ એરિયા લીલી વનરાઈ થી સજાવી રાખવો જરૂરી છે. વધતી જતી ઈમારતી માંગને પહોંચી વળવા આપણે ૧.૫ મિલીયન હેક્ટર એકરમાં પથરાયેલા વૃક્ષોનું નિકંદન કાઢીએ છીએ. ફક્ત ૧૦% જમીન લીલી વનરાજી થી ઢંકાયેલી છે. તેનાથી પર્યાવરણના માળકાને ગંભીર અસર થાય તેમ છે. એટલા માટે જમીનને ફળદ્રુપ બનાવવા ૧/૩ જમીન વિસ્તાર વનરાઈ થી ઘેરી લેવી જરૂરી છે.

ભુમિ જળ જેવા નૈસર્ગિક સ્રોતો ઉપરાંત માનવ શક્તિ આયોજીત જમીનને ફળદ્રુપ બનાવવા લાખો લોકો માટે રોજગારીની તકો ઉભી કરવા ગામડાઓમાંથી શહેર તરફ રોજગારી માટે ધસતી પ્રજાને રોકવા, પર્યાવરણની સમતુલા જાળવવા આયોજન પૂર્વકનું સંચાલન જરૂરી છે. વનરાઈ સંસ્થા સંકલિત ગ્રામ વિકાસ કાર્યક્રમ હરિયાળુ ભારત બનાવવા જનજાગરણ અભિયાન ચલાવવા માંગે છે.

વનરાઈ એ કોઈ વ્યક્તિ દ્વારા શક્ય નથી. તેને સાકાર કરવા જાગૃત લોકો, ખેડૂતો, ગ્રામ પંચાયત, સહકારી મંડળી, મંડળીઓ, શૈક્ષણિક સંસ્થાઓ અને સ્વૈચ્છીક સંસ્થાઓ ગ્રામ વિકાસ સંસ્થા સાથે મળી કામ કરે તો જ વૃક્ષોની જાળવણી થઈ શકે.

દરેક ગામને સુંદર અને સમૃદ્ધ બનાવવાનો મુખ્ય ઉદ્દેશ વનરાઈનો રહેલો છે. મહારાષ્ટ્રમાં વનરાઈ એ ૧૯૮૩-૮૪ ના વર્ષથી પોતાની પ્રવૃત્તિ શરૂ કરી છે. અને તે ચેરીટેબલ પબ્લિક ટ્રસ્ટ કાયદા અન્વયે નોંધાયેલા છે. વનરાઈમાં દાન આપનારને આવક વેરામાંથી ૧૦૦% મુક્તિ મળે છે. વનરાઈ અપીલ કરે છેકે આર્થિક રીતે મદદ કરી તેને સધ્ધર બનાવી રાષ્ટ્રને ઉત્તમ બનાવવા આગળ આવો. તેના પ્રમુખ મોહન ધારિયા છે. ગુજરાતમાં પણ આ યોજનાનો અમલ કરવો જોઈએ.

• • •

(લેખક શિક્ષણ નિયામક કચેરી, પોરબંદરમાં કાર્યરત છે.)

## અમારા આગામી આકર્ષણો

**વાચક મિત્રો આપ સહુ જાણો છો તેમ "યોજના" દર મહિને ખાસ વિષય પસંદ કરીને એ વિષય સંબંધિત વિશ્લેષણાત્મક, માહિતપ્રદ અને સંશોધનાત્મક લેખો પ્રકાશિત કરે છે. આગામી મહિનાઓમાં પણ એ જ રીતે વિવિધ વિષયોને આવરી લેવાનો પ્રયાસ કરીશું**

| | | |
|---|---|---|
| **ઓક્ટોબર** | **૨૦૦૮** | **મહિલા સશક્તીકરણ** |
| **નવેમ્બર** | **૨૦૦૮** | **બાળકોનો હક્ક પહેલાં** |
| **ડિસેમ્બર** | **૨૦૦૮ (વિશેષાંક)** | **ઇશાન ભારત : અરૂણાચલ પ્રદેશ વિશેષ** |
| **જાન્યુઆરી** | **૨૦૦૯ (વિશેષાંક)** | **જઠરાગ્નિ** |

(વનના હકોની માન્યતા) ધારો, ૨૦૦૬
જંગલ અધિકાર : દંતકથાઓ અને વાસ્તવિકતા
આંતરરાષ્ટ્રીય પરમાણુ ઉર્જા એજન્સી
ઈશ્વરનું ગામ : પેટલી